RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૭ — ગુરૂવાર તા.૦૩-૦૯-૨૦૨૬ — અંક : ૬૩ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# PM મોદી અને ઈરાની પ્રમુખની મુલાકાતથી અમેરિકા નારાજ

## ઈરાન સાથે વેપાર કરનાર કોઈપણ દેશ સામે અમેરિકા કડક પ્રતિબંધો લગાવશે: માર્કો રુબિયો

વોશિંગટન,

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે વિવાદ અને તંગદિલી વચ્ચે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વિશ્વના દેશોને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન પર લાદવામાં આવેલા અમેરિકન પ્રતિબંધોમાંથી તેને બચાવવાનો પ્રયાસ કરનાર કે તેની સાથે વેપાર કરનાર કોઈ પણ દેશ પર ટ્રમ્પ પ્રશાસન કડક પ્રતિબંધો લગાવતા ખચકાશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે થયેલી તાજેતરની બેઠક બાદ આ નિવેદન સામે આવ્યું છે.



બિશકેકમાં જીર્ઝ સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી અને ઈરાની પ્રમુખ પેઝેશ્કિયાન વચ્ચે થયેલી બેઠક અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે હાલ કોઈ નવી ટ્રેડ ડીલ થઈ હોય તેવું તેમને લાગતું નથી. પરંતુ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નીતિ સ્પષ્ટ કરી છે કે કોઈ પણ દેશે ઈરાનને અમેરિકન પ્રતિબંધોથી બચાવવામાં મદદ ન કરવી જોઈએ. અમેરિકન વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે ઈરાન કમાણી કરી શકે અને તે પૈસાનો ઉપયોગ આતંકવાદને પ્રોત્સાહન આપવા કે પરમાણુ હથિયારો બનાવવા માટે કરે તેવી કોઈ વ્યવસ્થા બનાવવામાં કોઈ દેશે મદદ ન કરવી જોઈએ. જો કોઈ દેશ ઈરાન સાથે આવો વેપારી કરાર કરવાનો નિર્ણય કરશે, તો અમેરિકા તે દેશ પર પણ આકરા પ્રતિબંધો લાદવા મજબૂર બનશે.કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં યોજાયેલી 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (જીર્ઝ) પરિષદ દરમિયાન પીએમ મોદી અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની પ્રવર્તમાન પરિસ્થિતિ અને ક્ષેત્રમાં વધી રહેલા વિવાદ પર ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારતનું વલણ પુનરાવર્તિત કરતા કહ્યું હતું કે તમામ વિવાદોનો ઉકેલ યુદ્ધના બદલે માત્ર વાટાઘાટો અને કૂટનીતિ (ડિપ્લોમસી) દ્વારા જ લાવવો જોઈએ. આ ઉપરાંત તેમણે દરિયાઈ વાહતુક અને મુક્ત વેપારની સુરક્ષાનો મુદો પણ ઉઠાવ્યો હતો અને સામાન્ય નાગરિકો તેમજ જહાજો પર કામ કરતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી.

## અમેરિકામાં ફરી લોહિયાળ ખેલ, અંધાધૂંધ ફાયરિંગમાં હુમલાખોર સહિત ૩ના મોત

ન્યૂયોર્ક,

અમેરિકામાં ગન વાયલન્સ (બંદૂક હિંસા) ની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. બુધવારે સાંજે મિનિયાપોલિસ શહેરની એક બહુમાળી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થયો હતો. આ ભયાનક ઘટનામાં હુમલાખોર સહિત કુલ ૩ લોકોના મોત થયા છે, જ્યારે ઘટનાસ્થળે પહોંચેલા ૩ પોલીસ અધિકારીઓ ગોળી વાગવાથી ઘાયલ થયા છે.

મિનિયાપોલિસ પોલીસના જણાવ્યા અનુસાર, સાંજે લગભગ ૪:૩૦ વાગ્યાની આસપાસ ૯૧૧ પર બિલ્ડિંગમાં ગોળીબાર અંગે ઈમરજન્સી કોલ આવ્યો હતો. કોલ મળ્યાના માત્ર ૩ જ મિનિટમાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અધિકારીઓ જ્યારે બિલ્ડિંગમાં દાખલ થયા ત્યારે તેમને ઘાયલ થયેલા લોકો મળ્યા હતા અને ઉપરના માળેથી ફરીથી ગોળીઓ છૂટવાનો અવાજ આવ્યો હતો.

પોલીસ જવાનો જ્યારે અવાજની દિશામાં ઉપરના માળે પહોંચ્યા ત્યારે ત્યાં ધુમાડા જેવું વાતાવરણ હતું, જેના કારણે કાંઈ પણ સ્પષ્ટ દેખાતું નહોતું. ત્યાં બે લોકો ગંભીર રીતે ઘાયલ હાલતમાં પડ્યા હતા. જેમાંથી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજા વ્યક્તિએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. શકમંદ હુમલાખોર પણ મૃત હાલતમાં મળી આવ્યો હતો, પરંતુ તેનું મોત કેવી રીતે થયું તે હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી.

# પંજાબની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ કપાયુ

### રાજ્યસભાના સભ્યપદ સામે સવાલો ઊભા થયા, આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા સાંસદ રાઘવ ચઢ્ઢાએ પંજાબ સરકારને ઘેરી

ચંદીગઢ,

રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે પંજાબની આપ સરકાર હવે બદલાની રાજનીતિને ડ્રાફ્ટ મતદાર યાદી સુધી લઈ આવી છે.તેમણે ઉમેર્યું કે,હું પંજાબથી રાજ્યસભાનો વર્તમાન સાંસદ છું અને મારું વોટર આઈડી પંજાબના મોહાલીમાં રજિસ્ટર્ડ છે.

આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા સાંસદ રાઘવ ચઢ્ઢાને મોટો આંચકો લાગ્યો છે.પંજાબમાં ચાલી રહેલા મતદાર યાદીના ખાસ સુધારણા કાર્યક્રમ દરમિયાન રાઘવ ચઢ્ઢાનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી કાપી નાંખવામાં આવ્યું છે. ચૂંટણી પંચે આ કાર્યવાહી પાછળનું કારણ પણ સ્પષ્ટ કર્યું છે. જોકે,આ સમગ્ર મામલે રાઘવ ચઢ્ઢાએ વાંધો ઉઠાવ્યો છે.આ કાર્યવાહી સામે સવાલો ઉઠાવીને તેમણે પંજાબ સરકારને ઘેરી છે.

પંજાબમાં મતદાર યાદીની ખાસ ગહન સુધારણા ઝુંબેશ ૨૫ જૂન ૨૦૨૬થી શરૂ કરવામાં આવી હતી.રાજ્યમાં લગભગ ૨૩ વર્ષ બાદ આ પ્રક્રિયા ફરી શરૂ થઈ છે જેનો મુખ્ય હેતુ ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં મતદાર યાદીને સંપૂર્ણપણે સુધારવા અને અપડેટ કરવાનો છે.આ પ્રક્રિયા દરમિયાન સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે.ચૂંટણી પંચની પ્રક્રિયા અનુસાર રાઘવ ચઢ્ઢાનું નામ ASSD કેટેગરીમાં નોંધવામાં આવ્યું છે.ASSD એટલે કે ગેરહાજર, સ્થળાંતરિત.તેમના કિસ્સામાં આ સ્ટેટસ કાયમી ધોરણે સ્થળાંતરિત દર્શાવવામાં આવ્યું છે.આ મામલે રાઘવ ચઢ્ઢાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે પંજાબની આપ સરકાર હવે બદલાની રાજનીતિને ડ્રાફ્ટ મતદાર યાદી સુધી લઈ આવી છે.તેમણે ઉમેર્યું કે,હું પંજાબથી રાજ્યસભાનો વર્તમાન સાંસદ છું અને મારું વોટર આઈડી પંજાબના મોહાલીમાં રજિસ્ટર્ડ છે.છતાં પણ ડ્રાફ્ટ મતદાર યાદીમાં મારું નામ શિફ્ટેડ દર્શાવવામાં આવ્યું છે.

# નેપાળ પૂર પ્રકોપમાં ૧૨૦૦થી વધુ લોકોના મોત

### ૪૦૦૦થી વધુ હજુ લાપતા, . નેપાળે આંતરરાષ્ટ્રીય સ્તરે 'ક્લાઈમેટ જસ્ટિસ'ની માંગ કરી

કાઠમંડુ,

નેપાળ અને તિબેટ સરહદે આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનને કારણે નેપાળમાં ભારે તારાજી સર્જાઈ છે. આ ભયાનક હોનારતમાં અત્યાર સુધીમાં ૧૨૦૦થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૪૦૦૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે. કાટમાળ વચ્ચે સેના, પોલીસ અને સ્થાનિકો પોતાના ગુમ થયેલા સ્વજનોને શોધવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે.

રાજધાની કાઠમંડુની સૌથી મોટી ત્રિભુવન હોસ્પિટલ બહાર અત્યંત કરુણ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હોસ્પિટલની દીવાલો અને દોરડા પર લાપતા લોકોના ફોટોગ્રાફ્સ લગાડવામાં આવ્યા છે.



પૂરના એક અઠવાડિયા પછી પણ સ્થિતિ એટલી વિકટ છે કે તબીબો માટે મૃતદેહોના ફિંગરપ્રિન્ટ્સ કે ઓળખચિહ્નો લેવા મુશ્કેલ બની રહ્યા છે. એકલી ત્રિભુવન હોસ્પિટલમાં જ ૧૬૧થી વધુ એવા મૃતદેહો છે જેની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.

નેપાળ મુખ્યત્વે હિંદુ બહુમતી ધરાવતો દેશ હોવાથી સામાન્ય રીતે અગ્નિસંસ્કારની પરંપરા છે, પરંતુ ચેપ અને રોગચાળો ફેલાતો અટકાવવા માટે કાઠમંડુના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ જિલ્લાઓમાં મૃતદેહોને અસ્થાયી રૂપે દફનાવવામાં આવી રહ્યા છે. ભવિષ્યમાં ડીએનએ (ઢદ્ગછ) મેચિંગ માટે ચિતવન જેવા જિલ્લાઓમાં દોઢ મીટર ઊંડા ખાડા ખોદીને ચોક્કસ નંબર સાથે મૃતદેહો દફનાવાયા છે.

આ ભયાનક હોનારત વચ્ચે નેપાળે આંતરરાષ્ટ્રીય સ્તરે અમીર દેશો પાસે 'ક્લાઈમેટ જસ્ટિસ' (આબોહવાકીય ન્યાય) ની માગણી તેજ કરી છે. નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેમનો દેશ એવા વૈશ્વિક સંકટ (ગ્લોબલ વોર્મિંગ) ની ભારે કિંમત ચૂકવી રહ્યો છે જે તેમણે પોતે સરજાવ્યું જ નથી. વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં નેપાળ હિસ્સો નગણ્ય છે, જ્યારે ચીન, અમેરિકા અને ભારત જેવા મોટા દેશો આ માટે મુખ્યત્વે જવાબદાર છે.



ભારત-પ્રશાસિત જમ્મુ અને કાશ્મીર પ્રાદેશિક સરકાર દ્વારા વીજળી, પીવાના પાણી, રસ્તા અને રોજગાર અંગેની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળતા સામે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે

## ગુજરાતી સંગીતના શિખર પુરુષ ગૌરાંગ વ્યાસનું નિધન

અમદાવાદ,

ગુજરાતી ફિલ્મ સંગીત, લોકસંગીત અને સુગમ સંગીતના શિખર સમાન દિગ્ગજ સંગીતકાર, સ્વરનિયોજક અને ગાયક ગૌરાંગ વ્યાસનું અમદાવાદ ખાતે ૮૭ વર્ષની વયે મોડી રાત્રે નિધન થયું છે.

૨૪ નવેમ્બર, ૧૯૩૮ના રોજ મુંબઈમાં જન્મેલા પદ્મશ્રી અવિનાશ વ્યાસના પુત્ર ગૌરાંગ વ્યાસે પોતાની અનોખી અને પ્રયોગશીલ સંગીત શૈલીથી ગુજરાતી સંગીતજગતને સમૃદ્ધ બનાવ્યું હતું. તેમના અવસાનથી સમગ્ર કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે અને સંગીતનો એક વિરાટ સુવર્ણ યુગ અસ્ત થયો છે.

વર્ષ ૧૯૬૭માં અમદાવાદ ખાતે નયનાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયેલા ગૌરાંગ વ્યાસની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન આંબાવાડીના મોરેના એપાર્ટમેન્ટ, હીરાબાગ ક્રોસિંગ પાસેથી સવારે ૧૧:૩૦ વાગ્યે નીકળશે. તેમના અવસાનથી સ્થાનિક કલાકારો, ગાયકો, નિર્માતાઓ અને સંગીતપ્રેમીઓએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

## રશિયા ભારતને ક્રૂડ ઓઈલ આપવામાં મોખરે

### LPG અને LNG સપ્લાયરોમાં અમેરિકા નંબર-૧ રહ્યું

વોશિંગટ,

ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ભારતની ઊર્જા આયાતના આંકડાઓમાં એક અગત્યનો અને રસપ્રદ વ્યૂહાત્મક બદલાવ જોવા મળ્યો છે. પશ્ચિમી દેશોના કડક પ્રતિબંધો અને વૈશ્વિક દબાણ હોવા છતાં, ભારતીય રિફાઈનરીઓ માટે રશિયા ક્રૂડ ઓઈલની સપ્લાય કરનારો સૌથી મોટો દેશ બની રહ્યો છે. જોકે, ચીન દ્વારા રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી અને રશિયા તરફથી મળતા ડિસ્કાઉન્ટમાં ઘટાડો થવાને કારણે, આ મહિને ભારતની કુલ રશિયન ઓઈલ આયાતમાં સામાન્ય ઘટાડો ચોક્કસપણે નોંધાયો છે.બીજી તરફ, યુક્રેનના હુમલાઓના કારણે રશિયાની ઘરઆંગણાની રિફાઈનરીઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ સ્થિતિના કારણે એક અનોખી વેપારી ઘટના સામે આવી છે, જેમાં ભારત, તૂર્કીયે અને મોરક્કો સાથે મળીને રશિયાને જ પેટ્રોલ (ગેસોલીન) અને ડીઝલની નિકાસ કરનારા પ્રમુખ દેશોમાં સામેલ થઈ ગયું છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવ અને હોર્મુજ સ્ટ્રેટમાં જહાજોની અવરજવરમાં આવી રહેલી અડચણો વચ્ચે ભારતે પોતાની ગેસ આયાત વ્યૂહનીતિમાં ફેરફાર કર્યા છે. આ કારણે હવે અમેરિકા ભારતને LPG અને LNG સપ્લાય કરનારો સૌથી મોટો ભાગીદાર બનીને ઉભર્યો છે. ઓગસ્ટ મહિના દરમિયાન ભારત દ્વારા આયાત કરવામાં આવેલી કુલ ૧૧ લાખ (૧.૧ મિલિયન) ટન એલપીજીમાંથી એકલા અમેરિકાનો હિસ્સો જ લગભગ ૫૧ ટકા (૦.૬ મિલિયન ટન) રહ્યો હતો. અખાતી દેશો પર નિર્ભરતા ઘટતા અમેરિકા બાદ સંયુક્ત અરબ એમિરેટ્સ(UAE) અને અલ્જીરિયા અનુક્રમે ૦.૧ મિલિયન ટન સાથે અન્ય મુખ્ય સપ્લાયર રહ્યા હતા.

# રામ મંદિર ટ્રસ્ટના CEO તરીકે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની નિમણૂક

### ઓપરેશન સિંદૂર અને કારગિલ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી : વહીવટી ફેરબદલના ભાગરૂપે ટ્રસ્ટમાં ત્રણ નવા ટ્રસ્ટીઓ પણ ઉમેરાયા : દિલ્હીના મહેશ ભાગચંદકા, અયોધ્યાના મદન મોહન પાંડે અને શિકોહાબાદના નિર્મલા યાદવ ટ્રસ્ટી બન્યા

લખનૌ,

અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓના નામ અંગે મહત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓ બનશે. નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાએ પશ્ચિમ વાયુસેના કમાન્ડના વડા તરીકે સેવા આપી હતી.

તેમણે ઓપરેશન સિંદૂર અને કારગિલ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જિતેન્દ્ર મિશ્રા ૩૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થયા. તેમને સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ પણ એનાયત કરવામાં આવ્યો છે. જિતેન્દ્ર મિશ્રા દેવરિયાના રહેવાસી છે.

બુધવારે અયોધ્યામાં મણિરામદાસ છાવણી ખાતે મહંત નૃત્ય ગોપાલદાસની અધ્યક્ષતામાં મળેલી ટ્રસ્ટની બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. બેઠકમાં ટ્રસ્ટના મુખ્ય અધિકારીઓ તેમજ આમંત્રિત સભ્યોએ હાજરી આપી હતી. ટ્રસ્ટની બેઠકમાં ત્રણ નવા સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી



હતી. નવા નિયુક્ત કરાયેલા સભ્યોમાં અયોધ્યાના મદન મોહન પાંડે, દિલ્હીના મહેશ ભાગચંદકા અને અયોધ્યાના નિર્મલા યાદવનો સમાવેશ થાય છે.ટ્રસ્ટે એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને મંદિરના પ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે.

રામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને કાયમી સભ્યો: કે. પરાસરન: સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને ટ્રસ્ટના સ્થાપક સભ્ય,મહંત નૃત્ય ગોપાલ દાસ: પ્રમુખ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ.,સ્વામી ગોવિંદ દેવ ગિરીજી મહારાજ: ખજાનચી.,કૃષ્ણ મોહન: વચગાળાના જનરલ સેક્રેટરી., જગતગુરુ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજ: સભ્ય (પ્રયાગરાજ).,જગતગુરુ મધ્વાચાર્ય સ્વામી વિશ્વપ્રસન્ન તીર્થ જી મહારાજ: સભ્ય (પેજાવર મઠ, ઉડુપી)., યુગપુરુષ પરમાનંદ જી મહારાજ: સભ્ય (હરિદ્વાર).,મહંત દિનેન્દ્ર દાસ: સભ્ય (નિર્મોહી અખાડાના પ્રતિનિધિ).,નિર્મલા યાદવ: નવી મહિલા ટ્રસ્ટી (શિકોહાબાદ)., મદન મોહન પાંડે: નવા ટ્રસ્ટી (અયોધ્યાના વરિષ્ઠ વકીલ)., મહેશ ભાગચંદકા: નવા ટ્રસ્ટી (દિલ્હી) છે

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
FIXED DEPOSIT ના
નવા આકર્ષક વ્યાજદર
વ્યાજદર ૭.૭૫ %
૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી
સિનીયર સીટીઝન તેમજ બલ્ક ડિપોઝિટ માટે
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક — સહકારથી સમૃદ્ધિ

# રાજ્યના પવિત્ર યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટે મહત્વના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

## વિવિધ જિલ્લાઓમાં આવેલા ૧૦ ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો ખાતે ખાસ યાત્રાળુ સુવિધાઓ અને નવનિર્માણ કાર્યો હાથ ધરાશે

ગાંધીનગર,

રાજ્યના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળોના સુવ્યવસ્થિત વિકાસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર સતત કાર્યરત છે. આ અંતર્ગત રાજ્યના પવિત્ર યાત્રાધામો અને પ્રવાસન સ્થળો ખાતે દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવાના હેતુથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા રાજ્યભરના વિવિધ ૧૦ મહત્વના વિકાસ પ્રોજેક્ટ્સ માટે કરોડો રૂપિયાના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મંજૂર કરવામાં આવેલા વિકાસ કાર્યોની વિગતઃ-

અનલગઢ કિલ્લો અને મહાકાળી માતાજી મંદિર, ગોંડલ (જિ. રાજકોટ):-

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકા ખાતે આવેલા ઐતિહાસિક અનલગઢ કિલ્લા તેમજ મહાકાળી માતાજીના મંદિરની આજુબાજુના પરિસરના વિકાસ માટે રૂ. ૫.૦૬ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

મહીસાગર નદી કિનારે ઘાટ વિકાસ, ભાદરવા (જિ. વડોદરા):-

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા ખાતે ચેહર માતા મંદિર પાસે મહીસાગર નદી કિનારે ઘાટ નિર્માણ, વોક-વે, પેવર બ્લોક, રેલિંગ અને લેન્ડસ્કેપિંગ સહિતની પાયાની સુવિધાઓ ઉભી કરવા અર્થે રૂ. ૩.૩૧ કરોડની રકમની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

ગોવર્ધન પર્વત ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, અંજાર (જિ. કચ્છ):-

કચ્છ જિલ્લાના અંજાર ખાતે પ્રવાસનને વેગ આપવા 'ડેવલપમેન્ટ ઓફ ગોવર્ધન પર્વત' ની મહત્વકાંક્ષી કામગીરી માટે રૂ. ૧૨.૯૮ કરોડના વિકાસ કામોને મંજૂરી અપાઈ છે.

મહાકાળી માતાજી મંદિર (મીની પાવાગઢ), ઉમરેચા (જિ. મહેસાણા):-

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ઉમરેચા ગામ ખાતે આવેલા મહાકાળી માતાજી મંદિર ખાતે યાત્રાળુઓની સુવિધા અને સલામતી માટે હાઈ માસ્ટ પોલ, સ્ટ્રીટ લાઈટ પોલ, લાઈટિંગ વાયરિંગ, ઓપન ડ્રેનેજ તથા કર્બ બીમ જેવા પાયાના કામો માટે રૂ. ૫૦ લાખની મંજૂરી આપવામાં આવી છે.

ગોરા રામજી મંદિર, ધરમપુર (જિ. વલસાડ):-

વલસાડના ધરમપુર સ્થિત ગોરા રામજી મંદિરના પ્રથમ માળ અને છતના રિપેરિંગ, પ્લાસ્ટર, કલર કામ, જી.શીટ તેમજ ફ્લોરિંગ સહિતના સમારકામ માટે ટેક્સ સાથે રૂ. ૧૮.૯૧ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

ઉનાઈ માતાજી મંદિર સંકુલ વિકાસ, વાંસદા (જિ. નવસારી):-

નવસારી જિલ્લાના વાંસદા ખાતે આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં રામચંદ્રજી મંદિર, હનુમાનજી મંદિર, પ્રદક્ષિણા પથ, એન્ટ્રન્સ ગેટ, લેન્ડસ્કેપિંગ, કમ્પાઉન્ડ વોલ, સમ્પ, કલ્ચરલ હોલ, ભોજનાલય અને લાયબ્રેરી સહિતના સર્વાંગી વિકાસ કામો માટે રૂ. ૫.૦૩ કરોડની મંજૂરી અપાઈ છે.

# ભલામણો કાગળ પર ન રહેતા જમીની સ્તરે અમલી બને તે જરૂરીઃ આરોગ્ય મંત્રી

## દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદની ભલામણોના ઝડપી અમલીકરણ માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ



ગાંધીનગર,

રાજ્યમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવી છેવાડાના નાગરિકો સુધી તેનો લાભ પહોંચાડવાના હેતુથી આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે 'દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદ' ના એક્શન પ્લાન બનાવવા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તા. ૨૪મી માર્ચ, ૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની દ્વિતીય પરિષદ દરમિયાન રજૂ કરાયેલી ૨૬ મુખ્ય ભલામણોના ત્વરિત અમલીકરણ પર ભાર મૂકાયો હતો. પરિષદમાં ખાસ કરીને ચેપી રોગોના નિયંત્રણ, માતા અને બાળ આરોગ્ય તેમજ માનસિક સ્વાસ્થ્યને લગતી ભલામણો પર પ્રાથમિકતાના ધોરણે કામગીરી કરવા મંત્રીશ્રીએ અધિકારીઓને આદેશ આપ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આ ભલામણો માત્ર કાગળ પર ન રહેતા ચોક્કસ એક્શન પ્લાન દ્વારા પાયાના સ્તરે પરિણામલક્ષી રીતે અમલી બને તે અત્યંત જરૂરી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. શ્રી પ્રફુલ પાનશેરીયાએ 'દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદ'ની વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ક્ષયના દર્દીઓની દવાઓની નિયમિતતા જાળવીને તાલુકા અને જિલ્લાઓને 'ક્ષય મુક્ત' બનાવવાનો લક્ષ્યાંક રાખવા મીટીંગ દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી.

# સ્પા-કૂટણખાનામાંથી પકડાયેલા ગ્રાહક સામે કેસ ન કરી શકાય- ગુજરાત હાઈકોર્ટનો મોટો ચુકાદો

## ગ્રાહક સામે માત્ર તેની હાજરીના આધારે કોઈ પણ ગુનાહિત કેસ ચલાવી શકાય નહીં

અમદાવાદ,


ગુજરાત હાઈકોર્ટે સ્પા અને કૂટણખાના (વેશ્યાગૃહ) પર થતા પોલીસ દરોડા મામલે એક અત્યંત મહત્વનો અને મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આવા સ્થળો પરથી પકડાયેલા ગ્રાહક સામે માત્ર તેની હાજરીના આધારે ગુનાહિત કેસ ચલાવી શકાય નહીં.

હાઈકોર્ટે નોંધ્યું કે સ્પા કે કૂટણખાનામાં ગયેલો ગ્રાહક માત્ર ત્યાં નાણાં ચૂકવીને પોતાના અંગત સંતોષ માટે સેવા લેવા જાય છે. ગ્રાહક વેશ્યાવૃત્તિના વ્યવસાયમાંથી કોઈ કમાણી કરતો નથી કે તે જગ્યાના સંચાલન કે માલિકી સાથે જોડાયેલો હોતો નથી. ગ્રાહક તરીકે અટકાયત કરેલા અરજદારે કોર્ટમાં કરી ક્વોશિંગ પિટિશન હતી જેની પર સુનાવણી કરતા હાઈકોર્ટે આવો ચુકાદો જાહેર કર્યો હતો.

ગુજરાત હાઈકોર્ટે સુરતના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આવી જ એક FIR, પોલીસ ચાર્જશીટ અને નીચલી કોર્ટમાં ચાલતી ફોજદારી કાર્યવાહીને કાયદાકીય રીતે અયોગ્ય ગણાવીને સંપૂર્ણપણે રદ કરવાનો હુકમ કર્યો છે. ભારતીય કાયદા મુજબ, વેશ્યાગૃહ ચલાવવું, તેનાથી કમાણી કરવી અથવા કોઈ યુવતીને આ ધંધામાં બળજબરીથી ધકેલવી એ ગુનો છે.પરંતુ, આ કાયદો મુખ્યત્વે દલાલો, સંચાલકો અને માલિકોને સજા આપવા માટે છે, નહીં કે ત્યાં માત્ર ગ્રાહક તરીકે જનાર વ્યક્તિનો કોઈ ગુનો બનતો નથી.

# ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પીવાના પાણી અને પૂરતા ઘાસચારાની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા તંત્ર સજ્જ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી કેબિનેટની બેઠક



ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બુધવારે ગાંધીનગર ખાતે કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પત્રકારોને સંબોધિત કરતા બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને રાજ્યની આર્થિક પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં કચ્છ, જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના જિલ્લામાં આ વર્ષે થયેલા ઓછા વરસાદની સ્થિતિની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. આ વિસ્તારોમાં પીવાના પાણી અને ઘાસચારાની અછત ન સર્જાય તે માટે તમામ વિભાગોને કડક સૂચના આપવામાં આવી છે. આ જિલ્લાઓની સ્થિતિની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરવા માટે પ્રભારી મંત્રીશ્રીઓને વિશેષ સૂચના આપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં આર્થિક પડકારો હોવા છતાં ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૭.૮ ટકા રહ્યો છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ દર્શાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ નાગરિકોના હિતમાં જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં ગુજરાતમાં જીએસટી સંગ્રહમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં ગયા મહિને ગુજરાતનો જીએસટી ગ્રોથ ૨૦ ટકા હતો, જે આ મહિને વધીને ૨૮ ટકાએ પહોંચ્યો છે.

તેમણે ગુજરાતના બંદરો પર કાર્ગો હેન્ડલિંગમાં થયેલા અભૂતપૂર્વ વધારાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં રાજ્યના બંદરોની સમીક્ષા દરમિયાન જાણવા મળ્યું છે કે માત્ર એક જ પોર્ટ દ્વારા ૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યો છે, જે સવા ગણો વધારો દર્શાવે છે. બંદરો પર કાર્ગો હેન્ડલિંગના વધેલા આંકડા સ્પષ્ટ કરે છે કે ગુજરાતનું મેન્યુફેક્ચરિંગ આઉટપુટ વધ્યું છે અને રાજ્યમાંથી નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે.

# અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રીક્ષામાં મુસાફરને બેસાડી લૂંટ કરનાર આરોપી ઝડપાયો



અમદાવાદ,

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રિક્ષામાં મુસાફરને બેસાડી તેની નજર ચૂકવી લૂંટ ચલાવનાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી સદ્દામ પઠાણને ઝોન-૭ એલસીબીની ટીમે ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વેજલપુર વિસ્તારમાં રિક્ષામાં પેસેન્જરને બેસાડ્યા બાદ તેની નજર ચૂકવી લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ઘટનાને પગલે આરોપી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

ઝોન-૭ એલસીબીની ટીમે તપાસ હાથ ધરીને વોન્ટેડ આરોપી સદ્દામ પઠાણને ઝડપી લીધો હતો. આરોપીની ધરપકડ બાદ તેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

પોલીસ તપાસ દરમિયાન આરોપી સદ્દામ પઠાણ દ્વારા મહેસાણા વિસ્તારમાં પણ રિક્ષામાં પેસેન્જરને બેસાડી લૂંટ કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. આથી પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.

પ્રાથમિક તપાસમાં આરોપી વિરુદ્ધ એક કરતાં વધુ ગુનાઓમાં સંડોવણી સામે આવતા પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# ભારતીય પેરા તીરંદાજો અમદાવાદમાં વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ભાગ લેવા માટે સજ્જ

ગાંધીનગર,

૨૯ સભ્યોની ભારતીય પેરા આર્ચરી ટુકડી ૫-૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ (અમદાવાદમાં) ખાતે યોજાનારી આગામી અમદાવાદ ૨૦૨૬ હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝમાં ભાગ લેવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

તેમની તૈયારીઓના ભાગરૂપે, આ ટુકડીએ ૨૩ ઓગસ્ટ થી ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCoE), ગાંધીનગર ખાતે તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો.

આ પ્રથમ વખત બનશે જ્યારે ભારત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝનું આયોજન કરશે. આ ટુર્નામેન્ટમાં ચીન, કોરિયા, ઈરાન, ફ્રાન્સ, જર્મની, યુએસએ અને કેનેડા સહિત કુલ ૨૦ દેશો ભાગ લેશે.

વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ સ્ટેજ ૧ એપ્રિલ ૨૦૨૬ માં બેંગકોક, થાઈલેન્ડમાં આયોજિત થઈ હતી, જ્યાં ભારતીય તીરંદાજોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું (જેમાં પાયલ નાગ દ્વારા ગોલ્ડ મેડલ જીતવાનો સમાવેશ થાય છે), સ્ટેજ ૨ જૂન ૩૦ થી જુલાઈ ૪, ૨૦૨૬ દરમિયાન ચિકિયા (ચેકિયા) માં યોજાયો હતો. અમદાવાદમાં યોજાનારી સ્પર્ધા સ્ટેજ ૩ હશે, અને સ્ટેજ ૪ ઓક્ટોબર ૨૦૨૬ માં સેન્ટિયાગો, ચિલીમાં રમાશે.

અમદાવાદ ૨૦૨૬ હ્યુન્ડાઈ વર્લ્ડ પેરા સિરીઝમાં ૪ વિભાગો સામેલ હશે - રીકર્વ, કમ્પાઉન્ડ, ઉ૧ અને ફૈં.

ભારતીય ટુકડીમાં પેરિસ પેરાલિમ્પિક્સના મેડલ વિજેતાઓ શીતલ દેવી, રાકેશ કુમાર, હરવિંદર સિંહ, વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝના મેડલ વિજેતા શ્યામ સુંદર સ્વામી, વર્લ્ડ ચેમ્પિયનશિપના મેડલ વિજેતા તોમન કુમાર સહિત અન્ય ખેલાડીઓ સામેલ છે.

જીછૈં મીડિયા સાથે વાત કરતા પેરા આર્ચરી ટીમના કોચ કમ મેનેજર સુરેન્દર સિંહ રંધાવાએ જણાવ્યું હતું કે, "આ એક મહત્વપૂર્ણ રેક્રિંગ ટુર્નામેન્ટ છે, તે એક વૈશ્વિક ટુર્નામેન્ટ છે તેથી વિશ્વની શ્રેષ્ઠ પ્રતિભા અહીં ભાગ લેવા માટે ઉપસ્થિત રહેશે, એશિયન ગેમ્સની બરાબર પહેલાં યોજાઈ રહી હોવાથી આ ઈવેન્ટનું મહત્વ વધુ વધી જાય છે."

# અમદાવાદમાં મોડી રાત સુધી થતા ઘોંઘાટથી નાગરિકો પરેશાન :૧૦ મહિનામાં ૧૭,૦૫૦ ફરિયાદો

## કેટલાક રહેણાંકી વિસ્તારોમાં અવાજનું સ્તર મંજૂર મર્યાદા કરતાં વધુ હોવાની ફરિયાદો

અમદાવાદ,

અમદાવાદમાં મોડી રાત સુધી થતા ઘોંઘાટથી નાગરિકોની પરેશાની વધી રહી છે. છેલ્લા ૧૦ મહિનામાં ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન પર અવાજ પ્રદૂષણ અંગે ૧૭,૦૫૦ ફરિયાદો નોંધાઈ છે. આ પ્રમાણે શહેરમાં દરરોજ સરેરાશ ૫૫થી વધુ ઈમરજન્સી કોલ અવાજની સમસ્યા અંગે આવી રહ્યા છે. નાગરિકોનો આક્ષેપ છે કે રાત્રે ૧૦ વાગ્યા બાદ પણ પાર્ટી પ્લોટ, ડીજે સાઉન્ડ સિસ્ટમ અને કેટલાક ઔદ્યોગિક એકમોમાંથી આવતા અવાજને કારણે ઊંઘમાં ખલેલ પડે છે. કેટલાક રહેણાંક વિસ્તારોમાં અવાજનું સ્તર મંજૂર મર્યાદા કરતાં નોંધપાત્ર રીતે વધુ હોવાની ફરિયાદો પણ સામે આવી છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં સિંધુ ભવન રોડ, એસજી હાઈવે, બોડકદેવ, સેટેલાઈટ, વસ્ત્રાપુર અને પ્રહલાદનગર જેવા વિસ્તારોમાં પાર્ટી પ્લોટ, ક્લબ અને ઓપન-એર કેફેમાંથી મોડી રાત સુધી અવાજ આવતો હોવાની ફરિયાદો છે. પૂર્વ વિસ્તારમાં બાપુનગર, નિકોલ, ઓઢવ, નરોડા, અમરાઈવાડી અને વટવામાં સરઘસ, ઉત્સવો અને ઔદ્યોગિક એકમોના અવાજ અંગે ફરિયાદો નોંધાઈ રહી છે. વટવા જીઆઈડીસી, નરોડા જીઆઈડીસી, ઓઢવ જીઆઈડીસી, ચાંગોદર અને કઠવાડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ભારે મશીનરી, રાત્રિના લોડિંગ-અનલોડિંગ અને ભારે વાહનોના અવાજને લઈને નાગરિકો પરેશાન છે.

# વડોદરા મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાના નામે ૫૫ લાખની છેતરપિંડી : ૫ સામે ફરિયાદ




વડોદરા,

વડોદરા શહેરમાં મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની લાલચ આપીને વિદ્યાર્થીના પિતા પાસેથી રૂ.૫૫ લાખ પડાવી લીધાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આરોપીઓએ એડમિશનની ખાતરી આપી શરૂઆતમાં બેંક મારફતે રૂ.૧૦ લાખ લીધા હતા, જ્યારે ત્યારબાદ રૂ.૪૫ લાખ રોકડા મેળવ્યા હતા. જોકે, પૈસા લીધા બાદ વિદ્યાર્થીને મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવવામાં આવ્યો નહોતો. નાણાં પરત માંગતા આરોપીઓએ આપેલા ચેક પણ બાઉન્સ થતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

સુભાનપુરાના અમૃતા પાર્કમાં રહેતા ૫૬ વર્ષીય દિક્ષીત મુકેશકુમાર સુરેન્દ્રભાઈએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના પુત્ર શિવાંગે ધોરણ-૧૨ સાયન્સ પૂર્ણ કર્યું હતું અને તેને મેડિકલ ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરાવવાની ઈચ્છા હતી. આ દરમિયાન મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાની જાહેરાત અંગે માહિતી મળતા એપ્રિલ ૨૦૧૯માં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યો હતો.

ફરિયાદ મુજબ, અજીતેષકુમાર સારંગી સહિતના લોકોએ શિવાંગને મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવવાની ખાતરી આપી હતી. સમગ્ર પ્રક્રિયા માટે આશરે રૂ.૬૦ લાખનો ખર્ચ થશે તેમ કહી શરૂઆતમાં રૂ.૧૦ લાખ માંગવામાં આવ્યા હતા. ફરિયાદીએ યુનિયન બેંકના ત્રણ ચેક દ્વારા કુલ રૂ.૧૦ લાખ 'ઓરબીટલ કેરિયર'ના ખાતામાં જમા કરાવ્યા હતા. આરોપીઓએ એડમિશનની કાર્યવાહી શરૂ થઈ હોવાનું જણાવી મોબાઈલમાં કેટલાક દસ્તાવેજો અને લેટર પણ બતાવ્યા હતા. ત્યારબાદ મે-જૂન ૨૦૧૯ દરમિયાન દ્દઈઈ્‌ની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું કહી વધુ રૂ.૪૫ લાખ રોકડા તૈયાર રાખવા જણાવ્યું હતું. ફરિયાદીએ આ રકમ પણ આરોપીઓને આપી હતી. આમ કુલ રૂ.૫૫ લાખ ચૂકવવામાં આવ્યા હતા.

# નકલી અને ગેરકાયદેસર દવાઓ સામે રાજ્યમાં 'ઝીરો ટોલરન્સ' નીતિ : ૫૦ દવા પેઢીઓના પરવાના રદ

## નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સ્પષ્ટ સૂચના

ગાંધીનગર,

ગાંધીનગર સચિવાલય ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં હાથ ધરાયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મંત્રીએ રાજ્યના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે,એફડીસીએ દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસના પરિણામે ગંભીર ક્ષતિઓ જણાયેલી ૫૦ દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરવામાં આવ્યા છે. ઉપરાંત, રિસ્ક બેઝ્‌ડ ઈન્સ્પેક્શન હેઠળ ૨ દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર, ૮ ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગિત તથા ૧૧ દવાઓના બનાવટ ના પરવાના રદ કરવામાં આવ્યા છે. લેબોરેટરીની તપાસમાં અપ્રમાણસર જાહેર થયેલી ૨૦ દવાઓના ઉત્પાદકો સામે કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે રાજ્યમાં તપાસ કરવામાં આવેલા ૪૨ બ્લડ સ્ટોરેજ સેન્ટર્સ પૈકી ૩ને ક્લોઝર ઓર્ડર તથા ૧૨ને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. વધુમાં, ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં કુલ ૫૮૮ દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા.

નશાકારક અને બનાવટી દવાઓના નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ જણાવતા મંત્રી પાનશેરીયાએ જણાવ્યું કે, નશાકારક તથા બનાવટી દવાઓના ગેરકાયદેસર નેટવર્ક સામે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા ખાતેની પેઢીઓ માં એફડીસીએ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત એસ.ઓ.જી. સાથે ની સંયુક્ત તપાસ માં વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે મેડિકલ સ્ટોરની બાજુની દુકાનમાંથી ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવતા ટ્રામાડોલ સહિતના નશાકારક ઈન્જેક્શનનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો અને એનડીપીએસ એસીટી હેઠળ કાર્યવાહી કરવા માં આવી રહી છે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭: ૩ સપ્ટેમ્બરના રોજ મુંબઈના ધ તાજ મહલ પેલેસ ખાતે રોડશોનું આયોજન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોન્સલ જનરલ્સ તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે કરશે સંવાદ

મુંબઈ,

'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2027' માટે નવી દિલ્હીમાં યોજાયેલા સફળ પ્રારંભિક કાર્યક્રમ (કર્ટન રેઝર) બાદ, ગુજરાત સરકાર દ્વારા ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મુંબઈના કોલાબા સ્થિત 'ધ તાજ મહેલ પેલેસ' ખાતે એક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ-શો VGGS ૨૦૨૭ના આયોજન પહેલા વૈશ્વિક રાજદ્વારી અને વ્યાપારી સમુદાય સાથે ગુજરાતના સંપર્ક અને સહયોગને વધુ મજબૂત બનાવશે. કાર્યક્રમના સાંજના સત્રમાં, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિવિધ દેશોના કોન્સ્યુલ જનરલ તથા અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે સંવાદ કરશે અને આગામી સમિટ માટે ગુજરાતના વિઝન તથા ઉપલબ્ધ તકો વિશે માહિતગાર કરશે.

આ કાર્યક્રમની શરૂઆત 'કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી' (CII) ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી આર. મુકુંદનના સ્વાગત પ્રવચન સાથે થશે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ (IMD) ના અધિક મુખ્ય સચિવ ફચ્ચજી ૨૦૨૭ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરશે. અગ્રણી ઉદ્યોગપતિઓ પણ ગુજરાત વિશેના તેમના અનુભવો રજૂ કરશે, અને ત્યારબાદ ગુજરાત સરકારના મુખ્ય સચિવશ્રી સંબોધન કરશે.

રોડ-શો પહેલાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટાટા ટ્રસ્ટ્સ, મહિન્દ્રા ગ્રુપ, AM/NS ઈન્ડિયા, જી્‌ ગ્લોબલ ડેટા સેન્ટર્સ ઈન્ડિયા, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, ASSA ABLOY, સિપ્લા લિમિટેડ, સન ફાર્મા, લાર્સન એન્ડ ટુબ્રો, RPG એન્ટરપ્રાઈઝિસ, પિરામલ ગ્રુપ, કે રહેજા ગ્રુપ, આદિત્ય બિરલા ગ્રુપ, નાયરા એનર્જી લિમિટેડ, કેમટ્રોલ્સ ઈન્ડસ્ટ્રીઝ, લોટે ઈન્ડિયા, સ્વાન કોર્પ, કોલ્ટ ડેટા સેન્ટર હોલ્ડિંગ્સ, બાટલીબોઈ લિમિટેડ, બ્લુ સ્ટાર ઈન્ડિયા, એબોટ ન્યુટ્રિશન, અરબેલે સોલ્યુશન્સ, રોસારી બાયોટેક લિમિટેડ અને ગ્રાઈન્ડવેલ નોર્ટન એન્ડ સેન્ટ-ગોબેન જેવી કંપનીઓ/સંસ્થાઓના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વ્યક્તિગત બેઠકો (વન-ઓન-વન મીટિંગ્સ) પણ યોજશે.

સૌરાષ્ટ્ર આસપાસ

# વિરાસતથી વિકાસ-૨૦૨૬’ લોકમેળાના પ્રથમ દિવસે નેવલ બેન્ડનું પરફોર્મન્સ બન્યું આકર્ષણનું કેન્દ્ર

## નેવલ બેન્ડના ૧૭ જવાનો દ્વારા શાનદાર પ્રસ્તુતિઃ’વંદે માતરમ...’,’તેરી મિટ્ટી...’ સહિતની જુસ્સાદાર ધૂનોએ સમગ્ર મેળાને દેશપ્રેમમાં રંગ્યો



રાજકોટ:રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે આજથી શરૂ થયેલા ‘વિરાસતથી વિકાસ લોકમેળો ૨૦૨૬’માં આજે પ્રથમ દિવસે ભારતીય નેવલ બેન્ડનું પરફોર્મન્સ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. રાજકોટના લોકમેળાના ઈતિહાસમાં પ્રથમ વખત નેવલ બેન્ડ દ્વારા આ સૂરીલી પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેણે સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

પરફોર્મન્સ દરમિયાન નેવીના જવાનોએ ’વંદે માતરમ...’, ’સમુદ્ર દર્શક’, ’દેશ મેરે...’, ’લક્ષ્ય થીમ’ અને ’તેરી મિટ્ટી...’, ‘ફાઈટર થીમ સુજલામ સુફલામ,વંદે માતરમ...’, ‘જય હો’ સહિતની દેશભક્તિની વાદ્ય-ધૂનો પ્રસ્તુત કરી હતી. આ સાથે જ સ્ક્રીન પર ભારતીય નૌ સેનાના શૌર્ય અને પરાક્રમો દર્શાવતી વિશેષ ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

ઈન્ડિયન નેવલ બેન્ડના પ્રોગ્રામનું સંચાલન શ્રી ચિરાગકુમાર જે. શીલુ દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેન્ડમાં ભારતીય નૌકાદળના ૧૭ જવાનો દ્વારા શાનદાર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. દરેક પ્રસ્તુતિને ઉપસ્થિતજનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, ૩ સપ્ટેમ્બરના રોજ સાંજે ૭:૩૦ કલાકે પણ નેવલ બેન્ડની પ્રસ્તુતિ નિહાળી શકશે.

# લોકમેળામાં વિરાસત અને વિકાસની ઝાંખીને કેમેરામાં કેદ કરતા મુલાકાતીઓ



રાજકોટ: રાજકોટ ખાતે આજથી શરૂ થયેલાં લોકમેળામાં માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રસ્તુત "વિરાસતથી વિકાસ" પ્રદર્શનને સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેષ મોડાસિયાના વરદ હસ્તે મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જે રાજકોટવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ પ્રદર્શનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રતિકૃતિ સાથે વિકાસગાથા દર્શાવતું સેલ્ફી ઝોન, કીર્તિ તોરણ, સરકારની સિદ્ધિઓ અને વિરાસતથી વિકાસ દર્શાવતી માહિતી, રાજયનાં વિકાસને દર્શાવતી ફિલ્મ અને લાઈટ બોર્ડ મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અહીં મુલાકાતે આવતા લોકો રાજયની વિરાસત અને વિકાસની ઝાંખીને સ્માર્ટફોનમાં કેદ કરીને સાથે લઈ જઈ રહ્યા છે.

# ૧૮૧ અભયમ-પોલીસની સમજાવટથી પિતા-પુત્રીનું મિલન

રાજકોટઃ નાની ઉંમરે લીધેલા અણસમજુ નિર્ણયો ઘણીવાર આખી જિંદગી પસ્તાવાનો વારો લાવતા હોય છે, પરંતુ જો સમયસર યોગ્ય માર્ગદર્શન મળી જાય તો એક આખી જિંદગી બરબાદ થતાં બચી જાય છે. આવો જ એક કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે, જ્યાં પ્રેમસંબંધ, અભ્યાસ અને લગ્નની મૂંઝવણમાં સોનાની બુટ્ટી વેચી મોબાઈલ ખરીદીને વહેલી સવારે ઘરેથી નીકળી ગયેલી ૧૭ વર્ષીય સગીરાને ૧૮૧ અભયમ, એ-ડિવિઝન પોલીસ સ્ટાફ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે હેમખેમ તેના પિતા સાથે મિલન કરાવ્યું હતું.

મૂળ જેતપુર ગ્રામ્ય વિસ્તારની ૧૭ વર્ષીય સગીરા ધોરણ-૯ પછી અભ્યાસ છોડી ચૂકી હતી. બે મહિના પહેલાં તેની સગાઈ નક્કી થઈ હતી અને ૧૮ વર્ષ પૂરાં થયા પછી લગ્ન કરાવવાની વાતથી તે ભારે માનસિક દબાણમાં હતી. વહેલી સવારે આશરે પાંચ વાગ્યે તે કોઈને કહ્યા વગર ઘરેથી બસ પકડી રાજકોટ પહોંચી ગઈ હતી. રાજકોટ પહોંચી તેણે કાનમાં પહેરેલી સોનાની બુટ્ટી વેચીને એક સાદો મોબાઈલ ફોન ખરીદ્યો અને સીધો ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. સગીરાએ ટીમને જણાવ્યું કે પરિવાર આગળ ભણવા દેતો નથી, જેથી તેને કોઈ આશ્રયસ્થાન કે સંસ્થામાં રહેવું છે.

કોલ મળતાં જ ૧૮૧ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સગીરાને સંભાળી એ-ડિવિઝન પોલીસ મથકે લઈ ગઈ હતી. પોલીસે તુરંત તપાસ શરૂ કરી સગીરાના પિતાનો સંપર્ક કર્યો હતો. બીજી તરફ વહેલી સવારથી લાડકવાયી દીકરી ઘરમાં ન મળતાં ગભરાઈ ગયેલા પિતાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ પણ નોંધાવી દીધી હતી. રાજકોટથી પોલીસનો ફોન આવતાં જ પિતાના જીવમાં જીવ આવ્યો હતો અને તેઓ તાબડતોબ રાજકોટ પહોંચ્યા હતા.

કેસની ગંભીરતાને ધ્યાને લઈ ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમને પણ બોલાવવામાં આવી હતી. પોલીસ મથકમાં સગીરા અને તેના પિતાનું સામસામે કાઉન્સેલિંગ હાથ ધરાયું હતું, જેમાં મામલો કંઈક જુદો જ નીકળ્યો હતો. પિતાએ જણાવ્યું કે, દીકરી શાળાના સમયથી એક યુવકના સંપર્કમાં હતી અને તેની સાથે જ વાતચીત કરતી હોવાથી ભણતર અટકાવવું પડ્યું હતું. પિતાએ સ્પષ્ટતા કરી કે, તેઓ દીકરીની મરજી વિરુદ્ધ કંઈ કરવા માંગતા નહોતા અને ૧૮ વર્ષ પૂર્ણ થયા પછી તેની સંમતિથી જ આગળ વધવાના હતા. આ સાંભળી સગીરા પણ ભાવુક થઈ ગઈ હતી અને તેણે કબૂલ્યું કે, પરિવાર તેને ખૂબ પ્રેમથી રાખે છે, પરંતુ તે પોતાના પ્રેમી સાથે લગ્ન કરવાની જીદ અને મૂંઝવણમાં ઘર છોડીને આવી ગઈ હતી.

૧૮૧ મહિલા હેલ્પલાઈન, એ-ડિવિઝન પોલીસ સ્ટાફ અને ચાઈલ્ડ લાઈનની ટીમે સગીરાને સમજાવ્યું હતું કે, આવેશમાં આવીને ઘર છોડવું કેટલું જોખમી સાબિત થઈ શકે છે. લાંબી સમજાવટ બાદ સગીરાને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે સ્વીકાર્યું હતું કે, ‘‘હવે હું ક્યારેય આવું પગલું નહીં ભરું.’’ પિતાએ પણ દીકરીને કોઈપણ જાતનો ઠપકો આપ્યા વિના હેતથી રાખવાની ખાતરી આપી હતી. ત્રણેય સરકારી સંસ્થાના સંકલનથી એક નિર્દોષ દીકરી ગેરમાર્ગે દોરાતાં બચી ગઈ હતી અને પરિવારે તમામ સ્ટાફનો આભાર માન્યો હતો.

# લોકમેળાના ઉદઘાટન પૂર્વે જ ફૂડ વિભાગની ટીમ ત્રાટકી: બોરીમાંથી ૧૦ કિલો સડેલા બટેટા મળતા નાશ



રાજકોટ:રાજકોટના રેસકોર્સ મેદાનમાં આજથી શરૂ થયેલા લોકમેળામાં પાંચ દિવસ સુધી લોકો જલ્સા કરવાના છે ત્યારે આરોગ્ય સાથે કોઇ ચેડા ન થાય તે માટે ખાણીપીણીની વસ્તુઓ હાઈજેનિક જ વેંચાઇ તે માટે કડક ચેકીંગ કાર્યવાહી મનપાના આરોગ્ય અને ફૂડ વિભાગે શરૂ કરી છે. ઉદઘાટન પૂર્વે આજે સવારે ટીમ મેળામાં પહોંચી હતી અને ફૂડ સ્ટોલનું ચેકીગ કરતા ૧૦ કિલો સડેલા બટેટા મળી આવ્યા હતા.

મનપાની ફૂડ શાખા દ્વારા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ હેઠળ મેળામાં ફૂડનો ધંધો કરતા વ્યવસાયિકો માટે હંગામી ફૂડ રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે ૫૦ જેટલા ફૂડ બિઝનેશ ઓપરેટરોની નોંધણીની કાર્યવાહી ચાલુ છે. સાથોસાથ ફૂડ અધિકારીઓએ જે જે જગ્યાએ ખાણીપીણીનો સામાન આવી ગયો હતો ત્યાં ચેકીંગ કર્યુ હતું. લાઇવ ઢોકળા સહિતના સ્ટોલમાં આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવી હતી. ફૂડ બિઝનેસ ઓપરેટરના રજીસ્ટ્રેશન વખતે વપરાશમાં લેવાતો કાચો માલ તેમજ શાકભાજી અને પેકીંગ ચકાસવામાં આવ્યા હતા. આ દરમિયાન એક સ્ટોલમાં બટેટાની બોરી ખોલીને તપાસ કરવામાં આવતા ૧૦ કિલો સડેલા બટેટાનો નાશ કરવામાં આવ્યો હતો.

લોકમેળામાં ધંધો કરતા તમામ ફૂડ સ્ટોલ ધારકોને કાચો માલ તેમજ પ્રિપેડ ફૂડ તપાસીને સંગ્રહ કરવા બાબતે અને હાઈજેનિક કંડીશન જાળવવા સૂચના આપવામા આવી છે.

લોકમેળાના પાંચે પાંચ દિવસ ફૂડ વિભાગની ટીમ, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા આવી ચકાસણી ચાલુ રાખવામાં આવશે તેમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.આજથી શરૂ થયેલા લોકમેળાના ઉદઘાટન પૂર્વે સવારથી જ મનપાની ફૂડ શાખાએ આરોગ્યલક્ષી ચેકીંગ શરૂ કરી દીધુ હતું. અખાદ્ય બકાલાનો નાશ કરવા સાથે ખાણીપીણીના ધંધાર્થીઓને હંગામી ફૂડ લાયસન્સ આપવા પણ કાર્યવાહી હાથ ધરાઇ છે.

# પશ્ચિમ રેલવે દ્વારા જન્માષ્ટમીના અવસરે અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે



રાજકોટ:પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે રાજકોટ ડિવિઝન સંબંધિત વિવિધ રૂટો પર ૪ જોડી અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧) ટ્રેન નંબર ૦૯૫૨૭/૦૯૫૨૮ રાજકોટ–દ્વારકા–રાજકોટ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન (૧-૧ ફેરો)

ટ્રેન નંબર ૦૯૫૨૭ રાજકોટ-દ્વારકા અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ રાજકોટથી ૦૦:૩૦ વાગ્યે ઊપડીને તે જ દિવસે ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૨૮ દ્વારકા-રાજકોટ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દ્વારકાથી ૦૬:૫૦ વાગ્યે ઊપડીને ૧૨:૦૦ વાગ્યે રાજકોટ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હાપા, જામનગર,કનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનરિઝર્વ્ડ હશે.

૨) ટ્રેન નંબર ૦૯૫૨૨/૦૯૫૨૧ દ્વારકા–ગાંધીનગર કેપિટલ–દ્વારકા અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન (૩-૩ ફેરા)

ટ્રેન નંબર ૦૯૫૨૨ દ્વારકા-ગાંધીનગર કેપિટલ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૩, ૪ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દ્વારકાથી ૦૬:૫૦ વાગ્યે ઊપડીને તે જ દિવસે ૧૭:૦૦ વાગ્યે ગાંધીનગર કેપિટલ પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૨૧ ગાંધીનગર કેપિટલ-દ્વારકા અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૩, ૪ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ગાંધીનગર કેપિટલથી ૨૦:૦૦ વાગ્યે ઊપડીને બીજા દિવસે ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ભાટિયા, ખંભાળિયા,કનાલુસ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર, લખતર, વિરમગામ, આંબલી રોડ અને ચાંદલોડિયા બી કેબિન સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનરિઝર્વ્ડ હશે.

૩) ટ્રેન નંબર ૦૯૫૩૩/૦૯૫૩૪ રાજકોટ–દ્વારકા–રાજકોટ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન (૪-૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૫૩૩ રાજકોટ-દ્વારકા અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૩, ૪, ૫ અને ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ રાજકોટથી ૨૦:૦૦ વાગ્યે ઊપડીને બીજા દિવસે ૦૧:૨૦ વાગ્યે દ્વારકા પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૩૪ દ્વારકા-રાજકોટ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૪, ૫, ૬ અને ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દ્વારકાથી ૦૧:૫૦ વાગ્યે ઊપડીને તે જ દિવસે ૦૬:૨૫ વાગ્યે રાજકોટ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હાપા, જામનગર, કનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનરિઝર્વ્ડ હશે.

૪) ટ્રેન નંબર ૦૯૨૨૮/૦૯૨૨૭ બોટાદ–સુરેન્દ્રનગર–બોટાદ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન (૫-૫ ફેરા)

ટ્રેન નંબર ૦૯૨૨૮ બોટાદ-સુરેન્દ્રનગર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૨, ૩, ૪, ૫ અને ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બોટાદથી ૧૨:૧૦ વાગ્યે ઊપડીને તે જ દિવસે ૧૩:૪૦ વાગ્યે સુરેન્દ્રનગર પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૨૨૭ સુરેન્દ્રનગર-બોટાદ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ૨, ૩, ૪, ૫ અને ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સુરેન્દ્રનગરથી ૧૪:૦૫ વાગ્યે ઊપડીને તે જ દિવસે ૧૫:૪૫ વાગ્યે બોટાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન કુંડલી, રાણપુર, ચુડા, લીંબડી, વઢવાણ સિટી, જોરાવરનગર અને સુરેન્દ્રનગર ગેટ સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનરિઝર્વ્ડ હશે.

# ભગવતીપરા આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર એનાયત




રાજકોટ:ભગવતીપરા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને દ્વઊછ્છજી પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા રાજકોટ શહેરના ભગવતીપરા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને નિયત ગુણવત્તાસભર સેવાઓ માટે ૮૯.૪૩ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું NQAS (National Quality Assurance Standards) પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આ સિદ્ધિ રાજકોટ શહેરની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને કાર્યક્ષમતાના ઉચ્ચ સ્તરને દર્શાવે છે.

રાજકોટ શહેર ના વોર્ડ નં. ૦૪ નાં ભગવતીપરા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરકાર દ્વારા નિયુક્ત ટીમ દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.આ મૂલ્યાંકન તારીખ ૧૭ તેમજ ૧૮ એપ્રિલ ૨૦૨૬ બે દિવસ દરમિયાન કરવામાં આવેલ .આ મૂલ્યાંકન કરવા માટે NQAS ની ટીમ માં રાષ્ટ્રીય કક્ષાના સમીક્ષકો ડૉ.સૌરભ મંડવારીયા (મધ્યપ્રદેશ) તેમજ ડૉ. સ્મિતકુમાર સરકાર (બિહાર) દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ જેમાં પ્રાથમિક આરોગ્ય ચકાસણીની કામગીરી તેમજ જરૂરી તમામ માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. કેન્દ્ર ખાતે સગર્ભા મહિલાઓ માટે સક્રિય દેખરેખ સહિત જરૂરી માતૃત્વ સંબંધિત સેવાઓ, બાળકોના સંપૂર્ણ વિકાસ માટે જરૂરી આરોગ્ય સેવાઓ, ચેપી અને બિનચેપી રોગોના નિદાન અને સારવાર, ઈમરજન્સી આરોગ્ય સેવાઓ, શાળાના બાળકો માટે આરોગ્ય ચેક-અપ અને સારવાર વગેરે સેવાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

આ ચકાસણીમાં કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. વિશાલ ડાંગર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી અને સેવાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ સફળતા પાછળ મેડિકલ ઓફિસર ડૉ. વિશાલ ડાંગર તથા તેમની સમગ્ર ટીમ, જેમાં ફાર્માસિસ્ટ, લેબ ટેકનિશિયન, FHW, GNM, MPHW, RBSK ટીમ તથા OPERATOR મેડિકલ ઓફિસરનો સમાવેશ થાય છે.

# શુક્રવારે રાત્રે ૮ થી ૧૧ ચૌધરી હાઈસ્કુલના મેદાનમાં રંગારંગ મટકી ફોડ : લોકો માટે ‘પેટીસ’નું ફરાળ

## આદિવાસી નૃત્ય, ગોવિંદા ગ્રુપની પિરામીડ રજુઆત આકર્ષણ બનશે : ટીમોની નોંધણી હજુ ચાલુ : મહાપાલિકાનું સૌ પહેલી વખત જન્માષ્ટમી ઉજવણીનું આયોજન

રાજકોટ:શહેરની સાંસ્કૃતિક, ધાર્મિક અને ઉત્સવપ્રિય પરંપરાને વધુ ભવ્યતા સાથે ઉજાગર કરવા તેમજ જન્માષ્ટમીના પાવન પર્વને ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવના સાથે ઉજવવાના હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૪ના શુક્રવારના રોજ રાત્રે ૮ કલાકે, ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે પ્રથમ વખત ભવ્ય મટકી ફોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગોવિંદા ટીમો પિરામીડના રૂપમાં મટકી ફોડશે. ભાગ લેનારા માટે આકર્ષક ઈનામો છે તો મટકી ફોડનો પ્રસંગ માણવા આવનારા તમામ લોકો માટે અનોખા ફરાળ પેટીસના પ્રસાદનું આયોજન શાસકો દ્વારા કરવામાં આવ્યું છે. ગત સપ્તાહે આ સમગ્ર કાર્યક્રમ માટે ટુંકી ટેન્ડર નોટીસ પણ કરી લેવામાં આવી હતી. જેના પરથી આજથી ચૌધરી હાઈસ્કુલમાં મંડપ, લાઈટીગ, ટાવર સહિતના કામો શરૂ કરી દેવામાં આવ્યા છે. આ રંગારંગ કાર્યક્રમમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મટકી ફોડ મંડળીઓ જોડાય અને રાજકોટની ઉત્સવપ્રિય પરંપરાને વધુ જીવંત બનાવે તે માટે તંત્ર દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય મટકી ફોડ કાર્યક્રમ શુક્રવારના રોજ રાત્રે ૮:૦૦ કલાકથી ૧૧:૦૦ કલાક દરમિયાન ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે જેમાં પરંપરા, ભક્તિ, સંગીત, સાહસ અને મનોરંજનનો અનોખો સંગમ જોવા મળશે.

આ વર્ષે યોજાનાર મટકી ફોડ કાર્યક્રમને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા માટે વિવિધ આકર્ષણોનંન આયોજન કરવામાં આવ્યું છે. ઓરકેસ્ટ્રા શો, સીદી બાદશાહની ટીમ દ્વારા ગીરનો



પ્રખ્યાત ધમાલ રાસ (આદિવાસી નૃત્ય) રજૂ કરશેસ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળી (ગોવિંદા ગ્રુપ) : મટકી ફોડની પરંપરાગત રમતમાં સાહસ, ટીમવર્ક અને ઉત્સાહનો અદભૂત સમન્વય જોવા મળશે. વિશેષ તાલીમબદ્ધ સ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળી (ગોવિંદા ગ્રુપ) દ્વારા મટકી ફોડની રોમાંચક રજૂઆત કરવામાં આવશે, જે ઉપસ્થિત જનમેદની માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.ડી.જે. દ્વારા કૃષ્ણ ભક્તિના ગીતો : ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવના પાવન માહોલને અનુરૂપ ડી.જે. દ્વારા કૃષ્ણ ભક્તિના લોકપ્રિય ગીતો અને સંગીતની ધૂનોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બનાવવામાં આવશે.

ભવ્ય આકર્ષક લાઈટિંગ અને શોભાસજ્જા : ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય લાઈટિંગ, આકર્ષક શોભાસજ્જા અને રંગબેરંગી સજાવટ દ્વારા સમગ્ર કાર્યક્રમ સ્થળને ઉત્સવના માહોલમાં સજાવવામાં આવશે.રોમાંચ, ઉત્સાહ અને ટીમવર્કનો સંગમ : મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેનાર મંડળીઓ દ્વારા ઊંચા પિરામિડ રચી મટકી ફોડવાની રોમાંચક રજૂઆત કરવામાં આવશે. સ્પર્ધામાં મંડળીના સભ્યો વચ્ચેનું ટીમવર્ક, શારીરિક કૌશલ્ય અને ઉત્સાહ દર્શકોમાં રોમાંચ જગાવશે.

મંડળીઓ માટે વિનામૂલ્યે રજીસ્ટ્રેશનની સુવિધા : મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક મંડળીઓ માટે વિનામૂલ્યે ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને પ્રકારની રજીસ્ટ્રેશન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિવિધ મટકી ફોડ મંડળીઓ વધુમાં વધુ સંખ્યામાં નોંધણી કરાવી આ ભવ્ય સ્પર્ધામાં જોડાય અને જન્માષ્ટમીના ઉત્સવને વધુ રંગીન બનાવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. હજુ કાલ સુધી પણ મંડળીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે.

ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે વેબસાઈટ પર જઈને ફોર્મ ભરીને સબમિટ કરવાનું રહેશે. ઓફલાઈન રજીસ્ટ્રેશન માટે મનપા કચેરી, ડો. આંબેડકર ભવન, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, રૂમ નં.૫, ત્રીજો માળ, ઢેબરભાઈ રોડ ખાતે ફોર્મ ભરીને સબમિટ કરવાનું રહેશે.મેયર ડો.નેહલ શુક્લ, ડે.મેયર દક્ષાબેન વસાણી, સ્ટે. ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો.હિરેનભાઈ ખીમાણિયા, દંડક સંજયસિંહ રાણા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષભાઈ ભટ્ટ દ્વારા લોકોને ઉત્સવમાં ઉમટવા આમંત્રણ અપાયું છે.

# કુબલીયાપરામાં મહિલા સંચાલિત દેશી દારૂ બારમાં દરોડો : ૭ શખ્સોની ધરપકડ

## ૭૦ વર્ષીય મંજુલાબેન પરમાર સાગરીતો સાથે મળી બેફામ દારૂ પીરસતી ’તી

રાજકોટ:કુબલીયાપરામાં એક મહિલાએ પોતાના ઘરમાં દેવપરાના એક શખ્સ સાથે મળી દેશી દારૂનું પીઠુ ખોલી મીનીબાર ચાલુ કર્યો હતો. થોરાળા પોલીસે દરોડો પાડી વૃધ્ધા તેમજ તેની સાથેના શખ્સ અને દારૂ પીવા આવેલા ૭ શખ્સો મળી નવ શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી દેશી દારૂ પણ કબ્જે કર્યો હતો. કેટલાક દિવસથી આ રીતે વૃધ્ધાએ પરિચીત શખ્સને કામે રાખી તેની સાથે મળી દેશી દારૂનો મીનીબાર ચાલુ કર્યાનું ખુલ્યું હતું.દરોડાની વિગત મુજબ, દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા થોરાળા પોલીસ સ્ટેશનની ટીમ નાઈટ પેટ્રોલીગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ પરમાર, મેરૂભા ઝાલા, કોન્સ. નીતાબેન લીબડીયાને બાતમી મળી હતી કે કુબલીયાપરા મચ્છી ચોક શેરી નં. ૫માં રહેતી મંજુલાબેન નામની વૃધ્ધા પોતાના ઘરમાં માણસો બોલાવી દારૂ પીવાની મહેફીલ માટે વ્યવસ્થા કરી આપે છે અને હાલમાં પણ મહેફીલ ચાલુ છે. આ બાતમી પરથી મોડી રાતે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે ઘરમાં તપાસ કરતાં મંજુલાબેન હાજર હોઈ પુછતાછમાં પોતાનું પુરૂ નામ મંજુલાબેન ચંદુ પરમાર (ઉ.વ.૭૦) જણાવ્યું હતું. તેમજ અન્ય એક શખ્સ હાજર શખ્સોની પુછતાછ થતાં પોતાનું નામ રસીક પ્રમજી રજોડીયા (ઉ.વ.૪૯-રહે. દેવપરા-૧ કોઠારીયા રોડ) જણાવ્યુ હતું. મંજુલાબેનની ઘરની અગાસી પરથી માણસોનો અવાજ આવતો હોઈ પોલીસ ત્યાં પહોંચતા કુંડાળુ વળીને ૭ જણા દારૂ પીતા નજરે પડયા હતાં.

તેના હાથમાં સફેદ કોથળીઓ હતી. વચ્ચે સીંગ દાળીયા, વેફરેના ખોલેલા પેકેટ જોવા મળ્યા હતાં. એક પ્લાસ્ટીકની ડોલમાં દારૂની કોથળીઓ ભરેલી જોવા મળી હતી. પોલીસે તપાસ કરતાં સાતેય શખ્સો દારૂ પીધેલા જણાયા હતાં.પોલીસે પકડેલ શખ્સોની પુછતાછમાં પોતાના નામ હાર્દિક પ્રદિપ સિંધવ (ઉ.વ.૨૭-રહે. રાધાક્રિષ્ના પાર્ક-૧, સાધુ વાસવાણી કુંજ રોડ રેલનગર), લાલા કિશોર પીઠવા (ઉ.વ.૫૮-રહે. નિલકંડ ટોકીઝ સામે આશાપુરા મેડીકલ નજીક કોઠારીયા રોડ), આસીફ અસફર કુરેશી (ઉ.વ.૩૮-રહે. હૈદરી ચોક, લાખાજી રાજ સોસાયટી દુધસાગર રોડ શેરી નં. ૧), પ્રકાશ રમેશ અજાગીયા (ઉ.વ.૩૫-રહે. ગોકુલ પાર્ક-૫, કોઠારીયા રોડ મુળગામ શ્રીનાથગઢ ગોંડલ), સિકંદર બાબાખાન સમા (ઉ.વ.૪૪-રહે. હાથીખાના-૫), સોહિલ ગફારભાઈ મકવાણા (ઉ.વ.૩૮-રહે. રામનાથપરા-૫, વસીલા મંજીલ) અને કૌશલ પ્રકાશભાઈ મહેતા (ઉ.વ.૨૩-રહે. મેહુલનગર-૭, કોઠારીયા રોડ) જણાવ્યા હતાં.

આ સાતેયની પુછતાછ કરવામાં આવતાં અહિ મંજુલાબેને પોતાને ત્યાં રસિકને કામે રાખી ભેગા મળી દારૂ પીવડાવતા હોવાનું કબુલ્યું હતું. પોલીસે ડોલમાંથી રૂા. ૬૦૦નો ૩ લિટર દારૂ કબ્જે કર્યો હતો. મંજુલાબેન અને રસિક સામે ઘરની આગસીએ દારૂનું પીઠુ ખોલી માણસો ભેગા કરી દારૂ વેંચવાનો અને બાકીના ૭ વિરૂધ્ધ દેશી દારૂની મહફીલ માણવાનો ગુનો નોંધી ધરપકેડ કરવામાં આવી હતી. પીઆઇ એસ. પી. સોઢોની રાહબરીમાં પીએસઆઈ ટી. ડી. જાડેજા અને ટીમે આ દરોડો પાડયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# આતંક સામે ભારતનો સ્પષ્ટ સંદેશ

આતંકવાદ સામેની લડાઈ હવે માત્ર કોઈ એક દેશની સુરક્ષાનો પ્રશ્ન રહી નથી. તે સમગ્ર માનવજાતના શાંતિ, વિકાસ અને ભવિષ્ય સાથે જોડાયેલો પડકાર બની ગયો છે. બિશ્કેકમાં યોજાયેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જ હકીકતને સ્પષ્ટ શબ્દોમાં વિશ્વ સમક્ષ મૂકી. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફની હાજરીમાં ભારતે કોઈ વ્યક્તિ કે દેશને નિશાન બનાવવાને બદલે આતંકવાદની સમગ્ર વ્યવસ્થાનો સામનો કરવાની જરૂરિયાત રજૂ કરી. આ અભિગમ ભારતની વધતી કૂટનીતિક પરિપક્વતા દર્શાવે છે. આતંકવાદને રાજકીય હેતુ સાધવાનું સાધન માનવાની માનસિકતા વિશ્વ માટે અત્યંત ખતરનાક છે. કોઈ પણ સરકાર આતંક ફેલાવનારાને આશ્રય આપે, નાણાં પૂરા પાડે કે તેમના વિચારોને પ્રોત્સાહન આપે તો તેનો સીધો ભોગ સામાન્ય નાગરિક બને છે. તેથી આતંકવાદ સામે પસંદગીના ધોરણો ન ચાલે, એ ભારતની વાત માત્ર રાષ્ટ્રીય હિતની વાત નથી. તે વૈશ્વિક સુરક્ષા માટે જરૂરી સિદ્ધાંત છે. વડાપ્રધાને આતંકવાદી નાણાં, ભરતી, ઉગ્ર વિચારસરણી અને આશ્રયસ્થાનોની સમગ્ર સાંકળ તોડવા સંયુક્ત પ્રયાસની જરૂરિયાત દર્શાવી હતી. ભારતની નીતિમાં દૃઢતા સાથે શાંતિનો સંદેશ પણ હતો. ભારતનો સંદેશ માત્ર કડક કાર્યવાહી પૂરતો સીમિત નથી. સંઘર્ષોનું અંતિમ નિરાકરણ યુદ્ધના મેદાનમાં નહીં, પરંતુ વાતચીત અને રાજદ્વારી પ્રયાસોથી થવું જોઈએ, એવી ભારતની સતત માન્યતા છે. આ વિચાર આજના અશાંત વિશ્વમાં વિશેષ મહત્વ ધરાવે છે. પશ્ચિમ એશિયાથી લઈને અન્ય સંઘર્ષગ્રસ્ત વિસ્તારો સુધીની ઘટનાઓએ બતાવ્યું છે કે એક પ્રદેશની અશાંતિનો પડઘો દૂરના દેશો સુધી પહોંચે છે. ઊર્જા, વેપાર અને પરિવહન ઉપર તેની અસર પડે છે.

કોઈ પણ દેશ આર્થિક પ્રગતિ કરવા માગે તો તેને શાંતિપૂર્ણ વાતાવરણ જોઈએ. રસ્તા, રેલવે, વેપાર, ઉદ્યોગ અને રોજગારીની તકો ત્યારે જ વધે જ્યારે સમાજમાં સ્થિરતા હોય. તેથી સુરક્ષાને વિકાસથી અલગ જોઈ શકાય નહીં. ભારતે શાંઘાઈ સહયોગ સંગઠન માટે સુરક્ષા, જોડાણ અને તકને ત્રણ આધારસ્તંભ તરીકે આગળ ધપાવ્યા છે. આ વિચાર માત્ર રાજકીય સૂત્ર નથી. તેનો અંતિમ હેતુ સામાન્ય માણસના જીવનમાં સુધારો લાવવાનો છે. દેશો વચ્ચેના રસ્તા, રેલમાર્ગ, હવાઈ માર્ગ અને વેપારી માર્ગો વિકાસને ગતિ આપી શકે છે. પરંતુ કોઈ પણ જોડાણ બીજા દેશની સાર્વભૌમતા અને પ્રાદેશિક અખંડિતતાને નુકસાન પહોંચાડતું હોય તો તે લાંબા ગાળે વિશ્વાસ ઊભો કરી શકતું નથી. ભારતે આ બાબત સ્પષ્ટ રીતે રજૂ કરી છે. વિકાસના માર્ગો સહકાર વધારનારા હોવા જોઈએ, વિવાદ વધારનારા નહીં. આ દૃષ્ટિ ભવિષ્યના એશિયાઈ સહકાર માટે મહત્વપૂર્ણ આધાર બની શકે છે. મધ્ય એશિયાની શાંતિ સાથે અફઘાનિસ્તાનની સ્થિતિ સીધી રીતે જોડાયેલી છે. ત્યાં સ્થિરતા રહેશે તો સમગ્ર વિસ્તાર માટે સુરક્ષાનું વાતાવરણ મજબૂત બનશે. ભારતે અફઘાનિસ્તાનના લોકો માટે વિકાસલક્ષી અને માનવતાવાદી સહાય ચાલુ રાખવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ અભિગમ ભારતની વિદેશનીતિમાં માનવતાને મળતું મહત્વ દર્શાવે છે. માત્ર રાજકીય ગણતરી કરતાં લોકોના જીવનને પ્રાથમિકતા આપવી વધુ લાંબા ગાળાનો રસ્તો છે. આ બેઠકનું એક સકારાત્મક પાસું એ પણ છે કે સહકારને માત્ર સરકારો વચ્ચેના સંબંધો સુધી સીમિત ન રાખવાની દિશા અપાઈ છે. વિજ્ઞાન, નવી શોધ, ઉદ્યોગસાહસિકતા, યુવાનો અને લોકો વચ્ચેના સંપર્કો દ્વારા નવા અવસર ઊભા થઈ શકે છે. ભારતે સભ્ય દેશો વચ્ચે સાંસ્કૃતિક સંવાદ માટે નવી પહેલની વાત પણ કરી છે.

# શીતળા સાતમ : ઠંડા પ્રસાદની પરંપરા અને લોકજીવનની ઉજવણી

શ્રાવણ માસના આગમન સાથે જ તહેવારોની હેલી મંડાય છે. બોળચોથ, નાગપંચમી, રાંધણ છઠ અને શીતળા સાતમ જેવા પર્વોની એક અખંડ સાંકળ રચાય છે. આ સાંકળમાં શીતળા સાતમનું સ્થાન સૌથી વિશિષ્ટ અને લોકહૈયે વસેલું છે. ગુજરાતી સંસ્કૃતિમાં આ પર્વ શીતળતા, સ્વચ્છતા અને આરોગ્યની અધિષ્ઠાત્રી દેવી મા શીતળાને સમર્પિત છે. હિન્દુ પંચાંગ અનુસાર શ્રાવણ વદ સાતમના દિવસે આ વ્રત ઉજવાય છે. આ દિવસની સૌથી મોટી વિશેષતા એ છે કે ભક્તો એક દિવસ પહેલાં રાંધેલો ઠંડો આહાર જ ગ્રહણ કરે છે, જેને 'શીતળો પ્રસાદ' કહેવામાં આવે છે.

મા શીતળાનું મંગલમય સ્વરૂપ અને પ્રતીકદર્શન પુરાણોમાં આવેલું છે. સ્કંદપુરાણ અનુસાર મા શીતળાનું વાહન ગર્દભ છે. માતાના ચાર હાથમાં ચાર મંગલ પ્રતીકો શોભે છે - કળશ, સૂપડું, સાવરણો અને લીમડાના પાન. આ કોઈ સામાન્ય વસ્તુઓ નથી. સૂપડું એ શીતળ પવનનું પ્રતીક છે, જે રોગીના દેહની દાહક બળતરાને શાંત કરે છે. સાવરણો સ્વચ્છતા અને શુદ્ધિનો સંદેશ આપે છે. કળશનું શીતળ જળ તન-મનને ઠંડક બક્ષે છે, જ્યારે લીમડાના પાન તેમના અદ્ભુત ઔષધીય ગુણો માટે પૂજનીય છે. મા શીતળાને આદ્યશક્તિ દુર્ગા અને પાર્વતીનું જ એક સૌમ્ય સ્વરૂપ માનવામાં આવે છે, જે શીતળા, અછબડા અને વાયરલ તાવ જેવા ચેપી રોગોથી બાળકોનું રક્ષણ કરે છે. 'શીતળ' શબ્દનો અર્થ જ છે - શાંતિ અને ઠંડક પ્રદાન કરનારી.

પુરાણો અને લોકવાયકામાં ગૂંથાયેલી માતાની કથા અનોખી છે. આ પર્વ સાથે અનેક દંતકથાઓ જોડાયેલી છે. એક પૌરાણિક કથા મુજબ, દેવતાઓએ માતા પાર્વતીની પ્રસન્નતા માટે યજ્ઞ આરંભ્યો ત્યારે તેમાંથી દિવ્ય તેજસ્વી શીતળા દેવી પ્રગટ થયાં. તે જ ક્ષણે ભગવાન શિવના પરસેવાના બિંદુમાંથી 'જ્વરાસુર' નામનો ભયાનક રાક્ષસ જન્મ્યો, જે લોકોમાં તાવ અને રોગ ફેલાવવા લાગ્યો. ત્યારે કરુણામયી મા શીતળાએ જ્વરાસુરને પરાસ્ત કરી તેને પોતાના સેવક તરીકે સ્વીકાર્યો.

લોકમાન્યતા એવી પણ છે કે એકવાર કોઈ ગામના લોકોએ અજાણતાં દેવીને અત્યંત ઉષ્ણ ભોજન ધરાવ્યું, જેથી દેવીનું મુખ દાઝી ગયું. ત્યારથી ભક્તો પશ્ચાતાપ રૂપે તેમને માત્ર ઠંડો ભોગ જ ધરાવે છે. બે વહુઓની બીજી એક બોધકથા આ વ્રતની મહત્તા સમજાવે છે, જેમાં શ્રદ્ધાળુ નાની વહુ પર માતાની કૃપા થતાં તેનું કુટુંબ સુખ-સમૃદ્ધિથી ભરાઈ જાય છે.



**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

શીતળા સાતમના પૂર્વ દિવસને રાંધણ છઠ કહેવાય છે. આ દિવસે ઘરની દરેક રસોડાની દીવાલ ઉત્સાહથી ધબકતી હોય છે. મહિલાઓ સામૂહિક રીતે મગ-મઠની પૂરી, ખાટા ઢોકળા, ભજીયા, થેપલા, મોહનથાળ, ચૂરમા-લાડુ, બાસુંદી અને શ્રીખંડ-પૂરી જેવી અનેક વાનગીઓ તૈયાર કરે છે. સાંજે ચૂલા, ગેસ અને રસોઈના વાસણોને કંકુ-ચોખાથી વધાવી અન્નપૂર્ણા દેવી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે અને પછી ચૂલાને ઠારી દેવામાં આવે છે.

બીજા દિવસે, શીતળા સાતમની પરોઢે મહિલાઓ સ્નાન કરી નવા વસ્ત્રોમાં શીતળા માતાના થાનકે જાય છે. અમદાવાદના લાંભા સ્થિત બળિયા દેવ મંદિર સહિત રાજ્યભરના શીતળા માતાના મંદિરોમાં ભારે મેળો ભરાય છે. માતાને ઠંડો પ્રસાદ, દહીં-ભાત, લોટનો દીવો અને કમળ-પુષ્પ અર્પણ કરી શીતળા અષ્ટકનું પાઠ કરવામાં આવે છે. ઘણી સ્ત્રીઓ નિર્જળા કે ફળાહારી ઉપવાસ પણ કરે છે.

આ પરંપરા માત્ર ધાર્મિક રૂઢિ નથી, તે ઋતુ અનુસાર જીવન જીવવાની ઊંડી સમજણ છે. આ પર્વ ચોમાસાની ભેજવાળી અને સંક્રમણની ઋતુમાં આવે છે, જ્યારે પાચનશક્તિ મંદ પડે છે અને ચેપી રોગોનું જોખમ વધે છે. તાજો, તીખો અને ભારે ખોરાક આ ઋતુમાં પચવામાં મુશ્કેલ બને છે. તેથી એક દિવસ અગાઉ બનેલો, સાદો, ઓછા મસાલાવાળો અને સહેલાઈથી પચી જાય તેવો ઠંડો આહાર શરીરને આરામ આપે છે. ચૂલો ન પ્રગટાવવાથી રસોડાની ગરમીથી બચી શકાય છે અને એક દિવસ માટે સ્ત્રીઓને પણ વિશ્રામ મળે છે. આમ, આ વ્રત શરીરને ઋતુને અનુકૂળ થવાની તક આપે છે.

સ્વચ્છતા, એકતા અને સમૃદ્ધિનો ત્રિવેણી સંગમ એટલે શીતળા સાતમ

શીતળા સાતમનો મૂળ સંદેશ છે - "સ્વચ્છતા ત્યાં પ્રભુતા અને સ્વાસ્થ્ય ત્યાં સુખ". માતા પોતે જ સ્વચ્છતાનું પ્રતીક છે. આ તહેવાર સામૂહિકતાનો ઉત્સવ પણ છે. રાંધણ છઠે સૌ સ્ત્રીઓ ભેગી મળીને રાંધે છે, વાતો કરે છે, ગીતો ગાય છે, જે કુટુંબમાં એકતા અને સહકારની ભાવનાને દૃઢ કરે છે. આજના આધુનિક યુગમાં આ પરંપરાએ એક નવું અર્થતંત્ર પણ સર્જ્યું છે. વ્યસ્ત જીવનશૈલીને કારણે અનેક પરિવારો રસોઈયાઓ અને ફૂડ પાર્લરમાંથી ઠંડો પ્રસાદ મંગાવે છે, જેનાથી અનેક નાના ઉદ્યોગોને રોજગારી મળે છે.

દેશ-વિદેશમાં પથરાયેલો લોકપ્રિય તહેવાર આપણી આગવી પરંપરા છે. આ ઉત્સવ માત્ર ગુજરાત પૂરતો સીમિત નથી. ઉત્તર ભારતમાં તે 'બસોડા' કે 'શીતળા અષ્ટમી' તરીકે, રાજસ્થાનમાં બે દિવસના વિશેષ પૂજન તરીકે અને સિંધી સમાજમાં 'ઠડરી'ના નામે ઉલ્લાસથી ઉજવાય છે. સાત સમંદર પાર વસતા ગુજરાતીઓ - અમેરિકા, કેનેડા, બ્રિટન, આફ્રિકા અને યુએઈમાં પણ સ્થાનિક તિથિ અનુસાર શ્રદ્ધાપૂર્વક આ પર્વને જાળવી રહ્યા છે, જે આપણી સંસ્કૃતિની જીવંતતાનું પ્રમાણ છે.

સમયની સાથે આ પર્વના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે. નવી પેઢીમાં ફ્રીજમાં રાખેલો વાસી ખોરાક ખાવા પ્રત્યે થોડી ઉદાસીનતા જોવા મળે છે. સ્વાદ અને સ્વાસ્થ્ય પ્રત્યેની સભાનતાને કારણે મેનૂમાં ફેરફાર થયા છે, જેમ કે બેક્ડ વાનગીઓ, ઓછા તેલવાળો નાસ્તો વગેરે. ઓનલાઈન ફૂડ ઓર્ડરનો ટ્રેન્ડ વધ્યો છે. પરંતુ તેની પાછળની શ્રદ્ધા, પરિવારને એકસાથે બેસીને જમવાની ભાવના અને માતા પ્રત્યેની ભક્તિ આજે પણ એટલી જ અડીખમ છે. અંતે, શીતળા સાતમ એ માત્ર વ્રત-તહેવાર નથી, તે જીવન જીવવાની એક કળા છે. તે આપણને શીખવે છે કે સાદું ભોજન, સ્વચ્છ વિચાર અને સંતુષ્ટ મન જ સાચા સુખનો આધાર છે. ભૌતિક દોડધામ વચ્ચે એક દિવસ ઠરીને, ઠંડા પ્રસાદની સાથે પરિવાર સાથે વિતાવવો એ જ આ પર્વનું સાચું માહાત્મ્ય છે. આવો, આપણે સૌ આ શીતળ પર્વને ભક્તિભાવથી ઉજવી માતા શીતળાના આશીર્વાદથી આપણું જીવન નિરોગી અને શીતળ બનાવીએ.

# દુઃખી ખેડૂતે દેવી પાસે રાજ-પાટ નહીં, ભક્તિ અને સંતોષનું વરદાન માંગ્યું

## ધન-સંપત્તિ કરતાં મનની શાંતિ વધુ મહત્વની; દરેક ઈચ્છા પૂરી કરવાની બેચેની જીવનમાં અસંતોષ વધારે છે

માનવીના જીવનમાં સુખ-શાંતિ મેળવવા માટે ધન-સંપત્તિ, વૈભવ અને સગવડો જરૂરી લાગે છે, પરંતુ વાસ્તવિક સુખ માત્ર ભૌતિક વસ્તુઓથી મળતું નથી. મનનો સંતોષ અને જે મળ્યું છે તેના પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ જ સાચી ખુશીનો આધાર છે. આ વાત એક સુંદર લોકકથા દ્વારા સમજવા જેવી છે.

જૂના સમયમાં એક ખેડૂત ખૂબ ગરીબ હતો. ગરીબીના કારણે તે હંમેશા ચિંતિત અને દુઃખી રહેતો. એક દિવસ તેના ગામમાં એક સંત આવ્યા. ખેડૂત સંત પાસે ગયો અને પોતાની મુશ્કેલીઓ જણાવી. સંતે તેને એક મંત્ર આપ્યો અને શ્રદ્ધાપૂર્વક તેનો જાપ કરવાની રીત સમજાવી.

**વિશેષ**

ખેડૂતે સંતની વાત માનીને નિયમિત રીતે મંત્રજાપ શરૂ કર્યો. તેની ભક્તિ અને શ્રદ્ધાથી પ્રસન્ન થઈને થોડા દિવસો બાદ એક દેવી તેની સામે પ્રગટ થયાં. દેવીએ કહ્યું, "હું તારી ભક્તિથી પ્રસન્ન છું. તું મારી પાસેથી જે ઈચ્છે તે વરદાન માંગી શકે છે."

દેવીની વાત સાંભળીને ખેડૂત વિચારમાં પડી ગયો. તેણે કહ્યું, "દેવી, હું અત્યારે નક્કી કરી શકતો નથી. શું હું આવતીકાલે તમારી પાસેથી વરદાન માંગી શકું?"

દેવીએ સંમતિ આપી અને ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયાં.

દેવીના ગયા બાદ ખેડૂતના મનમાં અનેક વિચારો શરૂ થયા. તેણે વિચાર્યું કે તેની પાસે સારું ઘર નથી, તેથી સારું ઘર માંગી લેવું જોઈએ. પછી તેને લાગ્યું કે જમીનદાર પાસે ઘણી સંપત્તિ અને સત્તા હોય છે, તો જમીનદાર બનવાનું વરદાન કેમ ન માંગવું? ત્યારબાદ તેના મનમાં વિચાર આવ્યો કે જમીનદાર કરતાં તો રાજા વધુ શક્તિશાળી હોય છે, તેથી રાજા બનવાનું વરદાન માંગવું વધુ સારું રહેશે.

આ વિચારોમાં ખેડૂત આખો દિવસ પસાર કરી બેઠો. તેની ઈચ્છાઓ વધતી ગઈ અને મનની અશાંતિ પણ વધતી ગઈ. રાત્રે પણ તે શાંતિથી ઊંઘી શક્યો નહીં.

બીજા દિવસે દેવી ફરી પ્રગટ થયાં અને કહ્યું, "હવે તું તારી ઈચ્છા મુજબનું વરદાન માંગી લે."

આ વખતે ખેડૂતે કોઈ ધન-દોલત, મોટું ઘર કે રાજ-પાટ ન માંગ્યું. તેણે કહ્યું, "દેવી, મને એવું વરદાન આપો કે મારું મન હંમેશા ભગવાનની ભક્તિમાં જોડાયેલું રહે અને હું જીવનની દરેક પરિસ્થિતિમાં સંતુષ્ટ રહી શકું."

ખેડૂતની વાત સાંભળીને દેવી પ્રસન્ન થયાં અને "તથાસ્તુ" કહ્યું.

દેવીએ આશ્ચર્યથી પૂછ્યું, "તેં ધન-સંપત્તિ કે રાજ-પાટ કેમ ન માંગ્યું?"

ખેડૂતે જવાબ આપ્યો, "મારી પાસે ધન નહોતું, છતાં માત્ર ધન મેળવવાની કલ્પનાએ જ મારું મન અશાંત કરી નાખ્યું. આખો દિવસ હું શું માંગવું તેની ચિંતામાં રહ્યો



અને રાત્રે ઊંઘી પણ ન શક્યો. જો કોઈ વસ્તુ મેળવવા માટે મારી શાંતિ જ છીનવાઈ જાય, તો એવી સંપત્તિનો શું લાભ?" ખેડૂતની વાતમાં જીવનનો ખૂબ મોટો સંદેશ છુપાયેલો છે. જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે, પરંતુ દરેક ઈચ્છા પૂરી કરવાની બેચેનીમાં વર્તમાન સુખ ગુમાવી દેવું યોગ્ય નથી.

જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેનો તફાવત સમજો: દરેક મનગમતી વસ્તુ જીવન માટે જરૂરી નથી. કંઈક મેળવતા પહેલાં ખરેખર તેની જરૂર છે કે માત્ર ઈચ્છા છે, તે વિચારવું જોઈએ. બીજાની સાથે સરખામણી ટાળો: બીજાની સફળતા અને સંપત્તિ જોઈને પોતાના જીવનને ઓછું ગણવાથી અસંતોષ વધે છે. પોતાની પ્રગતિની સરખામણી પોતાની અગાઉની સ્થિતિ સાથે કરવી વધુ યોગ્ય છે.

જે મળ્યું છે તેની કદર કરો: પરિવાર, ઘર, ભોજન, શિક્ષણ, કામ અને જીવનની નાની-નાની ખુશીઓ માટે કૃતજ્ઞ રહેવાની આદત મનને શાંતિ આપે છે.

લક્ષ્ય રાખો, પરંતુ બેચેન ન બનો: જીવનમાં આગળ વધવાની ઈચ્છા સારી છે. મહેનત પણ કરવી જોઈએ, પરંતુ લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વર્તમાન જીવનને દુઃખી બનાવી દેવું સમજદારી નથી.

ઈચ્છાઓ પર નિયંત્રણ રાખો: એક ઈચ્છા પૂરી થયા પછી બીજી ઈચ્છા જન્મે છે. તેથી દરેક ઈચ્છાની પાછળ દોડવાને બદલે જરૂરિયાત મુજબ જીવન જીવવાથી માનસિક શાંતિ જળવાઈ રહે છે.

મનને શાંત રાખવા સમય આપો: પ્રાર્થના, ધ્યાન, સારા વિચારો અને પ્રકૃતિ સાથે થોડો સમય વિતાવવાથી મનને સ્થિરતા અને શાંતિ મળે છે.

સાચી સમૃદ્ધિ માત્ર તિજોરીમાં રહેલા પૈસામાં નથી, પરંતુ મનમાં રહેલા સંતોષમાં છે. જે વ્યક્તિ પાસે ઘણું હોવા છતાં અસંતુષ્ટ છે તે સાચા અર્થમાં સુખી નથી, જ્યારે મર્યાદિત સાધનોમાં પણ સંતોષ અને કૃતજ્ઞતાથી જીવન જીવતી વ્યક્તિ સુખ-શાંતિનો અનુભવ કરી શકે છે.

તેથી જીવનમાં પ્રગતિ માટે સતત પ્રયત્ન કરો, પરંતુ તમારી માનસિક શાંતિની કિંમત ચૂકવીને નહીં. જે છે તેની કદર કરો, જે જરૂરી છે તેના માટે મહેનત કરો અને જે નથી તેના માટે સતત બેચેન ન બનો—આ જ સુખી જીવનનો સરળ માર્ગ છે.

# પરમ સુખી થવા વર્તમાન સમયમાં ભગવદ ગીતાના કર્મયોગ અપનાવો

અંધારામાંથી પ્રકાશ તરફની યાત્રા એ જ માનવજીવનનો સાર છે. શ્રાવણની અમાસની રાત્રિએ જ્યારે ચારેબાજુ અંધકાર છવાયેલો હતો, ત્યારે મથુરાના કારાગૃહમાં એક દિવ્ય પ્રકાશનો જન્મ થયો. દેવકી અને વસુદેવના પુત્રરૂપે ભગવાન શ્રીકૃષ્ણનું આગમન થયું. આ માત્ર એક બાળકનો જન્મ નહોતો, પરંતુ અધર્મના

**કૃષ્ણનો જન્મ એ આશાનો સંદેશ હતો. જેમ અંધારામાં દીવો પ્રગટે છે, તેમ કૃષ્ણનો જન્મ અધર્મના અંધારામાં ધર્મનો પ્રકાશ લઈને આવ્યો. આજે જન્માષ્ટમીના પર્વે આપણે એ દિવ્ય પ્રકાશને યાદ કરીએ છીએ અને તેના સંદેશને હૃદયમાં ઉતારીએ છીએ**

અંત અને ધર્મની સ્થાપનાનું પ્રતીક હતું.

કૃષ્ણનો જન્મ એ આશાનો સંદેશ હતો. જેમ અંધારામાં દીવો પ્રગટે છે, તેમ કૃષ્ણનો જન્મ અધર્મના અંધારામાં ધર્મનો પ્રકાશ લઈને આવ્યો. આજે જન્માષ્ટમીના પર્વે આપણે એ દિવ્ય પ્રકાશને યાદ કરીએ છીએ અને તેના સંદેશને હૃદયમાં ઉતારીએ છીએ.

ભગવદ્ગીતા એ માનવજીવનનો સાર અને નિત્યનું માર્ગદર્શન છે. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન જેવા મહાન યોદ્ધા જ્યારે વિષાદગ્રસ્ત થયા, ત્યારે શ્રીકૃષ્ણે તેમને ગીતાનો ઉપદેશ આપ્યો. આ ઉપદેશ માત્ર અર્જુન માટે નહોતો, પરંતુ સમગ્ર માનવજાતિ માટે હતો.

ગીતામાં કૃષ્ણે ત્રણ મુખ્ય માર્ગો બતાવ્યા છે. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ. આ ત્રણેય માર્ગો આજના આધુનિક જીવનમાં પણ સમાન રીતે લાગુ પડે છે. કામ કરતી વખતે પરિણામની ચિંતા છોડીને કર્તવ્ય પર ધ્યાન આપવું એ કર્મયોગ છે. ઈશ્વર પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા રાખવી એ ભક્તિયોગ છે. આત્મજ્ઞાન અને આધ્યાત્મિક વિકાસ માટે પ્રયત્ન કરવો એ જ્ઞાનયોગ છે.

આધુનિક યુગમાં તણાવ, અનિશ્ચિતતા અને ભ્રમણા વધી ગઈ છે. આવી પરિસ્થિતિમાં ગીતાનો ઉપદેશ વધુ પ્રાસંગિક બને છે. જ્યારે જીવન અર્થહીન લાગે ત્યારે ગીતા કહે છે કે તમારા કર્મ પર ધ્યાન આપો, પરિણામ પર નહીં. બંધ દરવાજો હંમેશા ખોટી દિશા સૂચવતો નથી. ભવિષ્યની ચિંતામાં વર્તમાન ક્ષણ ગુમાવવી નહીં.

ગીતાનો સંદેશ છે કે અનિશ્ચિતતા સાથે જીવવાનું શીખો અને સ્પષ્ટતા શોધો. આજના ઝડપી જીવનમાં આપણે ભવિષ્યની ચિંતામાં વર્તમાન ગુમાવીએ છીએ. ગીતા શીખવે છે કે વર્તમાન ક્ષણમાં જીવો અને તમારા કર્તવ્ય પર ધ્યાન આપો.

કર્મયોગ એ ભગવદ્ગીતાનો ત્રીજો અધ્યાય છે અને તે સ્વધર્મને નક્કી કરવાની અને તેને બજાવતાં બંધનમુક્ત રહેવાની યુક્તિ છે. શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધકર્મમાં પ્રવૃત્ત થવાનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે તું યોગમાં રહીને કર્મ કર. કર્મયોગ એ નિષ્કામ કર્મનો માર્ગ છે, જ્યાં વ્યક્તિ પોતાની ફરજો અને જવાબદારીઓ પરિણામની આસક્તિ વિના નિભાવે છે.

કૃષ્ણ સમજાવે છે કે સર્વ જીવ તેમનાં મૂળભૂત પ્રાકૃતિક ગુણોને આધારે કર્મ કરવા વિવશ છે અને એક ક્ષણ માટે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ


પણ કોઈપણ જીવ કર્મ કર્યા વિના રહી શકતો નથી. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ મુજબ કાર્ય કરે છે. કર્મયોગમાં વ્યક્તિ પોતાનું કર્તવ્ય સમર્પણભાવ અને નિષ્ઠાથી કરે છે, પરંતુ પરિણામની ચિંતા કરતી નથી.

કર્મયોગના મુખ્ય સિદ્ધાંતોમાં નિષ્કામ ભાવ, કર્તવ્યનિષ્ઠા અને યજ્ઞભાવ સમાવિષ્ટ છે. યજ્ઞભાવ એટલે કે પોતાનું કર્મ ઈશ્વરને અર્પણ કરીને કરવું. લોકસંગ્રહ માટે કર્મ કરવું એ પણ કર્મયોગનો મહત્વપૂર્ણ ભાગ છે. કૃષ્ણ કહે છે કે કર્મ સંન્યાસ કરતાં કર્મયોગ અધિક શ્રેષ્ઠ છે.

જન્માષ્ટમીની ઉજવણીમાં અનેક પરંપરાઓ અને વિધિઓ સમાવિષ્ટ છે. ભક્તો આ દિવસે ઉપવાસ રાખે છે અને મધ્યરાત્રે શ્રીકૃષ્ણની પૂજા કરે છે. ઘરોમાં અને મંદિરોમાં ઝૂલામાં બાળકૃષ્ણની મૂર્તિ મૂકવામાં આવે છે. ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.

ગુજરાતમાં સાતમ-આઠમનો તહેવાર ખાસ મહત્વ ધરાવે છે. લોકો ઘરોમાં શ્રીકૃષ્ણની પૂજા કરે છે અને પ્રસાદ વહેંચે છે. દ્વારકા, ડાકોર અને અન્ય ધાર્મિક સ્થળો પર વિશેષ ઉજવણી થાય છે. આ તહેવાર માત્ર ધાર્મિક મહત્વ ધરાવતો નથી, પરંતુ સમાજમાં એકતા અને ભાઈચારો વધારે છે. શ્રીકૃષ્ણનો સંદેશ પ્રેમ, કર્તવ્ય અને ધર્મ પર આધારિત છે. તેમણે માનવતાને શીખવ્યું કે પ્રેમ અને કરુણાથી જીવો. કર્તવ્યનિષ્ઠાથી કામ કરો અને પરિણામની ચિંતા છોડો. ધર્મની સ્થાપના માટે સત્યનો માર્ગ અપનાવો.

કૃષ્ણે પોતાના જીવનમાં આ સિદ્ધાંતોનું પાલન કર્યું. તેમણે અધર્મ સામે લડ્યા અને ધર્મની સ્થાપના કરી. તેમણે માનવતાને પ્રેમ, કરુણા અને કર્તવ્યનિષ્ઠાનો માર્ગ બતાવ્યો. આ સંદેશ આજે પણ પ્રાસંગિક છે અને માનવ જીવનને માર્ગદર્શન આપે છે.




જન્માષ્ટમી માત્ર ધાર્મિક તહેવાર નથી, પરંતુ તે સાંસ્કૃતિક મહત્વ પણ ધરાવે છે. ગુજરાતની સંસ્કૃતિ તેની વિવિધતા, લોકકલા, સંગીત, નૃત્ય અને પરંપરાઓ માટે જાણીતી છે. જન્માષ્ટમી આ સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે.

આ તહેવાર સમાજમાં એકતા, ભાઈચારો અને ખુશીઓ વહેંચવાનું કામ કરે છે. લોકો એકત્ર થાય છે, ભજન-કીર્તન ગાય છે અને પ્રસાદ વહેંચે છે. આ પરંપરાઓ પેઢીઓ સુધી ચાલુ રહે છે અને સાંસ્કૃતિક વારસો જાળવે છે.

જન્માષ્ટમી એ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ તરીકે સમગ્ર ભારતમાં ઉત્સાહ અને ભક્તિભાવથી ઊજવાય છે. શ્રીકૃષ્ણનો સંદેશ અને ભગવદ્ગીતાનો ઉપદેશ આજના આધુનિક યુગમાં પણ પ્રાસંગિક છે. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના માર્ગો માનવ જીવનને માર્ગદર્શન આપે છે. વર્તમાન સંજોગોમાં આ ઉપદેશોને અમલમાં મૂકીને આપણે શાંતિ અને સંતુલિત જીવન જીવી શકીએ છીએ.

# ખેલાડીઓને સ્વદેશ પાછા મોકલવાનો પીસીબીનો નિર્ણય હાસ્યાસ્પદ : ભૂતપૂર્વ ખેલાડીઓ નારાજ

કરાંચી,

પૂર્વ ખેલાડીઓએ ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીની મધ્યમાં બે કોચ અને સાત ખેલાડીઓને સ્વદેશ પાછા મોકલવાના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નિર્ણયની સખત ટીકા કરી છે. ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ બે ટેસ્ટમાં પાકિસ્તાનને શરમજનક હારનો સામનો કરવો પડ્યો. તેઓ પહેલી મેચ ઈનિંગ્સ અને ૧૦૩ રનથી અને બીજી મેચ ૧૯૪ રનથી હારી ગયા હતા. ૯ સપ્ટેમ્બરથી બર્મિંગહામમાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ માટે ટીમમાં યુવા અને બિનઅનુભવી ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય કોચ સરફરાઝ અહેમદ અને બોલિંગ કોચ ઉમર ગુલને પણ દૂર કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશી મુખ્ય કોચ મિકી આર્થરે આ નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો.

આર્થરે સોશિયલ મીડિયા પર લખ્યું, "પીસીબીનો આ નિર્ણય હાસ્યાસ્પદ છે. તેમના ખરાબ પ્રદર્શનનું કારણ એ છે કે તેઓ સતત ખેલાડીઓ, કોચ અને પસંદગીકારોને બદલે છે, અને તેમાં કોઈ સ્થિરતા નથી. ફક્ત સારી વ્યૂહરચના, સ્થિરતા અને સંયોજન જ સારા પરિણામો પ્રાપ્ત કરી શકે છે." પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન જાવેદ મિયાનદાદે કહ્યું કે તેઓ આ





નિર્ણયથી આઘાત પામ્યા છે અને ઘરે પાછા મોકલવામાં આવેલા ખેલાડીઓ માટે અને ઈંગ્લેન્ડ મોકલવામાં આવેલા ખેલાડીઓ માટે પણ દુઃખ અનુભવે છે. મિયાનદાદે કહ્યું, "જ્યારે પાછા મોકલવામાં આવે છે ત્યારે તે માનસિક આઘાત અને તેમની કારકિર્દી પર ડાઘ છે. તેમની જગ્યાએ આવનારા ખેલાડીઓને શ્રેણીની બાકી રહેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં ભારે દબાણનો સામનો કરવો પડશે."પૂર્વ કેપ્ટન રાશિદ લતીફે કહ્યું કે બાબર આઝમે બોર્ડના નિર્ણયના વિરોધમાં કેપ્ટનશીપ છોડી દેવી જોઈતી હતી. લતીફે કહ્યું, "એક કેપ્ટન અને નેતા વચ્ચે ફરક છે, અને બાબરે ચૂપ રહીને પોતાના ખેલાડીઓને મુશ્કેલીમાં મૂકી દીધા." ભૂતપૂર્વ કેપ્ટન મોઈન ખાને કહ્યું કે જો બોર્ડ હારનો સિલસિલો રોકવા માટે ટીમમાં ધરમૂળથી ફેરફાર કરવા માંગતું હોય, તો તેણે ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી શ્રેણીના અંત સુધી રાહ જોવી જોઈતી હતી.પૂર્વ ટેસ્ટ ઓપનર મોહસીન ખાને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે માઈક હેસન પાસે શું જાદુ છે કે તેમને ફક્ત એક મેચ બાકી રહીને ટેસ્ટ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે કહ્યું, "હું ફક્ત આશા રાખી શકું છું કે પાકિસ્તાન, કેટલાક નવા ખેલાડીઓ સાથે, અંતિમ ટેસ્ટમાં સારું પ્રદર્શન કરશે.

# ક્વિન્ટન ડી કોકે ટી૨૦ ક્રિકેટમાં ૧૦મી સદી ફટકારી વિરાટ કોહલી અને ડેવિડ વોર્નરની બરાબરી કરી

નવીદિલ્હી,

ચાલુ કેરેબિયન પ્રીમિયર લીગ સીઝનનો ૨૩મો લીગ મેચ સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઅટ્સ અને બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સ વચ્ચે રમાયો હતો, જેમાં સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઅટ્સે ૬ વિકેટથી મેચ જીતી લીધી હતી. દરમિયાન, બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સ તરફથી રમતા દક્ષિણ આફ્રિકાના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ક્વિન્ટન ડી કોકે ચોક્કસપણે પોતાની બેટિંગ કુશળતા દર્શાવી, માત્ર ૫૭ બોલમાં સદી ફટકારી. આ ઈનિંગે તેને ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલામાં વિરાટ કોહલી અને ડેવિડ વોર્નરની બરાબરી પર પહોંચાડી દીધી છે, જેમાં ક્રિસ ગેઈલ આ યાદીમાં આગળ છે, જ્યારે બાબર આઝમ બીજા ક્રમે છે.



ક્વિન્ટન ડી કોકે સેન્ટ કિટ્સ અને નેવિસ પેટ્રિઓટ્સ સામે બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સ માટે ત્રીજા નંબરે બેટિંગ કરી, જેના કારણે તેને બીજી ઓવરમાં બોલિંગ કરવાની તક મળી.સીપીએલ ૨૦૨૬ માં બેટથી ઉત્તમ ફોર્મમાં રહેલા ડી કોકે આ મેચમાં પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું. ડી કોકે આ મેચમાં ફોર ફટકારીને પોતાની સદી પૂર્ણ કરતાની સાથે જ, તેણે ટી ૨૦ ક્રિકેટમાં સદી ફટકારવાના મામલામાં વિરાટ કોહલી અને ડેવિડ વોર્નર બંનેની બરાબરી કરી. આ ડી કોકની ટી ૨૦ કારકિર્દીની ૪૫૭મી મેચ હતી જેમાં તેણે પોતાની ૧૦મી સદી ફટકારી હતી.

# ભારતીય ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યા ભારતીય ટીમ વતી રમવા માટે હજુ પણ આશાવાદી

નવીદિલ્હી,

ભારતીય ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ અફઘાનિસ્તાન સામેની આગામી ટી ૨૦ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત થયા પછી સોશિયલ મીડિયા પર પોતાની વાપસીની આશા વ્યક્ત કરી છે. મંગળવારે જ્યારે ટીમની જાહેરાત કરવામાં આવી ત્યારે મીડિયામાં એવી અટકળો ચાલી રહી હતી કે કૃણાલ ભારતીય ટીમમાં પાછો ફરી શકે છે, પરંતુ તેને ૧૫ સભ્યોની ટીમમાં સ્થાન મળ્યું ન હતું.

નિરાશ થવાને બદલે, કૃણાલે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વાર્તા શેર કરી, જેમાં લખ્યું, "આશા હજુ પણ બાકી છે." તેણે તેની સાથે ક્રોસ કરેલી આંગળીઓનો ઈમોજી અને ભારતીય ત્રિરંગા ધ્વજ પણ



રાખ્યો. કૃણાલે તેની છેલ્લી ટી ૨૦ મેચ ૨૦૨૧ માં રમી હતી. દેશ માટે ૧૯ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં, તેણે ૧૩૦.૫૨ ના સ્ટ્રાઈક રેટથી ૧૨૪ રન બનાવ્યા છે અને ૩૬.૯૩ ની સરેરાશથી ૧૫ વિકેટ લીધી છે. તેણે તાજેતરના આઈપીએલ સીઝનમાં પણ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને સતત બે ટાઈટલ જીતવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.આઈપીએલ ૨૦૨૬ માં, તેણે ૧૪૫.૮૦ ના સ્ટ્રાઈક રેટથી નવ ઈનિંગ્સમાં ૨૨૬ રન બનાવ્યા અને ૧૪ વિકેટ લીધી.બીજી તરફ, સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આ શ્રેણી માટે ટીમમાં પાછો ફર્યો છે, પરંતુ તેની ભાગીદારી તેની ફિટનેસ પર નિર્ભર રહેશે. બુમરાહ ૧૬ જુલાઈએ કાર્ડિફમાં ઈંગ્લેન્ડ સામે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો હતો, ત્યારબાદ ઈજાને કારણે તે શ્રીલંકા પ્રવાસ પર ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. બુમરાહ ઉપરાંત, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર અને હર્ષિત રાણાનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જે ફિટનેસ ક્લિયરન્સને આધીન છે.ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી ૧૩ સપ્ટેમ્બરથી શરૂ થશે. શ્રેણીની બીજી મેચ ૧૫ સપ્ટેમ્બરે અને ત્રીજી અને અંતિમ મેચ ૧૭ સપ્ટેમ્બરે નવી દિલ્હીના અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

# માત્ર ૨ કરોડ રૂપિયામાં બનેલી ફિલ્મે બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મેળવી

મુંબઈ,

"હનુમાન અંશ" ફિલ્મે બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મેળવી છે. તેના ઓપનિંગ ડે કલેક્શન માત્ર ૧૦ લાખ રૂપિયા હતું. પહેલા અઠવાડિયામાં, તેણે ફક્ત ૧.૦૮ કરોડ રૂપિયાની કમાણી કરી. બીજા અઠવાડિયામાં તેની કમાણીમાં વધુ ઘટાડો થયો, ફક્ત ૪૦ લાખનું કલેક્શન થયું. ચોથા અઠવાડિયામાં, ફિલ્મે એક નવો રેકોર્ડ બનાવ્યો.

પહેલા દિવસે, 'હનુમાન અંશ'એ ૧૦ લાખની કમાણી કરી.,બીજા અઠવાડિયામાં, તેણે ફક્ત ૪૦ લાખનું કલેક્શન કર્યું.,ત્રીજા અઠવાડિયામાં, તેની




કમાણીમાં વધારો થયો,૧૦.૪૦ લાખનું કલેક્શન કર્યું.,ચોવીસમા દિવસે, તેણે ૧૨.૭૫ કરોડનું સૌથી વધુ કલેક્શન કર્યું.,છવીસમા દિવસે, તેણે ૮.૫૦ કરોડનું કલેક્શન કર્યું.,ફિલ્મનું કુલ કલેક્શન ૫૪.૧૩ કરોડ પર પહોંચી ગયું છે.

'હનુમાન અંશ'એ મંગળવારે ૨૬મા દિવસે નવો રેકોર્ડ બનાવ્યો. તેણે 'ટોક્સિક'ના મંગળવારના કલેક્શનને પાછળ છોડી દીધું. 'ટોક્સિક'એ મંગળવારે રિલીઝના સાતમા દિવસે ૭.૮૫ લાખ કલેક્શન કર્યા. જ્યારે આ તફાવત ફક્ત ૩૦ લાખનો છે, ફિલ્મની રિલીઝ તારીખને ધ્યાનમાં રાખીને તેને નોંધપાત્ર તફાવત માનવામાં આવે છે. 'હનુમાન અંશ'એ તેના ચોથા અઠવાડિયામાં આ આંકડો હાંસલ કર્યો, જ્યારે 'ટોક્સિક'એ તેના સાતમા દિવસે આ કમાણી કરી.

આનો અર્થ એ નથી કે 'હનુમાન અંશ' એકંદરે 'ટોક્સિક' સાથે સ્પર્ધા કરી રહી છે. બંને ફિલ્મો બોક્સ ઓફિસ સફળતાના સંપૂર્ણપણે અલગ સ્તરે છે. 'ટોક્સિક' મોટી સંખ્યામાં સ્ક્રીન પર રિલીઝ થઈ હતી અને વિશ્વભરના થિયેટરોમાં પ્રદર્શિત થઈ હતી.

# હું કોમિક કેપર ફિલ્મ કરવા માંગતી હતી, અને માલામાલ વીકલી-૨ મને યોગ્ય સમયે મળી : એશા દેઓલ

મુંબઈ,

એશા દેઓલ આગામી ફિલ્મ "માલામાલ વીકલી ૨" માં જોવા મળશે. આ એક કોમિક કેપર છે, જેનો અર્થ છે કે તે મનોરંજન અને મનોરંજનથી ભરપૂર છે. આ ફિલ્મ એશા માટે યોગ્ય સમયે આવી છે. તેણીએ અગાઉ બે સંપૂર્ણપણે અલગ ફિલ્મોમાં કામ કર્યું છેઃ હોરર-કોમેડી "ઘૂંઘટ" અને તેલુગુ ફિલ્મ એસવાયજી.

એશાએ કહ્યું, "મને હમણાં આની જ જરૂર હતી - કંઈક મનોરંજક, હળવું અને હાસ્યથી ભરેલું. મેં હમણાં જ બે સંપૂર્ણપણે અલગ ફિલ્મો પૂર્ણ કરી છેઃ હોરર-કોમેડી "ઘૂંઘટ" અને તેલુગુ ફિલ્મ એસવાયજી તે પછી, હું એક સંપૂર્ણ કોમિક કેપર ફિલ્મ કરવા માંગતી હતી, અને 'માલામાલ વીકલી ૨' મને યોગ્ય સમયે મળી.

એશા દેઓલે અગાઉ 'નો એન્ટ્રી',




'શાદી નંબર ૧' અને 'વન ટુ થ્રી' જેવી કોમેડી ફિલ્મોમાં કામ કર્યું છે. અભિનેત્રી કહે છે કે કોમેડી હંમેશા તેના હૃદયની નજીક રહી છે. એશાએ સમજાવ્યું કે ફિલ્મની સ્ક્રિપ્ટે તેને આ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે સૌથી વધુ આકર્ષિત કરી.એશા દેઓલે અગાઉ 'નો એન્ટ્રી', 'શાદી નંબર ૧' અને 'વન ટુ થ્રી' જેવી કોમેડી ફિલ્મોમાં કામ કર્યું છે. અભિનેત્રી કહે છે કે કોમેડી હંમેશા તેના હૃદયની નજીક રહી છે. એશાએ સમજાવ્યું કે ફિલ્મની સ્ક્રિપ્ટે તેને આ પ્રોજેક્ટનો ભાગ બનવા માટે સૌથી વધુ આકર્ષિત કરી.

તેણીએ કહ્યું, "'નો એન્ટ્રી', 'શાદી નંબર ૧' અને 'વન ટુ થ્રી' જેવી ફિલ્મો કર્યા પછી, કોમેડી એ એક એવી જગ્યા છે જે મને હંમેશા ગમતી હતી અને હું ત્યાં પાછા ફરવા માંગતી હતી. સ્ક્રિપ્ટ ખૂબ જ રમુજી છે, અને મને ખરેખર લાગે છે કે દરેકને તેનો આનંદ આવશે." મને એવી ફિલ્મનો ભાગ બનવાનો ખૂબ આનંદ છે જે મજા, હાસ્ય અને મનોરંજનથી ભરેલી છે. 'માલામાલ વીકલી ૨' ના કલાકારો અંગે અત્યાર સુધીના અહેવાલોમાં રિતેશ દેશમુખ, પરેશ રાવલ, રાજપાલ યાદવ, એલ્વિશ યાદવ, રવિના ટંડન, પરિણીતી ચોપરા, શિલ્પા શિરોડકર અને ફરદીન ખાનનો સમાવેશ થાય છે. આ ફિલ્મનું દિગ્દર્શન 'તેરી બાતેં મેં ઐસા ઉલઝા જિયા' ફેમ અમિત જોશી કરશે, અને શૂટિંગ નવેમ્બરમાં શરૂ થવાની ધારણા છે.

# ગોવિંદા લોકપ્રિય રિયાલિટી શો "રાઈઝ એન્ડ ફોલ" ની બીજી સીઝનમાં ભાગ લે તેવી શક્યતા

મુંબઈ,

ગોવિંદાની પત્ની, સુનિતા આહુજાએ નેટફ્લિક્સના રિયાલિટી શો "લોક અપ - ટ્રૂથ ઓર ડેર" માં રિયાલિટી શોમાં ડેબ્યૂ કર્યું. તાજેતરમાં જ આ શોથી તેણીને ખૂબ જ લોકપ્રિયતા મળી છે. હવે, ગોવિંદા પણ એક રિયાલિટી શોમાં ભાગ લેવા માટે તૈયાર છે. અહેવાલો સૂચવે છે કે તે લોકપ્રિય રિયાલિટી શો "રાઈઝ એન્ડ ફોલ" ની બીજી સીઝનમાં ભાગ લઈ શકે છે.

ગોવિંદા હાલમાં તેમના અંગત જીવનને કારણે સમાચારમાં છે. તેમની પત્ની, સુનિતા આહુજાએ તેમના પર બીજી અભિનેત્રી સાથે અફેર હોવાનો આરોપ લગાવ્યો છે. તેમના લગ્ન જીવનમાં ચાલી રહેલા ઉતાર-ચઢાવ વચ્ચે, ગોવિંદાના રિયાલિટી શોમાં સ્પર્ધક તરીકે ડેબ્યૂ અંગે રસપ્રદ સમાચાર સામે આવ્યા છે.

નોંધનીય છે કે ગોવિંદા અને સુનિતા આહુજા તેમના અંગત જીવનને કારણે ઘણા સમયથી સમાચારમાં છે. આ કારણે સુનિતાએ છૂટાછેડા માટે અરજી પણ કરી હતી. જોકે, તાજેતરમાં જ તેણે



છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી હતી.

આ દરમિયાન, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં રાખી સાવંત અને સુનિતા ફોન પર વાત કરતા જોવા મળ્યા હતા. રાખી સાથે વાત કરતી વખતે સુનિતાએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે ગોવિંદા બીજા લગ્નની તૈયારી કરી રહ્યા હતા, જેના કારણે તેણે છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી હતી.કામના મોરચે, ગોવિંદા કોમલ રાની સ્વર્ણકર સાથે ફિલ્મ "રૂપા" માં જોવા મળશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | ચ | ગ | એ | જ | અ | ગ | ર | ગ | ગુ | ડ | ર |
| ક | ક | તી | એ | સા | આ | બા | ઝ | મા | મ | સ | ગ |
| બિ | ચા | વા | ભા | ફ | શ | લ | ન | રી | ગ | બ | ર |
| શ | ર | તી | કા | એ | સા | ચ | મ | ચી | કા | ર | ર |
| જી | આ | કા | ધ | જ્ઞા | ધ | ઈ | સ | બ | ણા | વા | ર |
| મા | વા | પ્ર | સ | ક | ન | સા | ઈ | ક્રો | બૂ | વ | ળ |
| ગુ | લા | મ | મા | બા | તા | ગુ | મ | ના | મ | ખ | લી |
| ર | પ્રા | ધ | ધ | મા | પ | ભો | ડ | કા | ગ | વા | રી |
| ર | કી | બા | બં | ત | સ | હિ | મ | પ્રા | ક | રા | બં |
| ક | ક | કા | શ | મા | બા | ભો | રો | હિ | બિ | ણે | દા |
| ઈ | કી | દા | ણા | લ | વા | ચા | લા | બં | ર | ત | વા |
| બા | લ | સા | લ | સ | ત | ભ | ડી | ક | ગ | ક | દ |

શબ્દ શોધો

**ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ**

# સોનુ સૂદ નેપાળ પૂર પીડિતોની મદદ માટે આગળ આવ્યો, ભારતથી રાહત સામગ્રી લઈને કાઠમંડુ પહોંચ્યો

કાઠમાંડૂ,

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં સેંકડો લોકોનો નાશ થયો. ઘણા ઘરો રેતીની જેમ વહી ગયા, અને સેંકડો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. આ વિનાશ પછી ઘણા ભારતીયો હજુ પણ ગુમ છે. ચોચેન નદી પર ફટાકડાની આસપાસના હિમશિલાઓ તૂટી પડવાની શક્યતા હોવાથી નેપાળ જોખમમાં છે. આ મુશ્કેલ સમયમાં, ભારત સરકાર નેપાળ સાથે સતત સંપર્કમાં છે, અને બોલીવુડ અભિનેતા સોનુ સૂદ પણ જરૂરિયાતમંદોને મદદ કરવા આગળ આવ્યા છે. સોનુ સૂદ તેમના માનવતાવાદી કાર્ય અને માનવતાવાદી પ્રયાસો માટે જાણીતા છે, અને ફરી એકવાર, તેમની માનવતાવાદી ભાવના દર્શાવતા, તેઓ નેપાળ પૂર પીડિતોને મદદ કરવા આગળ આવ્યા છે. અભિનેતા રાહત સામગ્રી સાથે કાઠમંડુ પહોંચ્યા છે.

નેપાળમાં અચાનક પૂરથી થયેલા વિનાશ બાદ, સોનુ સૂદ અસરગ્રસ્ત લોકોને મદદ કરવા કાઠમંડુ પહોંચ્યા છે.અભિનેતાએ જણાવ્યું કે તેઓ પૂરગ્રસ્ત પરિવારોને મળવા અને જરૂરી રાહત સામગ્રીનું વિતરણ કરવા પહોંચ્યા છે. તેમણે ઉમેર્યું કે તેમની ટીમ ભારતથી આવશ્યક સામગ્રી લાવી છે અને આગામી દિવસોમાં પૂરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે શક્ય તેટલું બધું કરવાનું ચાલુ



રાખશે.

નેપાળ પહોંચ્યા પછી, સોનુ સૂદ પૂરગ્રસ્ત લોકો સાથે પણ મળ્યા. આ વિશે બોલતા, અભિનેતાએ કહ્યું, "અમે પૂર પીડિતોને મદદ કરવા આવ્યા છીએ. અમે ભારતથી ઘણો પુરવઠો લાવ્યા છીએ અને અમે તેમના જીવનને પાટા પર લાવવાનો પ્રયાસ કરીશું." વાતચીત દરમિયાન, સોનુ સૂદે સમજાવ્યું કે તેઓ પૂરગ્રસ્ત લોકો માટે ખોરાક અને અન્ય આવશ્યક વસ્તુઓ લાવ્યા છે. તેમની ટીમ જમીન સ્તરે જરૂરિયાતો વિશે પણ જાણવાનો પ્રયાસ કરી રહી છે.

સોનુ સૂદે પૂરગ્રસ્ત લોકોને ખોરાક, ધાબળા અને અન્ય આવશ્યક વસ્તુઓનું વિતરણ કર્યું. તેમણે કહ્યું, "મને લાગે છે કે ફાળો આપવો એ દરેકની ફરજ છે. અમને ઘણો ખોરાક અને ધાબળા મળ્યા છે, જેનું અમે વિતરણ કરી રહ્યા છીએ. અમે પૂરગ્રસ્ત લોકોને તેમની જરૂરિયાતો વિશે પણ પૂછી રહ્યા છીએ, જે અમે ભારતથી મોકલવાનો પ્રયાસ કરીશું. ભારતથી પુરવઠો મોકલવો થોડો મુશ્કેલ છે કારણ કે તેમાં ઘણા લોકોની જરૂર પડે છે." પરંતુ અમે ખાતરી કરવાનો પ્રયાસ કરીશું કે રાહત પુરવઠો ફક્ત આ મહિને જ નહીં પરંતુ આગામી મહિનાઓમાં પણ પહોંચતો રહે.

નેપાળમાં આવેલા વિનાશક પૂર બાદ, અભિનેત્રી મનીષા કોઈરાલાએ પોતાની ચિંતા વ્યક્ત કરી અને બધાને સાથે મળીને પગલાં લેવા વિનંતી કરી. ૩૦ ઓગસ્ટના રોજ આધ્યાત્મિક નેતા સદગુરુના નેતૃત્વમાં "ઈન સોલિડેરિટી વિથ નેપાળ" નામના એક કાર્યક્રમમાં તેમણે આ અપીલ કરી હતી, જ્યાં તેમણે હવામાન સંબંધિત આફતોના વધતા જોખમ અને પૂરના વધતા જોખમ અંગે ખુલ્લેઆમ ચર્ચા કરી હતી.

# રાજકોટમાં સરગમ ગિટાર એકેડેમી દ્વારા 'બેઠક ૨૦૨૬' કાર્યક્રમ સંપન્નઃ ૧૨૦થી વધુ વાદકોએ દર્શકોને ડોલાવ્યા

## ૬ વર્ષના ભૂલકાઓથી લઈ ૬૦ વર્ષના વડીલોએ ગિટારના તાર પર સંગીતમય રમઝટ બોલાવી



રાજકોટ,

રાજકોટ શહેરમાં છેલ્લા ૧૫ વર્ષથી સંગીત ક્ષેત્રે સક્રિય અને જાણીતી ''સરગમ ગિટાર એકેડેમી''દ્વારા સરસ્વ૧તી શિશુ મંદિર ખાતે ગત તારીખ ૨૬ના રોજ ''બેઠક ૨૦૨૬'' સંગીત કાર્યક્રમનું ભવ્યે આયોજન કરવામાં આવ્યું હતું આ વિશેષ કાર્યક્રમમાં ૬ વર્ષના બાળ કલાકારોથી લઈને ૬૦ વર્ષ સુધીની વયના ૧૨૦ થી વધુ ગિટાર વાદકોએ એકસાથે સ્ટેજ પર અદભુત પરફોર્મન્સ આપીને સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું

કાર્યક્રમ દરમિયાન એકેડેમીના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા ગિટાર પર બોલીવુડના અવિસ્મ્રણીય જૂના અને નવા ગીતોની સુમધુર ધૂનો રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત શાષાય રાગ ''આહીર ભૈરવ''નું અદભુત વાદન પ્રસ્તુીત કરી ગિટાર સાથે સંગીતમય રમઝટ બોલાવી હતી. કાર્યક્રમના અંતમાં શ્રશિવ તાંડવની પ્રસ્તુરતિ થતાં સમગ્ર માહોલ ભક્તિતમય બની ગયો હતો આ અદભુત પ્રસ્તુતિ માણવા માટે વાલીગણ અને શહેરના સંગીત રસિકો મોટી સંખ્ખાંક ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સિંહાર ફાઉન્ડેશનના ટ્રસ્ટી ડો વિવેકભાઈ સિંહાર, શ્રીમતી સુનીતાબેન સિંહાર, શ્રી જીતુભાઈ, તેમજ અર્જુ નલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિવેક હિરાણી, ડો. ભારતીબેન હિરાણી અને ડો. તર્જની હિરાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થા ના સ્થાપક શ્રી વિશ્વ શેઠ દ્વારા ઉપસ્થિત તમામ સંગીત પ્રેમીઓ અને વાલીઓનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનનું સફળ અને આકર્ષક સં ચાલન જાણીતા મોટિવેશનલ સ્પીકર મિહિર ચાવડા તેમજ વિધિ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું

કાર્યક્રમના અંતમાં સંસ્થાના સ્થાપક વિશ્વ શેઠ અને સહસ્થાપકો કરણ તન્ના, દ્રષ્ટિ તન્ના, મીરા શેઠ અને વિધિ શેઠ દ્વારા તમામ વાદકો, ઉપસ્થિત મહાનુભાવો અને આમંત્રિતોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે એકેડેમીની એરપોર્ટ રોડ બ્રાન્ચ તેમજ યુનિવર્સિટી રોડ બ્રાન્ચના તમામ વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટના વોર્ડ નં.૨માં સિનર્જી હોસ્પિટલ રોડ પર મનપાના પ્લોટમાંથી ઝુંપડાના દબાણ હટાવાયા



રાજકોટ,

રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રોડથી નજીક આવેલી સિનર્જી હોસ્પિટલવાળા રોડ ઉપર વોર્ડ નં.૨માં નાઈન સ્કવેર બિલ્ડીંગના કોર્નર પાસે ખુલ્લા પ્લોટમાંથી દબાણ હટાવવામાં આવ્યું છે. આ પ્લોટમાં રહેલા દબાણ હટાવવાનો પ્રશ્ન વોર્ડના જાગૃત કોર્પોરેટર ધૈર્યભાઇ પારેખે જનરલ બોર્ડમાં ઉઠાવ્યો હતો અને તે બાદ ટીપી વિભાગે આ ડિમોલીશન કર્યુ છે.

થોડા દિવસો પહેલા વોર્ડના કોર્પોરેટરો આ વિસ્તારમાં વિઝીટ માટે ગયા હતા ત્યારે તેમના ધ્યાનમાં આ કરોડોની કિંમતનો પ્લોટ ધ્યાને આવ્યો હતો અને તેમાં ઝુંપડાના દબાણ હોવાનું દેખાયું હતું. આ બાદ કોર્પોરેટરે તુરંત ટીપી શાખાને મનપાના પ્લોટમાંથી દબાણ હટાવવા અને જગ્યાનો કબ્જો લેવા જાણ કરી હતી. પરંતુ ઘણા દિવસો સુધી અધિકારીઓએ કોઇ કાર્યવાહી ન કરતા નગરસેવકોએ મેયર અને કમિશ્નરના ધ્યાન ઉપર વાત મુકી હતી.

આ દરમ્યાન જનરલ બોર્ડ મળતા ધૈર્યભાઇ પારેખે આ મુદ્દો સભામાં પણ ઉઠાવ્યો હતો અને કોર્પો.ની માલિકીના કિંમતી પ્લોટમાં દબાણો થઇ જવા અને ન હટાવવા મામલે તંત્રનો કાન પણ ખેંચ્યો હતો. આ બાદ મેયર અને કમિશ્નરની સુચનાથી ટીપી શાખાએ આ કાર્યવાહી કરી હતી. આ પ્લોટમાં રહેલા ઝુંપડા હટાવવામાં આવતા હવે ફરીથી કોઇ દબાણ ન થઇ જાય તે માટે જગ્યા ફરતે તુરંતમાં ફેન્સીંગ પણ કરવામાં આવશે. કોર્પોરેટરોના ધ્યાનમાં આકસ્મિક રાઉન્ડમાં આવા દબાણ જોવા મળે તો તગડો પગાર લેતા અધિકારીઓ ઓફિસમાં બેઠા બેઠા પ્રજાની મિલ્કતની સલામતી માટે શું કરે છે તે સવાલ ફરી ઉઠી ગયો છે.

# 'તેરા તુજકો અર્પણ' : રાજકોટ ગાંધીગ્રામ પોલીસે ચોરી-ગુમ થયેલા ૧૪ મોબાઈલ મૂળ માલિકોને પરત સોંપ્યા




રાજકોટ,

રાજકોટ શહેર ગાંધીગ્રામ-૦૨ (યુની.) પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા "તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત સરાહનીય કામગીરી કરીને અરજદારોના ગુમ થયેલા કુલ ૧૪ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૩,૧૦,૦૦૦/-) પોર્ટલના માધ્યમથી શોધી કાઢી મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધીક પોલીસ કમિશ્નર ચૈતસ્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૦૨) રાકેશ દેસાઈ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (પશ્ચિમવિભાગ) આર.એસ.બારિયાના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલા મોબાઈલ અંગે પોર્ટલનો ઉપયોગ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. પોલીસ ઈન્સપેક્ટર કે. કે. ગોહિલના સીધા માર્ગદર્શન હેઠળ પો.કોન્સ. ઉમંગ એલ. જોષી દ્વારા સફળ કામગીરી કરી ૧૪ કિંમતી મોબાઈલ રિકવર કરવામાં આવ્યા હતા.

# વૃધ્ધ માતાની સારસંભાળ નહીં રાખનાર પુત્રને માતાની મિલ્કત પરત કરવા જુનાગઢ એસડીએમનો ઐતિહાસિક હુકમ

## ૭૩ વર્ષીય વિધવા વૃધ્ધાએ પુત્રના નામે તબદીલ કરેલી મિલ્કત પરત મેળવવા દાદ માંગતા ન્યાય મળ્યો

જુનાગઢ,

દિન પ્રતિદિન સંતાનો દ્વારા પોતાના જન્મદાતા માતા પિતાની મિલકતો, સ્ થાવર મિલકતો પચાવી પાડી અને તેઓને તરછોડી દેવાના બનાવો વધી રહ્યા છે ત્યારે જૂનાગઢમાં એક પ્રેરણાદાયક અને સંવેદનશીલ કિસ્સો બહાર આવ્યો છે, ૭૩ વર્ષે વિધવા માતાની સંભાળ ન રાખનાર પુત્રને માતાએ આપેલી મિલકત પરત કરવાનો ઐતિહાસિક હુકમ ઇન્ચાર્જ એસ ડી એમ જુનાગઢ દ્વારા કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ૭૩ વર્ષીય વૃધ્ધ માતા સવિતાબેન વાઘાણી જે વિધવા હોય, તેમણે તેમના પુત્ર નરેન્દ્ર વિરુધ્ મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન્સ એક્ટ ૨૦૦૭ ની કલમ ૪ (૧) તથા કલમ ૨૩ (૧) હેઠળ અરજી કરવામાં આવી હતી. માતાએ પોતાના જીવન નિર્વાહ અને સારસંભાળની અપેક્ષા સાથે જૂનાગઢમાં આવેલું તેમનું મકાન તેમના પુત્રના નામે કરી દીધું હતું પરંતુ પાછળથી પુત્રે જવાબદારી ન નિભાવી માતાએ જીવનના બાકીના વર્ષો સુરક્ષિત અને સન્માનપૂર્વક જીવી શકાય તે માટે પુત્રના નામે તબદીલ કરેલી મિલકતો પરત મેળવવા માંગણી કરી હતી.

આ કેસમાં અરજદાર ની રજૂઆત, પુત્રનું નિવેદન અને મેન્ટેનન્સ ઓફિસ સર ના અહેવાલ ને ધ્યાને લેવાયા હતા. તપાસમાં અરજદારની વૃદ્ધાવસ્થા, આર્થિક સંકહમણ અને દવા ભવનો ખર્ચ સ્પષ્ટ દેખાયો હતો સામાવાળા પુત્ર એ કોર્ટ સમક્ષ માતાથી અલગ રહેતો હોય તે સ્વીકાર્યું હતું અને ભરણપોષણ આપવા સંમતિ દર્શાવી હતી. જોકે અધિનિયમ કલમ ૨૩ ( ૧) મુજબ જો મિલકત ભરણપોષણ ની શરતે તકદીર થઈ કરાઈ હોય અને સંતાન કાળજીનો રાખે તો તે તબદીલી રદ થઈ શકે છે. સમગ્ર કેસની હકીકતો અને કાયદાકી જોગવાઈઓને ધ્યાનમાં રાખી ઈન્ચાર્જ પ્રાંત અધિકારી નિકુંજકુમાર ધુળાએ તેમની બદલીના અને ચાર્જના અંતિમ દિવસે સંવેદનશીલ અને ન્યાય ઓર્ડર કર્યો હતો.

તેઓએ જુનાગઢ જિલ્લાના બિનખેતી સર્વે નંબર ૨૫૧/૨. પ્લોટ નંબર ૧૨/ એ પૈકી ની ૬૬.૮૯ ચોરસ મીટર વિસ્તારની "ની માતૃ કૃપા" મકાન વાળી મિલકત ૧ માસની અંદર પોતાના માતાને નામે પરત તબદિલ કરવાનો હુકમ કર્યો છે હુકમમાં સ્પષ્ટ જણાવાયું છે કે જો આદેશની અમલવારી નહીં થાય તો પુત્ર વિરુદ્ધ કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવામાં આવશે આ ચુકાદો માત્ર મિલકતને નામે કરી દેવાથી વરિષ્ઠ નાગરિકના અધિકારો છીનવાઈ જતા નથી તેઓ સંદેશ આપે છે.

# રાજકોટ જન્માષ્ટમી લોકમેળામાં ગ્રાહકોની જાગૃતિ માટે 'ગ્રાહક બચાવ સ્ટોલ' ની વ્યવસ્થા

રાજકોટ,

સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને લોકમેળાને લૂંટનો મેળો બનતો અટકાવવાના હેતુથી "જન્માષ્ટમી લોકમેળા-૨૦૨૬" માં 'ગ્રાહક બચાવ સ્ટોલ'નું આયોજન કરવામાં આવ્યું છે.

રેસકોર્સ મેદાન ખાતે મુખ્ય સ્ટેજની સામે અને એરપોર્ટ ગેટના પ્રવેશથી ડાબી બાજુ સરકારી સ્ટોલ નં. ૧૭ થી ૨૨ માં આ વિશેષ સ્ટોલ કાર્યરત રહેશે. દર વર્ષે ૧૫ થી ૨૦ લાખ મુલાકાતીઓ મેળો માણતા હોય, આ સ્ટોલ પરથી ગ્રાહકોને એ ટુ ઝેડ પ્રકારની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.વેપારીઓ દ્વારા વ્યાજબી ભાવે ચીજ-વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે તે માટે ૨૦૦ થી વધુ યુવક-યુવતીઓ સમગ્ર મેળા વિસ્તારમાં 'ગ્રાહક સૈનિક' તરીકે વિનામૂલ્યે સેવા આપશે.

# રાજકોટમાં મહેસુલ બાદ હવે લેન્ડ રેકર્ડ વર્ગ-૩નાં કર્મચારીઓએ લડતનું શસ્ત્ર ઉગામ્યુંઃ આવેદન

રાજકોટ,

તાજેતરમાં જ રાજ્યના મહેસુલી વર્ગ-૩નું આંદોલન સમેટાયું છે ત્યાં ફરી લેન્ડ રેકર્ડઝ વર્ગ-૩ના કર્મચારીઓએ પડતર પ્રશ્નોના નિકાલ માટે હડતાલની ચિમકી ઉચ્ચારી છે અને આ બાબતે કર્મચારી મંડળે રાજ્યના મુખ્યમંત્રી અને મહેસુલ મંત્રીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરતાં જણાવેલ છે કે જમીન દફતર ખાતાના વર્ગ-૩ કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણ ન આવતા આવેદનપત્ર આપવામાં આવેલ ત્યારબાદ રાજયભરના તમામ કર્મચારીઓ પેન ડાઉન સ્ટ્રાઇક કરવામાં આવેલ હતી.

ત્યારબાદ વર્ગ-૩ માટે સમાધાન માટે વર્ગ-૧ અને ૨નાં એસો.ના અધિકારી દ્વારા રાજય મંડળ સાથે મીટીંગ કરવામાં આવેલ હતી. આમ કર્મચારીઓના બાકી પડતર પ્રશ્નોનો ઝડપી નિરાકરણ લાવવા સેટલમેન્ટ કમિશ્નર દ્વારા હકારાત્મક અભિગમ દાખવતા તા.૨૫-૭ના રોજ હડતાળ પરત ખેંચવામાં આવેલ હતી. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકનાં અધ્યક્ષ સ્થાને સમાધાન માટે તા.૨૫-૭-૨૦૨૪ યોજાયેલ વર્ગ-૩ કર્મચારી મંડળ સાથે બેઠકમાં થયેલ કાર્યવાહી નોંધ મુજબ બાકી પડતર પ્રશ્નોનો નિરાકરણ કરવામાં આવશે. તેમ જણાવેલ હતું તેમ છતાં બાકી પડતર પ્રશ્નોનું આજદિન સુધી નિરાકરણ કરવામાં આવેલ નથી.

સર્વેયર તથા સિનિયર સર્વેયર ગ્રેડ પેમાં સુધારો કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.તેમ છતાં આજદિન સુધી ગ્રેડ-પેમાં સુધારો કરવામાં આવેલ નથી. ગ્રેડ-પેમાં સુધારો ન થતાં તમામ જિલ્લાના કર્મચારીઓમાં અસંતોષની લાગણી ઉદ્ભવેલ છે અને તા.૧૧-૯ના તમામ જિલ્લા મંડળના પ્રમુખ દ્વારા લેખિતમાં હડતાળ કરવા માટે સંમતિ આપવામાં આવેલ છે તેથી પડતર પ્રશ્નોનું દિન-૩૦ની અંદર નિરાકરણ કરવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે તેમજ ના છુટકે અચોક્કસ મુદતની હડતાળ પર જવા નિર્ણય લેવામાં આવેલ છે.

# રાજકોટમાં પર્યુષણ પર્વે ૯ દિવસ કતલખાના બંધ રાખવા આદેશઃ જાહેરનામું

## તા. ૮ થી ૧૬ દરમિયાન માંસ, મટન, મચ્છી તથા ચીકનના વેંચાણ ઉપર પ્રતિબંધ

રાજકોટ,

આગામી તા. ૮ થી તા. ૧૬ ના રોજ 'પર્યુષણ પર્વ' નિમિતે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સંબંધકર્તા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા સર્વેએ ગંભીર નોંધ લેવી

# રાજકોટ શહેર ભાજપ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે નાગરિકોને શુભકામનાઓ

રાજકોટ,

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રીઓ વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાએ સમસ્ત શહેરીજનોને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા પાઠવી છે.તેમણે જણાવ્યું હતું કે, શ્રાવણ વદ આઠમે ઉજવાતો કૃષ્ણજન્મોત્સવ સમગ્ર દેશમાં અદમ્ય ઉત્સાહ અને કૃષ્ણભક્તિ સાથે ઉજવાય છે.પોતાના જીવનમાં અનેક વિષમતાઓ અને કાવતરાંઓ હોવા છતાં શ્રીકૃષ્ણે હસતા મુખે સ્થિતપ્રજ્ઞ રહીને તમામ સમસ્યાઓનો સામને કર્યો અને અનિષ્ટ તત્વોનો વિનાશ કરીને સાચા લોકનાયક તરીકે પ્રસ્થાપિત થયા. કૃષ્ણજન્મના આ પાવન પર્વે મંદિરોમાં ભવ્ય ઉજવણી અને મટકીફોડના કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની રહે છે.

# રાજકોટ સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હીલ્સ આયોજીત સંસ્કૃત શ્લોકગાન - ગુજરાતી વકતૃત્વ સ્પર્ધા સંપન્ન

રાજકોટ,

રાજકોટ સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઓન વ્હીલ્સ સંલગ્ન ૧૦૦ ગ્રામીણ શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિને ઉજાગર કરી પ્રોત્સાહિત કરવા માટે સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશનના ઉપક્રમે યુ.એસ.એ. સ્થિત સંસ્થાના સ્વજન શ્રીમતી અરુણાબહેન પટેલ તથા સ્વ.શ્રી હરિતભાઈ પટેલના આર્થિક સહયોગથી સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધા, ગુજરાતી વકતૃત્વ સ્પર્ધા તેમજ પારિતોષિક વિતરણ કાર્યક્રમનું આયોજન તા.૨૫.૦૮.૨૦૨૬ મંગળવારે પ્રો.જ્યોત્સનાબહેન જોશી ઓડિટોરિયમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ક્વોલિટી એજ્યુકેશન, રાજકોટ ખાતે યોજવામાં આવેલ

# રાજકોટમાં શાશ્વત ફાઉન્ડેશન રાજકોટ દ્વારા રાશન કીટનું વિના મૂલ્યે વિતરણ



રાજકોટ,શાશ્વત ફાઉન્ડેશન રાજકોટ દ્વારા તાજેતરમાં તા. ૩૦/૦૮/૨૦૨ક ને રવિવારનાં ગોવિંદ આશ્રમ કુવાડવા રોડ ખાતે આવા જરૂરિયાત મંદ પરિવારો અંગે સર્વે કરી તેઓની જરૂરિયાત અંગે જાણી, સમજી અને નામ રજીસ્ટર કરી આવા જરૂરિયાત મંદ પરિવારોનાં લાભાર્થે અન્નપૂર્ણા યજ્ઞ અંતર્ગત તદ્દન વિના મૂલ્યે સંપૂર્ણ રાશન કીટ વિતરણ ખૂબજ બહોળી સંખ્યામાં કરવામાં આવ્યુ હતું.

પવિત્ર તહેવારો ની ઉજવણીમાં સમાજનાં જરૂરિયાત મંદ પરિવાર પણ ઉત્સાહ પૂર્વક ઉજવી શકે તેવા ઉમદા હેતુથી અને માનવતા વાદી દ્રષ્ટિકોણથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

# રાજકોટના આજી ફિલ્ટર પ્લાન્ટ ખાતે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝના સ્ટાફને તાલીમ અપાઈ



રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકાના વોટર મેનેજમેન્ટ અંતર્ગત આજી ઝોન ખાતે આવેલા આજી ફિલ્ટર પ્લાન્ટ પર ઈસ્ટ ઝોન સંલગ્ન 'ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ'ના સ્ટાફ માટે "સેફ હેન્ડલિંગ ઓફ ક્લોરીન'' વિષય પર વિશેષ ડેમોન્સ્ટ્રેશન અને ટ્રેનિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ દરમિયાન ફાયર સ્ટાફને ૯૦૦ કિલોના ક્લોરીન ટનર તથા ૧૦૦ કિલોના ક્લોરીન સિલિન્ડરમાંથી થતું લીકેજ અટકાવવાના ઉપાયો, ક્લોરીન ગેસથી અસરગ્રસ્ત લોકોને અપાતી પ્રાથમિક સારવાર તેમજ વોટર મેનેજમેન્ટ યુનિટમાં કાર્યરત 'વેક્યુમ ફીડ કલોરીનેશન સિસ્ટમ' અને સ્ક્રબર સિસ્ટમ અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા બનશે રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓ

## જિતેન્દ્ર મિશ્રાએ ઓપરેશન સિંદૂર અને કારગિલ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી : ટ્રસ્ટની બેઠકમાં સર્વાનુમતે નિર્ણય, ત્રણ નવા સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી



લખનૌ,

અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓના નામ અંગે મહત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ સીઈઓ બનશે. નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાએ પશ્ચિમ વાયુસેના કમાન્ડના વડા તરીકે સેવા આપી હતી. તેમણે ઓપરેશન સિંદૂર અને કારગિલ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જિતેન્દ્ર મિશ્રા ૩૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થયા. તેમને સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ પણ એનાયત કરવામાં આવ્યો છે. જિતેન્દ્ર મિશ્રા દેવરિયાના રહેવાસી છે.

બુધવારે અયોધ્યામાં મણિરામદાસ છાવણી ખાતે મહંત નૃત્ય ગોપાલદાસની અધ્યક્ષતામાં મળેલી ટ્રસ્ટની બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. બેઠકમાં ટ્રસ્ટના મુખ્ય અધિકારીઓ તેમજ આમંત્રિત સભ્યોએ હાજરી આપી હતી. ટ્રસ્ટની બેઠકમાં ત્રણ નવા સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી હતી. નવા નિયુક્ત કરાયેલા સભ્યોમાં અયોધ્યાના મદન મોહન પાંડે, દિલ્હીના મહેશ ભાગચંદકા અને અયોધ્યાના નિર્મલા યાદવનો સમાવેશ થાય છે.ટ્રસ્ટે એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને મંદિરના પ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે.

રામ મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને કાયમી સભ્યોઃ કે. પરાસરનઃ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને ટ્રસ્ટના સ્થાપક સભ્ય,મહંત નૃત્ય ગોપાલ દાસઃ પ્રમુખ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ.,સ્વામી ગોવિંદ દેવ ગિરીજી મહારાજઃ ખજાનચી.,કૃષ્ણ મોહનઃ વચગાળાના જનરલ સેક્રેટરી., જગતગુરુ શંકરાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીજી મહારાજઃ સભ્ય (પ્રયાગરાજ).,જગતગુરુ મધ્વાચાર્ય સ્વામી વિશ્વપ્રસન્ન તીર્થ જી મહારાજઃ સભ્ય (પેજાવર મઠ, ઉડુપી)., યુગપુરુષ પરમાનંદ જી મહારાજઃ સભ્ય (હરિદ્વાર).,મહંત દિનેન્દ્ર દાસઃ સભ્ય (નિર્મોહી અખાડાના પ્રતિનિધિ).,નિર્મલા યાદવઃ નવી મહિલા ટ્રસ્ટી (શિકોહાબાદ)., મદન મોહન પાંડેઃ નવા ટ્રસ્ટી (અયોધ્યાના વરિષ્ઠ વકીલ)., મહેશ ભાગચંદકાઃ નવા ટ્રસ્ટી (દિલ્હી) છે. જ્યારે હોદ્દેદાર અને સત્તાવાર સભ્યો જોઈએ તો નૃપેન્દ્ર મિશ્રાઃ અધ્યક્ષ, મંદિર નિર્માણ સમિતિ.,પ્રશાંત લોખંડેઃ કેન્દ્ર સરકારના પ્રતિનિધિ.,સંજય પ્રસાદઃ ઉત્તર પ્રદેશ સરકારના પ્રતિનિધિ.શશાંક ત્રિપાઠીઃ જિલ્લા મેજિસ્ટ્રેટ, અયોધ્યા. છે અયોધ્યાના પ્રખ્યાત રામ મંદિરમાં મોટા પાયે દાનની ચોરીના આરોપો બાદ, રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને અનિલ મિશ્રાને દૂર કરવામાં આવ્યા હતા. આ પછી, એવી જાહેરાત કરવામાં આવી હતી કે રામ મંદિરના સંચાલનની દેખરેખ માટે એક સીઈઓની નિમણૂક કરવામાં આવશે.

# નેપાળ જેવી આફતો દાયકાઓ સુધી અનુભવાતી રહેશે, યુએનએ આબોહવા સંકટ પર ચેતવણી આપી

## આગામી થોડા વર્ષોમાં પૃથ્વી ૧.૫° સી ગ્લોબલ વોર્મિંગની સલામત મર્યાદાને વટાવી જશે

વોશિંગ્ટન,

શું વિશ્વને દાયકાઓ સુધી નેપાળ જેવી આફતો અને વિનાશ સહન કરવો પડશે? સંયુક્ત રાષ્ટ્ર (યુએન)નો એક અહેવાલ આવું સૂચવે છે. આબોહવા પરિવર્તન પરના આ નવા અહેવાલે વિશ્વને એક મોટી ચેતવણી આપી છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના એક અહેવાલ મુજબ, આગામી થોડા વર્ષોમાં પૃથ્વી ૧.૫ સી ગ્લોબલ વોર્મિંગની સલામત મર્યાદાને વટાવી જશે. આનો અર્થ એ છે કે વિશ્વને હવામાન સંબંધિત આફતો, સમુદ્રના સ્તરમાં વધારો, પ્રજાતિઓનું લુપ્ત થવું અને આવનારા દાયકાઓ સુધી બરફ અને હિમનદીઓ પીગળવા જેવા ગંભીર પડકારોનો સામનો કરવો પડી શકે છે.

આ યુએનઈપી રિપોર્ટ ૨૦૧૫ ના પેરિસ આબોહવા કરારના સંદર્ભમાં આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય વૈશ્વિક તાપમાનમાં વધારાને પૂર્વ-ઔદ્યોગિક સ્તરથી ૧.૫ સી સુધી મર્યાદિત રાખવાનો હતો. વૈજ્ઞાનિકોના મતે, વિશ્વ પહેલાથી જ લગભગ ૧.૪ સી જેટલું ગરમ થઈ ગયું છે.

આ અહેવાલમાં, પ્રથમ વખત,યુએનએ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે ૧.૫ સી મર્યાદા જાળવી રાખવી હવે શક્ય નથી. જો કે, આનો અર્થ એ નથી કે આબોહવા પરિવર્તન સામે લડવાના પ્રયાસો છોડી દેવા જોઈએ. વૈજ્ઞાનિકો અને યુએન અધિકારીઓ કહે છે કે નવી વ્યૂહરચના પહેલા તાપમાનમાં વધારાને મર્યાદિત સ્તર સુધી મર્યાદિત રાખવાની અને પછી ધીમે ધીમે તેને નીચે લાવવાની હોવી જોઈએ.

યુએનઈપી મુજબ, આ સદીના મધ્યભાગમાં વૈશ્વિક તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચી શકે છે. વર્તમાન નીતિઓના આધારે, ૨૧૦૦ સુધીમાં તાપમાનમાં વધારો ૨.૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચવાનો અંદાજ છે.

# ઉત્તર પ્રદેશમાં આઉટસોર્સ્ડ કર્મચારીઓના પગારમાં ૭ હજાર રૂપિયા સુધીનો વધારો

## સાડા ત્રણ લાખ આઉટસોર્સ્ડ કર્મચારીઓને મળશે લાભ

લખનૌ,

યોગી સરકારે ઉત્તર પ્રદેશમાં સાડા ત્રણ લાખ આઉટસોર્સ્ડ કર્મચારીઓને ભેટ આપી છે. આઉટસોર્સ્ડ કર્મચારીઓના પગારમાં ૭ હજાર રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે.લોકભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ આઉટસોર્સ્ડ સર્વિસીસ કોર્પોરેશનની વેબસાઇટ, લોગો લોન્ચ કર્યો અને આઉટસોર્સ્ડ કર્મચારીઓને ચેકનું વિતરણ કર્યું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ હાજર રહ્યા હતા. કર્મચારીઓને ૫૦ લાખ સુધીનો વીમા કવર, ૫ લાખની કટોકટી તબીબી સહાય અને ૧૦ લાખની એર એમ્બ્યુલન્સ સહાય મળશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે ઉત્તર પ્રદેશ આઉટસોર્સ્ડ સર્વિસીસ કોર્પોરેશનના લોગોનું અનાવરણ કર્યું. કોર્પોરેશનની વેબસાઇટ અને પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યા હતા.યુપીસીઓએસ રાજ્યભરના વિવિધ વિભાગોમાં કામ કરતા આઉટસોર્સ્ડ કર્મચારીઓનો એકીકૃત રેકોર્ડ બનાવશે. હાલમાં, કર્મચારીઓની માહિતી વ્યક્તિગત વિભાગો અને આઉટસોર્સ્ડ એજન્સીઓના સ્તરે જાળવવામાં આવે છે. નવી સિસ્ટમ આ માહિતીને ઓનલાઈન પ્લેટફોર્મમાં એકીકૃત કરશે.

# કાયદો અને વ્યવસ્થા સરકારની જવાબદારી છતાં સમાજની માનસિકતા બદલવી જરૂરી : મહિલા આયોગ

## રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા કિશોર રહાતકરે દિલ્હી એનસીઆરમાં ચાલતી બસમાં સગીર વિદ્યાર્થીની પર બળાત્કારની નિંદા કરી

નવીદિલ્હી,

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા કિશોર રહાતકરે દિલ્હી એનસીઆરમાં ચાલતી બસમાં સગીર વિદ્યાર્થીની પર બળાત્કારની નિંદા કરી અને કહ્યું કે સમાજે તેની માનસિકતા બદલવાની જરૂર છે. વિજયા કિશોર રહાતકરે કહ્યું, "આ એક ખૂબ જ દુઃખદ ઘટના છે, અને હું છોકરી સાથે જે બન્યું તેની સખત નિંદા કરું છું. ફક્ત એટલું કહેવું પૂરતું નથી કે તે સાચી નથી. આરોપીને સૌથી કડક સજા મળવી જોઈએ. મારું માનવું છે કે પોલીસ આ કેસમાં કામ કરી રહી છે, અને આપણે તેમને થોડો સમય આપવો જોઈએ. જોકે, આરોપીને તાત્કાલિક અને કડક સજા મળવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવું કૃત્ય કરવાની હિંમત ન કરે. અમે જોઈ રહ્યા છીએ કે પોલીસ શું કાર્યવાહી કરે છે."

વિજય કિશોર રહાતકરે કહ્યું, "સરકારની એક મોટી જવાબદારી છે. સમાજના યોગ્ય કાર્યમાં કાયદો અને વ્યવસ્થા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, અને આ માટે સરકાર પાસે પોતાની વ્યવસ્થા છે. પરંતુ, તે જ સમયે, સમાજની માનસિકતામાં મોટો ફેરફાર પણ જરૂરી છે. જ્યારે આવી સમસ્યાઓ ઊભી થાય છે, ત્યારે જો સમાજ ખામીયુક્ત રીતે કાર્ય કરતો રહે અને કાયદાકીય અને વહીવટી વ્યવસ્થાઓ પર સંપૂર્ણપણે નિર્ભર રહે તો પરિસ્થિતિ કેવી રીતે સુધરશે? આપણે બંને પાસાઓ પર એકસાથે કામ કરવાની જરૂર છે."

તેમણે કહ્યું, "જ્યારે પણ કોઈ ગંભીર ઘટના બને છે અથવા કોઈ ગુનો કરે છે, ત્યારે આવા વ્યક્તિઓ સામે મજબૂત સામાજિક દબાણ હોવું જોઈએ. લોકોને સ્પષ્ટ કરવું જોઈએ કે જો તમે કંઈક ખોટું કરો છો, તો સમાજ તમારી સાથે રહેશે નહીં.

# બાંગ્લાદેશે ભારતની સરહદ નજીક સર્વેલન્સ અને ડ્રોન સ્કૂલ સ્થાપી

ઢાકા,

બાંગ્લાદેશે ભારત સાથેની તેની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક એક સર્વેલન્સ અને ડ્રોન તાલીમ શાળા સ્થાપી છે. સિલહટમાં બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) મુખ્યાલય ખાતે "શિમાંતો સ્કૂલ ઓફ સર્વેલન્સ એન્ડ ડ્રોન વોરફેર"નું ઉદ્ઘાટન દેશના ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે તેને છિદ્રાળુ સરહદનું સંચાલન કરવા તરફ એક મોટું પગલું ગણાવ્યું હતું.

આ શાળા મેઘાલયની રાજધાની શિલોંગથી લગભગ ૧૧૫ કિમી દક્ષિણમાં અને ભારત સાથેની સરહદથી લગભગ ૫૫ કિમી દૂર સ્થિત છે.

અહેમદના જણાવ્યા મુજબ, નાઈટ-વિઝન અને થર્મલ ટેકનોલોજીથી સજ્જ ડ્રોન જંગલી સરહદી વિસ્તારમાં ચોવીસ કલાક દેખરેખ રાખવા સક્ષમ બનાવશે અને દાણચોરો, ડ્રગ હેરફેર કરનારાઓ અને ગેરકાયદેસર હથિયારોના ડીલરો દ્વારા ઉપયોગમાં લેવાતા માર્ગો શોધવામાં મદદ કરશે.

તેમણે ઉમેર્યું કે આગામી એક થી બે વર્ષમાં વિવિધ દેશોની અદ્યતન ડ્રોન તકનીકોનો સમાવેશ કરવામાં આવશે.

ઉદ્ઘાટન કાર્યક્રમમાં, BGB કર્મચારીઓએ ડ્રોનનો ઉપયોગ કરીને સરહદ પર દેખરેખ અને કામગીરી કરવા માટેની તકનીકોનું પ્રદર્શન કર્યું.

BGB એ કહ્યું કે આ શાળા ટેકનોલોજી-આધારિત સરહદ સુરક્ષા, અદ્યતન દેખરેખ અને આધુનિક ઓપરેશનલ ક્ષમતામાં એક નવો સીમાચિહ્નરૂપ બનશે. BGB એક અર્ધલશ્કરી દળ છે જે ભારત સાથેની ૪,૦૯૬.૭ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદનું સંચાલન કરે છે.

# રશિયા પર ગુપ્ત રીતે ઈરાનને સુપરસોનિક ક્રુઝ મિસાઈલ ટેકનોલોજી વિકસાવવામાં મદદ કરવાનો આરોપ

## રેમજેટ ટેકનોલોજીનો ઉપયોગ એન્ટી-શિપ અને લેન્ડ-એટેક ક્રુઝ મિસાઈલોમાં થઈ શકે

વોશિંગ્ટન,

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, એક ખૂબ જ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રશિયા પર ગુપ્ત રીતે ઈરાનને અત્યંત સંવેદનશીલ લશ્કરી ટેકનોલોજી પૂરી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ફાઇનાન્શિયલ ટાઈમ્સના એક અહેવાલ મુજબ, રશિયા ઘણા વર્ષોથી ઈરાનને સુપરસોનિક ક્રુઝ મિસાઈલો વિકસાવવામાં મદદ કરી રહ્યું છે. ઝ૪૩૦ન્ કોડનેમ ધરાવતો આ ગુપ્ત કાર્યક્રમ ૨૦૨૩ માં શરૂ થયો હતો. અહેવાલમાં જણાવાયું છે કે અનુભવી રશિયન મિસાઇલ નિષ્ણાતો આ કાર્યક્રમમાં સામેલ છે. એ નોંધવું જોઈએ કે અમેરિકાએ તાજેતરમાં જ ઈરાન પર ફરી એકવાર હુમલો કર્યો હતો, જેનાથી આ ક્ષેત્રમાં નવેસરથી સંઘર્ષ શરૂ થવાની શક્યતા વધી ગઈ છે.

અહેવાલ મુજબ, આ કાર્યક્રમનો હેતુ ઈરાનને રેમજેટ એન્જિન ટેકનોલોજી વિકસાવવામાં મદદ કરવાનો છે. આ ટેકનોલોજી ક્રુઝ મિસાઈલોને અવાજની ગતિ કરતા અનેક ગણી ઝડપથી ઉડાન ભરી શકે છે. ફાઇનાન્શિયલ ટાઈમ્સે લીક થયેલા રશિયન સંદેશાવ્યવહાર, મુસાફરી રેકોર્ડ અને લશ્કરી પેટન્ટના વિશ્લેષણના આધારે આ અહેવાલ તૈયાર કર્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ કાર્યક્રમ ઈરાન સામે અમેરિકા અને ઇઝરાયલી સંઘર્ષ દરમિયાન પણ ચાલુ રહ્યો હતો.

રિપોર્ટ અનુસાર, રેમજેટ ટેકનોલોજીનો ઉપયોગ એન્ટી-શિપ અને લેન્ડ-એટેક ક્રુઝ મિસાઈલોમાં થઈ શકે છે. સુપરસોનિક ક્રુઝ મિસાઈલોની ખાસિયત એ છે કે તે ખૂબ જ ઊંચી ઝડપે અને ઓછી ઊંચાઈએ ઉડી શકે છે, જેના કારણે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને તેમને શોધવા અને અટકાવવા માટે ઓછો સમય મળે છે.

ફાઇનાન્શિયલ ટાઈમ્સના જણાવ્યા મુજબ, ઈરાને પહેલાથી જ રેમજેટ પ્રોપલ્શન સિસ્ટમ વિકસાવી છે અને ફ્લાઈટ-પરીક્ષણ કર્યું છે. જો કે, હજુ સુધી એવા કોઈ પુરાવા નથી કે ઈરાને રશિયન સહાયથી વિકસિત કોઈપણ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ તૈનાત કરી છે.

# ઉત્તરાખંડમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવી મદરેસાઓ સામે તંત્રે કાર્યવાહી શરૂ કરી

## રૂદ્રપુરમાં બે મદરેસા સીલ કરવામાં આવી,એક મદરેસાને નોટિસ

દહેરાદૂન,

પ્રશાસને ઉત્તરાખંડમાં માન્યતા પ્રાપ્ત ન હોય તેવી મદરેસાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. રાજ્ય લઘુમતી શિક્ષણ સત્તામંડળના અધ્યક્ષ ડૉ. સુરજીત સિંહ ગાંધીના જણાવ્યા અનુસાર, રૂદ્રપુરમાં સોમવારે એક મદરેસાને સીલ કર્યા પછી, મંગળવારે બીજી એક મદરેસાને સીલ કરવામાં આવી હતી, જ્યારે બીજી એક મદરેસાને નોટિસ જારી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જે મદરેસાઓ ધોરણોને પૂર્ણ કરતી નથી તેમનું નિરીક્ષણ કરવામાં આવશે અને રાજ્યભરમાં સમાન કાર્યવાહી કરવામાં આવશે.

ઓથોરિટીના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, ઉત્તરાખંડમાં મદરેસા બોર્ડ સિસ્ટમ સમાપ્ત થઈ ગઈ છે. રાજ્ય લઘુમતી શિક્ષણ સત્તામંડળની નવી સિસ્ટમ ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલમાં છે. તેનો ધ્યેય બાળકોને તેમની ધાર્મિક ઓળખ જાળવી રાખીને આધુનિક શિક્ષણના મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવાનો છે. જો કે, એવું જોવા મળ્યું છે કે રાજ્યમાં ઘણી મદરેસાઓ ન તો માન્યતા માંગી રહી છે કે ન તો તેના માટે અરજી કરી રહી છે.

તેમણે કહ્યું, રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય સમાજના તમામ વર્ગોને ગુણવત્તાયુક્ત, આધુનિક અને સંસ્કારી શિક્ષણ પૂરું પાડવાનો છે. આ કાર્યવાહી સંસ્થાઓ બંધ કરવાને બદલે સિસ્ટમમાં સુધારો કરવા અને બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવા પર કેન્દ્રિત છે.

# સીરિયા બશર અલ-અસદની સરકાર હેઠળ પરમાણુ રિએક્ટર બનાવી રહ્યું હતું

## યુએન પરમાણુ નિરીક્ષકોની મુલાકાત અને નિરીક્ષણથી શંકાસ્પદ પરમાણુ સ્થળના અસ્તિત્વની પુષ્ટિ થઈ

સીરિયા,

ભૂતપૂર્વ સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદના શાસનકાળ દરમિયાન પરમાણુ રિએક્ટર પર કામ ચાલી રહ્યું હતું. યુએનના એક રિપોર્ટ અનુસાર, સીરિયા પદભ્રષ્ટ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદના નેતૃત્વ હેઠળ દેઈર અલ-ઝોરમાં પરમાણુ રિએક્ટર બનાવી રહ્યું હતું. સભ્ય દેશોને મોકલવામાં આવેલા ગુપ્તચર અહેવાલ મુજબ, યુએન પરમાણુ નિરીક્ષકોએ ઓગસ્ટમાં સીરિયામાં અનેક સ્થળોની મુલાકાત લીધી અને નિરીક્ષણ કર્યું, જેનાથી લાંબા સમયથી શંકાસ્પદ પરમાણુ સ્થળના અસ્તિત્વની પુષ્ટિ થઈ.

આ મુલાકાતના આધારે, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે તેણે "નિર્ણય લીધો છે કે ભૂતપૂર્વ સીરિયન અધિકારીઓએ એનપીટી સેફગાર્ડ્સ કરાર હેઠળ જરૂરી પરમાણુ સામગ્રી, પ્રવૃત્તિઓ અને સુવિધાઓ વિશે માહિતી પૂરી પાડી ન હતી." આ માહિતીમાં દેઈર અલ-ઝોરમાં નિર્માણાધીન પરમાણુ રિએક્ટર, એક ઈંધણ ઉત્પાદન પ્લાન્ટ અને બશર અલ-અસદના શાસન દરમિયાન બળતણ સંગ્રહ કરવા માટે ઉપયોગમાં લેવાતી બીજી સાઈટનો સમાવેશ થાય છે.

બશર અલ-અસદની સરકાર હેઠળ, સીરિયાએ એક મોટો અઘોષિત પરમાણુ કાર્યક્રમ ચલાવ્યો હોવાનું માનવામાં આવે છે, જેમાં પૂર્વી દેઈર અલ-ઝોર પ્રાંતમાં ઉત્તર કોરિયા દ્વારા નિર્મિત પરમાણુ રિએક્ટરનો સમાવેશ થાય છે. જો કે, બશર અલ-અસદને સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા પછી, નવી સરકારે આઈએઈએ નિરીક્ષકોને પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા શંકાસ્પદ સ્થળોની મુલાકાત લેવાની મંજૂરી આપવા સંમતિ આપી.

# સરકારી સંસ્થાઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારની ૭૦,૫૮૪ ફરિયાદ : બેંક અને રેલ્વેમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર

## બેંકો સામે ૧,૭૪૯, રેલ્વે સામે ૧,૪૨૮, પેટ્રોલિયમ મંત્રાલય સામે ૧,૩૧૮, દિલ્હી સરકાર સામે ૧,૩૦૭ અને સંરક્ષણ મંત્રાલય સામે ૧,૦૧૬ ફરિયાદો

નવીદિલ્હી,

સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના અહેવાલ મુજબ, ગયા વર્ષે સરકારી સંસ્થાઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારની ૭૦,૫૦૦ થી વધુ ફરિયાદો મળી હતી, જેમાં સૌથી વધુ ફરિયાદો બેંકો અને રેલ્વે વિરુદ્ધ હતી. રિપોર્ટ મુજબ, કમિશન વતી કામ કરતા મુખ્ય તકેદારી અધિકારીઓને કુલ ૭૦,૫૮૪ ફરિયાદો મળી હતી. આમાંથી, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ૬૪,૯૦૫ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. CVC ના વાર્ષિક અહેવાલ ૨૦૨૫ માં જણાવાયું છે કે, "૨૦૨૫ ના અંત સુધીમાં કુલ ૫,૬૭૯ ફરિયાદો તપાસ અથવા કાર્યવાહી માટે પેન્ડિંગ હતી. આમાંથી, ૨,૦૦૨ ફરિયાદો ત્રણ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતી."સીવીઓને ત્રણ મહિનામાં ફરિયાદોની તપાસ પૂર્ણ કરવાની અપેક્ષા છે. અહેવાલમાં જણાવાયું છે કે કમિશન સમયાંતરે CVO પાસે પેન્ડિંગ ફરિયાદોની સમીક્ષા કરે છે જેથી ફરિયાદોનો ઝડપી નિકાલ થાય. બેંકોને સૌથી વધુ ૯,૯૩૩ ફરિયાદો મળી. આમાંથી, ૯,૫૨૦ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૪૧૩ ફરિયાદો પેન્ડિંગ રહી હતી. આમાંથી, ૫૨ ફરિયાદો ત્રણ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતી.

અહેવાલ મુજબ, CVO ને રેલ્વે સંબંધિત ૯,૩૮૧ ફરિયાદો મળી હતી. આમાંથી, ૮,૭૫૪ ફરિયાદોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો, જ્યારે ૬૨૭ ફરિયાદો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પેન્ડિંગ હતી. આમાંથી, ૧૦ ફરિયાદો ત્રણ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતી. રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની સરકારને બાદ કરતાં, હાઉસિંગ અને શહેરી બાબતોને લગતી કુલ ૬,૫૩૧ ફરિયાદો મળી હતી, જ્યારે ૪,૮૩૪ ફરિયાદો સ્થાનિક સંસ્થાઓ સામે મળી હતી.

અહેવાલ મુજબ, ગયા વર્ષે કોલસા ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓને લગતી ૪,૧૧૮ ફરિયાદો મળી હતી. વધુમાં, ૩,૧૦૭ ફરિયાદો નાણાં ક્ષેત્રને, ૨,૮૦૪ દિલ્હી સરકારને અને ૨,૭૨૨ ફરિયાદો પેટ્રોલિયમ મંત્રાલયને લગતી હતી. આ અહેવાલ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો હતો.અહેવાલમાં જણાવાયું છે કે દિલ્હી પોલીસ સામે કુલ ૨,૬૩૩ ફરિયાદો મળી હતી, જ્યારે ૨,૧૩૯ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે ક્ષેત્રને લગતી હતી અને ૨,૦૩૬ દિલ્હી પોલીસને બાદ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયને લગતી હતી. આ રિપોર્ટમાં ૨૦૨૫ દરમિયાન CVC દ્વારા 'જરૂરી કાર્યવાહી' માટે CVO ને મોકલવામાં આવેલી ફરિયાદોની વિગતો પણ આપવામાં આવી છે.

# બીસીઆઈના દરેક મહત્વપૂર્ણ નિર્ણયમાં એટર્ની જનરલ અને સોલિસિટર જનરલ સામેલ રહેશે : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટનો બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની કામગીરી અંગે મહત્વપૂર્ણ નિર્દેશ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની કામગીરી અંગે મહત્વપૂર્ણ નિર્દેશ જારી કર્યા. કોર્ટે જણાવ્યું હતું કે જ્યાં સુધી નવી ચૂંટાયેલી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની રચના ન થાય ત્યાં સુધી,બીસીઆઇના તમામ મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયો એટર્ની જનરલ આર. વેંકટરામણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા સમક્ષ મૂકવામાં આવશે, અને તેમને સંબંધિત બેઠકોમાં આમંત્રિત કરવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે આ નિર્દેશ જારી કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે નવી રચાયેલી રાજ્ય બાર કાઉન્સિલોએ તેમની રચનાની સૂચના આપવામાં આવે તે તારીખથી બે અઠવાડિયામાં બીસીઆઇમાં વૈધાનિક અધિકારીઓ અને તેમના સંબંધિત પ્રતિનિધિઓની પસંદગી કરવી જોઈએ. તમામ રાજ્ય બાર કાઉન્સિલોએ સુપ્રીમ કોર્ટને અનુપાલન અહેવાલો સબમિટ કરવા આવશ્યક છે. આ અહેવાલો પ્રાપ્ત થયા પછી, કોર્ટ બીસીઆઇના પુનર્ગઠનના મુદ્દા પર વિચાર કરશે. કેસમાં બીસીઆઇના અધ્યક્ષ મનન કુમાર મિશ્રાને દૂર કરવાની માંગ પણ શામેલ હતી. અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે બીસીઆઇ નિયમો હેઠળ, ચેરમેન અને વાઇસ ચેરમેનનો કાર્યકાળ બે વર્ષનો હોય છે, પરંતુ એપ્રિલ ૨૦૨૫ ના નોટિફિકેશન દ્વારા, તેને ૨૦૩૦ સુધી પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવ્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે બુધવારે મિશ્રા સામે કોઈ પ્રતિકૂળ આદેશ આપ્યો ન હતો. કોર્ટ હાલમાં રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા અને ત્યારબાદ બીસીઆઇના પુનર્ગઠન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

સુનાવણી દરમિયાન, વરિષ્ઠ વકીલ માધવી દિવાને ૨૧ એપ્રિલ, ૨૦૨૫ ના નોટિફિકેશનનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે બીસીઆઇ ચેરમેન અને વાઇસ ચેરમેનનો કાર્યકાળ પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવશે. જસ્ટિસ બાગચીએ પૂછ્યું, "કયા કાનૂની જોગવાઈ હેઠળ ચેરપર્સનનો કાર્યકાળ પાંચ વર્ષ નક્કી કરતી નોટિફિકેશન જારી કરવામાં આવી હતી?" દીવાને જણાવ્યું હતું કે બીસીઆઇ નિયમ ૧૨(૨) હેઠળ, ચેરમેન અને વાઇસ ચેરમેનનો કાર્યકાળ ફક્ત બે વર્ષનો છે. કોર્ટે એવી પણ ટિપ્પણી કરી હતી કે જો નિયમ બે વર્ષનો કાર્યકાળ નક્કી કરે છે, તો નોટિફિકેશન તેને કેવી રીતે લંબાવી શકે છે?

સીજેઆઇ સૂર્યકાંતે નિયમોમાં નિર્ધારિત પાંચ વર્ષની મુદત અને બે વર્ષની મુદત વચ્ચેના તફાવત પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

# રાજકોટમાં જન્માષ્ટમી નિમિત્તે આયોજિત 'વિરાસતથી વિકાસ લોકમેળા'નું સફાઈકર્મીના હસ્તે ઉદ્ઘાટન

## રાજકોટનો લોકમેળો સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ, પરંપરાનું ગૌરવ તેમજ એકતા તથા ભાઈચારાનો ઉત્સવ છે, મુલાકાતીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને બાળકો તથા વડીલોનું ખાસ ધ્યાન રાખવા અપીલ









રાજકોટ તા. ૨: રાજકોટમાં રેસકોર્સ મેદાન ખાતે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પવિત્ર પર્વ નિમિત્તે આયોજિત 'વિરાસતથી વિકાસ લોકમેળા - ૨૦૨૬'નું આજે મહાનગર પાલિકાના સફાઈ કર્મી શ્રી ગલાલબેન મકવાણાના હસ્તે, ધારાસભ્યો શ્રી રમેશભાઈ ટીલાળા અને શ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાએ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટનો લોકમેળો એ માત્ર મનોરંજનનું માધ્યમ નથી પરંતુ તે સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ, પરંપરાનું ગૌરવ તેમજ એકતા તથા ભાઈચારાનો ઉત્સવ છે. અહીંની લોકકળા, લોકસંગીત, રાસ-ગરબા, હસ્તકળા અને પરંપરાગત રમતોમાં આપણી માટીની સુગંધ વણાયેલી છે, જ્યાં જૂની પરંપરાઓ અને નવી પેઢીનો સુંદર સંગમ જોવા મળે છે.

તેમણે ભગવાન શ્રી કૃષ્ણના જીવનસંદેશનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, કૃષ્ણનું સમગ્ર જીવન ધર્મ, સત્ય, કર્તવ્ય અને કર્મયોગનો સંદેશ આપે છે. મુશ્કેલી ગમે તેટલી મોટી હોય પરંતુ કર્તવ્યના માર્ગ પરથી ક્યારેય ડગવું જોઈએ નહીં. તેમણે રાજકોટને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને વિકસિત બનાવવા માટે નાગરિકોને સહયોગ આપવા અપીલ કરી હતી.

આ તકે ધારાસભ્યશ્રીએ લોકમેળાના આયોજન બદલ વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ, સફાઈ કર્મચારીઓ, સ્વયંસેવકો અને આયોજકોની મહેનતને બિરદાવી હતી. તેમણે લોકમેળાને સ્થાનિક વેપારીઓ અને કારીગરો માટે રોજગારીનું મહત્ત્વનું સાધન ગણાવી 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને મજબૂત બનાવવા સાથેસાથે સ્વચ્છતા જાળવવા, ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને બાળકો તથા વડીલોનું ખાસ ધ્યાન રાખવા મેળાના મુલાકાતીઓને અપીલ કરી હતી.

### લોકમેળા-૨૦૨૬નું નામ સૂચવનારા અજયભાઈ કુકડીયાનું સન્માન : પ્રથમ દિવસે નેવી બેન્ડના ધમાકેદાર પર્ફોર્મન્સ સાથે સમગ્ર મેળાનો માહોલ દેશભક્તિમય બન્યો

લોકમેળાના ઉદઘાટન પ્રસંગે મહાનુભાવો અને નાગરિકોનું સ્વાગત કરતાં રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શનથી મેળાનું ઉદ્ઘાટન રાજકોટ મહાનગરપાલિકાના સફાઈકર્મી બહેન દ્વારા કરવામાં આવ્યું છે. આ વર્ષે લોકમેળામાં લોકોની સુખાકારી તેમજ સલામતી માટે પીવાના પાણીની વ્યવસ્થા, કાયદો વ્યવસ્થા માટે મોટા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત, ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સ, મેડિકલ ટીમ, ભીડ વ્યવસ્થા તથા સર્વેલન્સ માટે રિયલ ટાઈમ એ.આઈ. બેઝ્ડ ક્રાઉડ મેનેજમેન્ટ માટે ડ્રોન સહિતની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળાની મુલાકાતે આવતા નાગરિકોની સલામતી અંગે લેવાયેલા પગલાં વિશે વિગતવાર માહિતી આપતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, મેળામાં આ વર્ષે ડેડિકેટેડ ડિઝાસ્ટર કોરિડોર, બે નવા ડિઝાસ્ટર રૂટ, સેન્ટ્રલ કંટ્રોલ રૂમ અને બાઈક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત ૧૫૦ ફાયર જવાનો તૈનાત રહેશે અને રૂ. ૧૦ કરોડનો લાયેબિલિટી ઈન્સ્યોરન્સ પણ લેવાયો છે. સ્વચ્છતા જાળવવા ૨૯૦ સફાઈ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં રાઉન્ડ ધ ક્લોક કામ કરશે તેમજ મેળો પૂર્ણ થયા બાદ પણ તા. ૭ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ૧૨૦ કર્મચારીઓ સમગ્ર ગ્રાઉન્ડની સઘન સફાઈ કરશે. આ સાથે જ કલેક્ટરશ્રીએ મેળાની મુલાકાતે આવતા નાગરિકોને સ્વચ્છતા જાળવવા અને ડિઝાસ્ટર રૂટ પર સાવધાની રાખવા અનુરોધ કર્યો હતો. આ તકે કલેક્ટરશ્રી વર્ષ ૧૯૮૩થી વર્ષ ૨૦૨૬ સુધીની રાજકોટના લોકમેળાની યાત્રા વર્ણવી હતી.

કલેક્ટરશ્રીએ ઉમેર્યું હતું કે, લોકમેળાની આવકમાંથી ૨૫ ટકા રકમ મુખ્યમંત્રી રાહતફંડમાં આપવામાં આવે છે, જે અંતર્ગત છેલ્લા ૨૦ વર્ષમાં અંદાજે રૂ. ૫.૬૬ કરોડથી વધુની રકમ રાહતફંડમાં જમા કરાવવામાં આવી છે. કલેક્ટરશ્રી લોકમેળાનો ઉત્સાહભેર આનંદ માણવા નાગરિકોને નિમંત્રણ પાઠવ્યું હતું.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર આયોજિત લોકમેળાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં આ વર્ષે લોકમેળાનું નામ 'વિરાસતથી વિકાસ-૨૦૨૬' સૂચવનારા શ્રી અજયભાઈ રતિભાઈ કુકડીયાને પ્રશસ્તિ પત્ર આપીને તેમનું સન્માન કરાયું હતું. નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. એચ. બારોટે શાબ્દિક સ્વાગત કરતા આ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. નોંધનીય છે કે આ કાર્યક્રમમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર નેવી બેન્ડ પર્ફોર્મન્સ હતું, જેના કારણે સમગ્ર માહોલમાં દેશભક્તિનો નાદ ગુંજ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ લોકમેળાના ઉદ્ઘાટન બાદ મહાનુભાવો દ્વારા 'શ્રાવણ ઉત્સવ' મેળાનો આરંભ કરાયો હતો. આ મેળો મહિલા કારીગરોની કલાને પ્રોત્સાહન આપવા માટે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી સામતભાઈ બાંભવા, ડેપ્યુટી મેયર શ્રી દક્ષાબેન વસાણી, ઈન્ડિયન નેવી કેપ્ટન શ્રી શ્રીજીત નાયર, ડી.સી.પી. શ્રી જગદીશ બાંગરવા અને શ્રી રાકેશ દેસાઈ, પૂર્વ સાંસદ શ્રી રામભાઈ મોકરીયા સહિત અગ્રણીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ફેસબુક મારફત ખોટી જાહેરાત આપી છેતરપિંડી

## CRPFના નિવૃત આસિસ્ટન્ટ કમાન્ડન્ટની ખોટી ઓળખ આપી સસ્તામાં ફર્નિચર વેચવાનું કહી રૂ.૧૨,૦૦૦ પડાવ્યા, આરોપીની ધરપકડ



રાજકોટ:સાયબર અપરાધીઓ કોઈને કોઈ રીતે પોતાની જાળમાં લોકોને ફસાવી છેતરપિંડી આચરી રૂપિયા પડાવતા હોય છે, જેમાં દર વખતે નવી મોડેસ ઓપરેન્ડી આચરતા સાયબર ગઠિયાઓએ ફરી જૂની મોડેસ ઓપરેન્ડી શરૂ કરી CRPFના નિવૃત આસિસ્ટન્ટ કમાન્ડન્ટની ઓળખ આપી યુનિફોર્મ વાળો પ્રોફાઈલ પિક્ચર રાખી પોતે બદલી થતા હવે તેમને પોતાનું ફર્નિચર પરત સાથે લઇ ન જવાનું કહી વેચવા માટે જાહેરાત કરી બાદમાં રાજકોટના અરજદાર પાસેથી રૂપિયા ૧૨,૦૦૦ પડાવી લીધા હતા. જો કે આ પછી ફોન બંધ કરી દેતા અરજદારે પોતે છેતરાયા હોવાની જાણ થતા પોલીસમાં ફરિયાદ નોંધાવતા રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઈમ પોલીસ રાજસ્થાન ખાતેથી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ રવિ ગોધમે જણાવ્યું હતું કે, રાજકોટના એક અરજદારને ફેસબુક મારફત એક વ્યક્તિનો સંપર્ક થયો હતો જેને પોતે CRPFના નિવૃત આસીસ્ટંટ કમાન્ડન્ટ તરીકે ઓળખ આપી પોતાનું નામ સંતોષ કુમાર હોવાનું જણાવ્યું હતું. ફરિયાદી સાથે વાતચીત કરતા પોતે બદલી થતા હવે જૂનું ફર્નિચર સાથે લઇ ન જવું હોવાથી સસ્તા ભાવે વેચી દેવું છે તેમ કહી લાલચ આપી હતી.

ફરિયાદીને ફર્નિચરના ફોટા મોકલી બાદમાં રૂપિયા ૧૨,૦૦૦માં સોદો નક્કી કર્યો હતો. જેના રૂપિયા આવી ગયા બાદ મોબાઈલ ફોન બંધ કરી દેતા ફરિયાદી પોતે છેતરાયા હોવાની જાણથતા તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતા ટેક્નિકલ સોર્સીસના આધારે આરોપી નુરદીન અસલુપ મેવની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ તપાસમાં આરોપી પોતે મૂળ રાજસ્થાનના ડિગ તાલુકાના પીન્સુ ગામનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે અને આ વિસ્તારમાં મોટા ભાગે સાયબર ગઠિયાઓ વસવાટ કરતા હોવાનું પોલીસના ધ્યાને આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી તેમના ટેક્નિકલ સાહિત્ય કબ્જે કરી બેન્ક ડિટેઈલ મેળવી ટેક્નિકલ સોર્સીસ આધારે તપાસ હાથ ધરવામાં આવી છે અને આજ રોજ તેમના પોલીએ રિમાન્ડ પૂર્ણ થતા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પીઆઇ રવિ ગોધમએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિફોર્મ ધારક સિવિલ સર્વિસીસના માણસો ઉપર લોકો વધુ ભરોસો કરતા હોય છે માટે આ આરોપીઓ ફેસબુક પર OLX માધ્યમથી સરકારી અધિકારીઓ અંગે માહિતી મેળવી તેમનો ડેટા ચોરી ખોટી રીતે ઉપયોગ કરી લોકોને વિશ્વાસમાં લેવા ફર્નિચર, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ સહિત અલગ અલગ ચીજ વસ્તુઓ ઓછી કિંમતમાં વેચવાના બહાને લોકોને શિકાર બનાવી તેમની પાસેથી રૂપિયા પડાવી છેતરપિંડી આચરતા હોય છે માટે આવા લોકોથી જાગૃત થઇ કોઈ પણના ખાતામાં જલ્દીથી વિશ્વાસ કરી ખરાઈ કર્યા વગર બિનજરૂરી ટ્રાન્ઝેક્શન કરવા જોઈએ નહિ.

# બોર્ડના પેપર ચકાસણીમાં ભૂલ બદલ રાજકોટના ૩૦ શિક્ષકને દંડ ફટકારાયો

રાજકોટ:ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ અને ૧૨ની ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની મુખ્ય પરીક્ષાની ઉત્તરવહી તપાસમાં રાજકોટના ૩૦થી વધુ શિક્ષકોની ગંભીર ભૂલો સામે આવી છે.માર્ક્સ આપવામાં અને ગણતરીમાં થયેલી આ ક્ષતિઓ બદલ શિક્ષણ બોર્ડે કડક વલણ અપનાવી રાજકોટના આ શિક્ષકોને રૂ.૧થી ૫ હજાર સુધીનો દંડ ફટકાર્યો છે. આ ભૂલ અંગે જ્યારે બોર્ડે શિક્ષકોનો ખુલાસો પૂછ્યો ત્યારે શિક્ષકોએ 'ઉતાવળમાં ભૂલ થઈ ગઈ, સરવાળા વખતે ધ્યાન ન રહ્યું' જેવી બાબતો કહી હોવાનું જાણવા મળ્યું છે.

બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓની એક-એક ભૂલ પકડીને માર્ક્સ કાપતા શિક્ષકો પોતે જ પેપર તપાસવામાં મોટી ભૂલો કરી બેઠા છે. ધો.૧૦ અને ૧૨ની ઉત્તરવહી તપાસણી દરમિયાન અનેક ચોંકાવનારી ક્ષતિઓ સામે આવી છે.ક્યાંક વિદ્યાર્થીએ લખેલા સાચા જવાબના માર્ક્સ મૂકવાના જ રહી ગયા હતા. તો વળી ક્યાંક ઉત્તરવહીના મુખ્ય પેજ પર માર્ક્સની ગણતરી અને સરવાળો કરવામાં ગંભીર ભૂલ થઈ હતી. તપાસ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લાના ધોરણ ૧૦ અને ૧૨ના આશરે ૩૦ જેટલા શિક્ષકો આ પ્રકારની ભૂલો કરતા ઝડપાઈ ગયા હતા.

બોર્ડની પરીક્ષામાં શિક્ષકોની પેપર તપાસણીની ભૂલ માત્ર વિદ્યાર્થીની અરજીથી જ નહીં, પરંતુ બોર્ડની પોતાની કડક સિસ્ટમ દ્વારા પણ પકડાય છે. જ્યારે શિક્ષણ બોર્ડ વિદ્યાર્થીઓનું અંતિમ પરિણામ તૈયાર કરે છે, ત્યારે સ્ક્રૂટિનીમાં ગુણની મોટી વિસંગતતા તરત જ પકડાઈ જાય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ તેજસ્વી વિદ્યાર્થીને મોટાભાગના તમામ વિષયમાં ૮૦થી ૯૦ માર્ક્સ હોય અને અચાનક એકાદ વિષયમાં માત્ર ૫૦ માર્ક્સ આવે, ત્યારે પરિણામ રોકીને તે ૫૦ માર્ક્સવાળા વિષયની ઉત્તરવહી ખાસ ફરીથી તપાસવામાં આવે છે. આ રિ-વેરિફિકેશન દરમિયાન મોટાભાગે અંદર સાચા જવાબોના માર્ક્સ મૂકવાના રહી ગયા હોવાનું કે પછી મુખ્ય પેજ પર સરવાળામાં ગરબડ થઈ હોવાનું તરત જ સામે આવી જાય છે. આ ઉપરાંત, પેપર ચેકિંગ સેન્ટર પર પણ એક જ ઉત્તરવહી ચીફ મોડરેટર અને જુદા જુદા ઉચ્ચ અધિકારીઓ દ્વારા રેન્ડમલી ક્રોસ ચેક થતી હોય છે. આ મલ્ટિ-લેવલ સ્ક્રૂટિનીના કારણે શિક્ષકોની આવી બેદરકારી આસાનીથી પકડાઈ જાય છે.

પેપર ચેકિંગ દરમિયાન થયેલી ક્ષતિઓ સામે આવ્યા બાદ જ્યારે શિક્ષકોની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે અજીબોગરીબ ખુલાસા કર્યા હતા. શિક્ષકોએ પોતાની ભૂલ સ્વીકારતા બોર્ડ સમક્ષ જણાવ્યું હતું કે, 'માર્ક્સ લખવાના રહી ગયા', 'ઉતાવળમાં નજર ચૂકી ગઈ', 'ચેક કરતી વખતે ધ્યાન ન રહ્યું', 'સરવાળો કરતી વખતે ભૂલ થઈ ગઈ', 'માર્ક લખતી વખતે કોલમ બદલાઈ ગઈ'

# રિક્ષામાં ઉલટીનું નાટક કરી ચોરી કરતી ગેંગનો સાગરીત દબોચાયો

રાજકોટ:કુવાડવા રોડ સ્થિત રણછોડદાસજી આશ્રમ પાસેથી પસાર થતી રીક્ષામાં બેઠેલા વાંસજાળીયા ગામના પ્રૌઢ મહેન્દ્રભાઈ મકવાણા પોતાની દીકરીને નવું લેપટોપ અપાવવા માટે ૫૦ હજાર રોકડા લઈને નીકળ્યા હતા. મુસાફરી દરમિયાન સાથે બેઠેલા ગઠિયાઓએ ઉલટી-ઉબકાનું નાટક રચીને પ્રૌઢનું ધ્યાન ભટકાવી તેમના ખિસ્સામાંથી પચાસ હજારની રોકડ સેરવી લીધી હતી અને સામાન પડી ગયાનું બહાનું બનાવી ભાગી છૂટ્યા હતા. આ મામલે બી ડિવિઝન પોલીસે સઘન તપાસ અને બાતમીના આધારે ગેંગના ૪૪ વર્ષીય સાગરીત ધનજી ઉર્ફે ધનો ગેડાણીને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી ૧.૨૫ લાખની સીએનજી રિક્ષા અને ૧૫ હજાર રોકડા મળી કુલ ૧.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે સંડોવાયેલા અન્ય બે સાથીદારો મોહિત ચૌહાણ અને સંજય ચૌહાણની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ડમ્પરની ટક્કરે બાઈક સવાર દંપતીનું મોત

### બે સંતાનોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી:માળિયા (મી)ના નાના દહીસરાના પાટિયા પાસે અકસ્માત



મોરબી:માળિયા (મી)ના નાના દહીસરા ગામના પાટિયા પાસે એક અકસ્માત થયો હતો. ડમ્પરના ચાલકે બાઈક પર જઈ રહેલા દંપતીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પતિ-પત્ની બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જેથી બે સંતાનોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે.

મોરબીના નવલખી રોડ પર આવેલા રિદ્ધિ પાર્કમાં રહેતા રહીમ ઈશા ચિચોદરા અને તેમના પત્ની મેરુનબેન બાઇક પર મોરબીથી દરગાહે ગયા હતા. ત્યાંથી તેઓ મોરબી પરત ફરી રહ્યા હતા. પીપળીયા ચોકડીથી નાના દહીસરા ગામની વચ્ચે કોલસા ભરેલા ડમ્પરના ચાલકે રહીમભાઈના બાઈકને હડફેટે લીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે દંપતીને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મોત થયું હતું.

અકસ્માત બાદ બંનેના મૃતદેહને મોરબીની સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મૃતક રહીમના ભાઈ અબ્બાસ ચિચોદરાએ માળિયા મીયાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ડમ્પરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે. આ દુર્ઘટનાને કારણે બે સંતાનોએ તેમના માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે.

# ગેસ મોંઘો થતાં મોરબીના સિરામિક ઉદ્યોગનું ગણિત ખોરવાયું, નફાના નાણાકીય લાભ પર સીધી અસર

મોરબી:મોરબીના સિરામિક ઉદ્યોગ માટે એક તરફ નિકાસની મુશ્કેલીઓ હળવી થતી નથી ત્યાં બીજી તરફ ઉત્પાદનનો સૌથી મહત્વનો ખર્ચ ગણાતા ગેસના ભાવમાં થયેલા વધારાએ ઉદ્યોગકારોની ચિંતા વધારી છે.

સપ્ટેમ્બરથી નેચરલ ગેસના ભાવમાં પ્રતિ ક્યુબિક મીટરે રૂ.૬નો વધારો થતાં વેટ-ટેક્સ સહિત તેનો ભાવ રૂ.૧૦૦ની આસપાસ પહોંચી ગયો છે. બીજી તરફ સિરામિક કિલન માટે વપરાતા પ્રોપેનનો મોરબી પહોંચનો ભાવ પણ રૂ.૯૧.૫૫ થયો છે. ગેસના બંને મુખ્ય વિકલ્પો મોંઘા થતાં ટાઈલ્સના ઉત્પાદન ખર્ચ પર સીધી અસર થવાની સ્થિતિ સર્જાઈ છે.હાલ મોરબીનો સિરામિક ઉદ્યોગ એકસાથે અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. મુંદ્રા પોર્ટ પર ખાલી કન્ટેનરની તંગી અને ઉદ્યોગકારોની હડતાળને કારણે નિકાસને અસર થવાની ચિંતા છે. બીજી તરફ વૈશ્વિક ભૌગોલિક તણાવને પગલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજોની અવરજવરમાં અનિયમિતતા સર્જાઈ હોવાની સ્થિતિ વચ્ચે ગેસના પુરવઠા અને આયાત ખર્ચની અસર સ્થાનિક ભાવ ઉપર પડી રહી છે.

મોરબીના સિરામિક ઉદ્યોગ માટે નિકાસ બજાર મહત્વનું છે, પરંતુ હાલમાં ઉત્પાદન ખર્ચ ઉપરાંત કન્ટેનરની ઉપલબ્ધતા, શિપિંગ અને ફ્રેઈટ ખર્ચ પણ ઉદ્યોગકારોની સ્પર્ધાત્મકતા નક્કી કરી રહ્યા છે.

એપ્રિલ-જૂન ૨૦૨૬ દરમિયાન મોરબીના સિરામિક એક્સપોર્ટમાં વાર્ષિક ધોરણે આશરે ૭૦ ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું આંકડા દર્શાવે છે. એપ્રિલ-જૂન ૨૦૨૫માં આશરે રૂ.૫,૨૦૦ કરોડની નિકાસ સામે ૨૦૨૬ના સમાન સમયગાળામાં આ આંકડો આશરે રૂ.૧,૭૦૦ કરોડ રહ્યો હતો.

આ સ્થિતિમાં ગેસનો વધેલો ખર્ચ નિકાસકારો માટે વધુ પડકારરૂપ બન્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ટાઈલ્સની વેચાણ કિંમતમાં તાત્કાલિક વધારો કરવો સરળ નથી. ચીન સહિતના દેશોના ઉત્પાદકો સાથે ભાવની સ્પર્ધા વચ્ચે ભારતીય ટાઈલ્સની કિંમત વધારવાથી ઓર્ડર ઉપર અસર થવાની શક્યતા રહે છે. બીજી તરફ ઉત્પાદન ખર્ચ યથાવત્ રાખવો શક્ય ન હોવાથી નિકાસકારોના માર્જિન ઉપર દબાણ વધે છે.

સિરામિક ટાઈલ્સના ઉત્પાદન માટે કિલન ચલાવવામાં ગેસ મુખ્ય બળતણ છે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ ટાઈલ્સના કુલ ઉત્પાદન ખર્ચમાં ગેસનો હિસ્સો આશરે ૪૦ ટકા સુધી હોય છે. એટલે ગેસના ભાવમાં રૂ.૬નો વધારો માત્ર ઈંધણ પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ કાચો માલ, ગ્લેઝ, વીજળી, મજૂરી, પેકિંગ અને પરિવહન સાથે મળીને તૈયાર થતી સમગ્ર કોસ્ટિંગને અસર કરે છે.

ગેસના ભાવ વધતા પ્રતિ બોક્સ ટાઈલ્સ પાછળનો ઉત્પાદન ખર્ચ પણ વધવાની શક્યતા છે. જોકે વધેલો ખર્ચ તરત જ ગ્રાહક કે બજાર ઉપર નાખી શકાય તેવી સ્થિતિ નથી. ઘરેલું બજારમાં ભાવની સ્પર્ધા તીવ્ર છે અને ડીલર-ડિસ્ટ્રિબ્યુટરનું માર્જિન પણ મર્યાદિત છે. તેથી ગેસના વધેલા ખર્ચનો પ્રથમ ફટકો ઉત્પાદકના નફાના માર્જિન પર પડે તેવી સ્થિતિ છે.

નિકાસમાં મુશ્કેલી ઊભી થાય ત્યારે મોરબીનો કેટલોક જથ્થો ઘરેલું બજારમાં ડાયવર્ટ થાય છે. અગાઉ નિકાસમાં મુશ્કેલીના સમયમાં આશરે ૫થી ૧૦ ટકા જેટલો નિકાસ જથ્થો ડોમેસ્ટિક માર્કેટમાં વળ્યો હતો. પરિણામે સ્થાનિક બજારમાં માલની ઉપલબ્ધતા વધતાં ભાવ ઉપર દબાણ આવ્યું હતું.

હવે બીજી તરફ ગેસ મોંઘો થવાથી ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ઉત્પાદકો સામે ભાવ વધારવો કે નફાનું માર્જિન ઘટાડીને બજારનો હિસ્સો જાળવી રાખવો તેવો સવાલ ઊભો થયો છે. એટલે મોરબીના સિરામિક ઉદ્યોગ માટે હાલ ગેસનો ભાવ માત્ર ઈંધણનો ખર્ચ નહીં, પરંતુ ઉત્પાદન, નિકાસ અને ઘરેલું બજાર—ત્રણેય મોરચે અસર કરતો મુખ્ય મુદ્દો બન્યો છે.

# ફ્લેટમાં ચાલતી જુગાર કલબમાં દરોડો

### વેપારી, ટ્રાવેલ્સ-વિડીયોગ્રાફીના ધંધાર્થી ઝડપાયા

રાજકોટ:રૈયાધાર મેઈન રોડ પર આવેલા સનસસિટી એપાર્ટમેન્ટમાં આઠમા માળે આવેલા ફ્લેટમાં ચાલતી જુગાર કલબમાં યુની. પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને ઝડપી પટમાંથી રોકડ રૂપિયા ૧૪,૫૦૦ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની વિગતો મુજબ, યુની. પોલીસ મથકના પીઆઈ કે. કે.ગોહિલની રાહબરીમાં પીએસઆઇ આઈ.એ. બેલીમ, હેડ કોન્સ્ટેબલ કીર્તેશભાઈ જરીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી હકીકતના આધારે રૈયાધાર મેઈન રોડ પર સનસિટી એપાર્ટમેન્ટ એ વીંગ આઠમાં માળે ફ્લેટ નંબર ૮૦૪ માં દરોડો પાડ્યો હતો પોલીસે અહીં જુગાર રમતા પાંચ શખસોને ઝડપી લીધા હતા.

જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં જાહીદ કાસમ પઠાણ (રહે. બજરંગવાડી), હર્ષદ જીગ્નેશ રાવલ (રહે પેલેસ રોડ, વર્ધમાન નગર ૪), ખોડીદાસ ભરત પરમાર (રહે. કુંભારવાડા શેરી નંબર ૧૨, કેનાલ રોડ), મોહિત રમેશ કક્કડ ( રહે. સત્યમ રીવર વ્યુ ૮૦ ફૂટ રોડ) અને અપૂર્વ અતુલ હિરાણી (રહે. લોહાણાપરા મેઈન રોડ, મોચી બજાર)નો સમાવેશ થાય છે.પોલીસે જણાવ્યું હતું કે આ ફ્લેટ આ શખ્સોના મિત્રોનો હોય તેઓ જુગારની મહેફિલ માંડીને બેઠા હતા. ઝડપાયેલા શખસો પૈકી હર્ષદ રાવલ ટ્રાવેલ્સનો ધંધાર્થી છે, જ્યારે અપૂર્વ હીરાણી વેપારી અને મોહિત કક્કડ વિડીયોગ્રાફીનો વ્યવસાય કરતો હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૧૪,૫૦૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.